

આપણો માંદો સમાજ



: લેખક :

શ્રી સૂર્યકાન્ત શાહ

: પ્રકાશક :

સત્યશોધક સભા, અભિનવ પાર્ક,
ઘોડદોડ રોડ, સુરત-૩૯૫ ૦૦૧.

♦જોડણી♦

આ 'ઈ.બુક'માં માત્ર એક જ 'ઈ'–'ઉ' વાપર્યા છે.

VISIT…

LANZAROTE
Caliente.com

આપણો માંદો સમાજ

●કીમ્મત : રુપીયા 30/-●

●લેખક●

પ્રા. સુર્યકાન્ત શાહ

17, ગાયત્રી ગંગા નગર, મકનજી પાર્ક પાસે,

અડાજણ, સુરત–395009

મોબાઈલ : 9879365173

●પ્રકાશક●

‘સત્યશોધક સભા’

C/o શ્રી શં. ફ. અગ્રવાલ ટ્રસ્ટ

8/1308, રંગીલદાસ મહેતાની શેરી

સુરત – 395 001

●મુદ્રક●

શ્રી શં. ફ. અગ્રવાલ ટ્રસ્ટ

8/1308, રંગીલદાસ મહેતાની શેરી

ગોપીપુરા, સુરત – 395 001

eBook : ‘AapaNo Maando Samaaj’

By Prof. Suryakant Shah

●લેખક●

પ્રા. સુર્યકાન્ત શાહ

17, ગાયત્રી ગંગા નગર, મકનજી પાર્ક પાસે,

અડાજણ, સુરત–395009 મોબાઈલ : 9879365173

●મુલ્ય : તદ્દન મફત●

♦ઈ.બુક પ્રકાશક♦

મણી મારુ,

405, સરગમ એપાર્ટમેન્ટ, કૃષી યુનીવર્સીટી સામે, નવસારી.

પોસ્ટ : એરુ એ. સી.–396450 સેલફોન : 9537 88 00 66

ઈ.મેઈલ : govindmaru@gmail.com

♦ઈ.બુક અક્ષરાંકન♦

ગોવીન્દ મારુ

‘અભીવ્યક્તી’ બ્લૉગ : https://govindmaru.com/

સેલફોન : 9537 88 00 66 ઈ.મેઈલ : govindmaru@gmail.com

માંદા સમાજને

તન્દુરસ્ત બનાવવા માટે…

–સુર્યકાન્ત શાહ

‘સત્યશોધક સભા’, સુરતના ‘રમણભ્રમણ સુવર્ણચન્દ્રક’થી આભુષીત ગોવીન્દ મારુ, બદલાતાં વહેણમાં રૅશનાલીઝમ પ્રસરતું રહે તે માટે અથાક મહેનત કરે છે. ‘રૅશનાલીઝમ’, એ આજની તો ખરી જ; પરન્તુ આવતીકાલની અચુક સાર્વત્રીક ‘જીવનરીતી’ બનવાની છે. એ માટે, લોકો જેનો વધારે ને વધારે ઉપયોગ કરે છે તે, ઈન્ટરનેટી સાધન અને માધ્યમનો રૅશનાલીસ્ટોએ પણ ઉપયોગ કરવો જોઈએ. એ માટે આંગળી ચીંધ્યાનું ‘રૅશનલકાર્ય’ ગોવીન્દભાઈ કરી રહ્યા છે. જેમના લોહીના બુંદેબુંદમાં રૅશનાલીઝમ છે તે, મધુભાઈ

કાકડીયા જવાંમર્દ પણ છે. વહેમ, અન્ધશ્રદ્ધા અને લેભાગુઓના, પ્રજાને રંજાડતા ધન્ધા કરનારાઓને ખુલ્લા પાડવા માટે તેઓ, કેટલી વાર તો અમારી ‘ના’ છતાં; જીવસટોસટના સાહસ કરે છે. આવું જ એક સાહસ એમણે ‘સત્યશોધક સભા’ના કાર્યકરમીત્રો અને પોતાના મીત્રો સાથે કરેલું. એ સાહસને મેં ‘આપણો માંદો સમાજ’ પુસ્તીકામાં, શબ્દો દ્વારા પ્રકાશીત કર્યું. આ પુસ્તીકામાં પ્રતીતીકારક પુરાવાઓ સાથે દર્શાવાયું છે કે, આપણો સમાજ, ‘શારીરીક’ કરતાં વધારે તો ‘માનસીક દૃષ્ટીએ માંદો’ છે. આ માંદગીને, સમાજના એક મોટાભાગે સહજ રીતે સ્વીકારી છે અને વાજબી ઠેરવી છે. આથી આ પુસ્તીકા સમાજના એવા બહુમતી વર્ગને લાલબત્તી ધરે છે કે, જે કંઈ ચીહ્નો દેખાય છે તે ‘માંદગી’નાં છે.

ભાઈ ગોવીન્દ મારુનો ખુબ વંચાતો ‘અભીવ્યક્તી’ બ્લૉગ, એક એવો બ્લૉગ છે જે કેવળ, માત્ર અને ફક્ત રૅશનાલીઝમને જ વરેલો છે. દુનીયાભરમાં કદાચ ગુજરાતી ભાષાનો આ એક જ બ્લૉગ છે. તે દર અઠવાડીયે વાચકો સમક્ષ નવાનવા લેખો મુકી વાચકોને વાકેફ કરી જાગ્રત કરે છે. દેશ–વીદેશમાં પથરાયેલા પાંચ કરોડ ગુજરાતીઓ માટે આવા ઓછામાં ઓછા પચાસ બ્લૉગ હોવા જોઈએ. એ નથી તે જ બતાવે છે કે ‘આપણો સમાજ માંદો છે.’ આ ક્ષેત્રે ગોવીન્દ મારુ એકલવીર છે. તેઓ રૅશનલ સાહીત્યને શોધતા જ હોય છે. એમના માપદંડ પ્રમાણે જે વધારે અસરકારક રીતે રૅશનાલીઝમને આગળ લઈ જતું સાહીત્ય લાગે, તેને તેઓ

એમના બ્લૉગમાં પ્રગટ કરે છે. એમની નજર ‘આપણો માંદો સમાજ’ પુસ્તીકા પર પડી. આથી એનાં, બધાં પ્રકરણોને, દર મહીને એક પછી એક, એમના ‘અભીવ્યક્તી’ બ્લૉગમાં પ્રકાશીત કર્યાં. ઘણા વાચકોએ તે સઘળું વાંચ્યું. કેટલાક વાચકોએ એમના પ્રતીભાવો પણ આપ્યા.

હવે આ આખી પુસ્તીકાને કોઈ પણ વ્યક્તી એ ઈચ્છે ત્યારે વાંચી શકે અને જરુરીયાતમંદ વ્યક્તીને વીના મુલ્યે આપી શકે, તે માટે એનું ‘ઈ.પુસ્તક’ ગોવીન્દભાઈ બનાવી રહ્યા છે. આ જાણીને ‘સત્યશોધક સભા’ના અમ સૌ કાર્યકરોને, મધુભાઈ કાકડીયા અને મને આનન્દ થાય જ. અમને એ સન્તોષ મળશે કે અમારા પ્રયત્નો થકી, રૅશનાલીઝમના પ્રચાર–

પ્રસારમાં અમે પણ, ગોવીન્દભાઈ મારફતે અંજલી સ્વરુપ ફાળો આપ્યો. આ સન્દર્ભે હું એમના આ પ્રકાશનને આવકારું છું.



સુર્યકાન્ત શાહ

17, ગાયત્રી ગંગા નગર, મકનજી પાર્ક પાસે,

અડાજણ, સુરત – 395 009

સેલફોન : 98793 65173

ઈ.મેઈલ : suryasshah@yahoo.co.in

તારીખ : 02-02-2020



મા–બાપને સ્મરણાંજલી




મા–બાપને ખરી સ્મરણાંજલી આપવી એ કઠીન કામ છે. ઈશ્વરનું સ્મરણ નહીં કરનારાઓ માટે પણ મા–બાપનું સ્મરણ આવશ્યક બને છે; પરન્તુ માતા–પીતાના ફોટાને પુજનારાઓ ઘણીવાર તેની વાસ્તવીક સેવા કરવાનું ભુલી જતા હોય છે. પોતાનું સર્વસ્વ ત્યાગીને સન્તાનોની સેવા કરતાં મા–બાપને ઉમ્મર થતાં સન્તાનો પાસેથી ઓટલા અને રોટલા માટેની ભીખ માંગવી પડે તે આજના સમાજની કરુણ વાસ્તવીકતા છે.

કાઠીયાવાડમાં ખારાપાટના ચલાલા ગામમાં અમારા પીતાજી શ્રી. રામભાઈ ગોકળભાઈ કાકડીયા વડીલોના સમયથી વસવાટ કરતા. કુદરતી

દુષ્કાળોની થાપટ વચ્ચે ફક્ત મામુલી ખેત–પેદાશ પર રહીને વીશાળ કુટુમ્બ વચ્ચે જીવન જીવ્યા. કાઠીઓ અને ગુંડાઓના આતંકવાદ સામે ઝઝુમીને ‘કુહાડીવાળા’ના ઉપનામ સાથે બહાદુરીભર્યું જીવન પસાર કર્યું.

સર્વ શુભ ઉપમાલાયક અમારા માતુશ્રી મણીબહેન અત્યન્ત પ્રેમાળ અને કોઈને ભારરુપ ન બને તેવી કાળજી રાખનારા, વીશાળ કુટુમ્બને એક તાંતણે બાંધી રાખનારા, અભણ છતાં સમજદાર. અન્ધશ્રદ્ધાના વાતાવરણમાં ઉછરીને પણ એક રૅશનાલીસ્ટની સમજદારી ધરાવે છે.

આવાં અમારા માતા–પીતાને સ્મરણાંજલી આપતા અમે ગૌરવની લાગણી અનુભવીએ છીએ.

મધુભાઈ રામભાઈ કાકડીયા

136–અમ્બીકા નગર સોસાયટી

કતારગામ રોડ, સુરત–395 004

સેલફોન નમ્બર : 98255 32234

મારો અનુભવ



મધુભાઈ કાકડીયા

આપણા ભારતીય સમાજમાં ઘણી જાતના ભ્રષ્ટાચાર ચાલે છે, જેમાં ધર્મને નામે અધર્મ થાય છે ત્યાં સૌથી મોટો ભ્રષ્ટાચાર ઉદ્‌ભવે છે. બીજી જાતના ભ્રષ્ટાચારોમાં દરેકનું કામ થાય છે, જ્યારે ધર્મને નામે થતા ભ્રષ્ટાચારમાં અન્ધશ્રદ્ધાનું તત્ત્વ હોવાથી ફક્ત છેતરપીંડી કરનારનું જ કામ થાય છે.

‘સત્યશોધક સભા’ના સહમન્ત્રી હોવાને નાતે મારે સહ–કાર્યકરો સાથે ઘણીવાર અન્ધશ્રદ્ધાને રળનાર સામે પર્દાફાશ કરવાની અને લોક સમક્ષ

રજુ કરવાની ફરજ પડે છે. દુનીયામાં રૅશનાલીસ્ટોની સંખ્યા કદાચ 15 ટકાથી પણ ઓછી હશે. ગરીબ અને અભણ માણસો અન્ધશ્રદ્ધાના શરણે જાય છે ત્યારે હદ થઈજાય છે, જેમાં સાબીતી રુપે એમને એક તાન્ત્રીકના ‘કેસ રજીસ્ટર’ જેવા ચાર વીગતવાર દળદાર મોટા ચોપડા મળ્યા હતા. આ ખાસ મોટી ઉપલબ્ધી ગણાય; કારણ કે લોકો સમક્ષ અન્ધશ્રદ્ધાનો પડદો ખસેડવા આવા પુરાવા ખાસ ઉપયોગી બને છે.

કોટસફીલ રોડ, સુરતના એક ભાઈએ ઉપરોક્ત તાન્ત્રીક વીશે મને ફરીયાદ કરતા જણાવેલું કે એક કુંવારી મહીલાનું આ તાન્ત્રીકે જાતીય શોષણ કરેલું અને વાત આપઘાત સુધી પહોંચી ગયેલી. તેનો પર્દાફાશ કરવા તેણે એમને જણાવેલું. અમે ‘સત્યશોધક સભા’ના સભ્યો જેમાં હું, મન્ત્રીશ્રી સીદ્ધાર્થ દેગામી, સભ્યશ્રી ખીમજીભાઈ કચ્છી, ગુણવંતભાઈ ચૌધરી, જગદીશ વક્તાણા,

બેરોઝબહેન દારુવાલા, પરેશ લાઠીયા, મહેશભાઈ જોગાણી તથા ‘ઈન–ચેનલ’ અને ‘આઈ–વીટનેસ ચેનલ’ના વીડીયોગ્રાફરો વગેરે તા. 10/09/2001ના રોજ આ તાન્ત્રીકને ત્યાં ગયેલા. એ સમયે ભગતના ઓરડામાં ઘણા માણસો હતા. ભગત એક રુપાળી બાઈ જોડે વાત કરતો હતો, અને ચોપડામાં એના વક્ષસ્થળનું ચીત્ર દોરતો હતો. તે મોટેભાગે જાતીય બાબતો અંગે સવાલો કરતો હતો. અમારી પૈકી સાથેના બેરોઝબહેને કે જે પોતે અપરીણીત છે; છતાં પોતાનો પતી દારુ પીએ છે તો તેને અટકાવવા ભગતને વીનન્તી કરી. ભગતે તેની વાત સાંભળીને બીજી તારીખ આપી. ત્યાર બાદ બેરોઝબહેન અમારી સાથે વાત કરતા હતા તેથી તે ઉડાઉ જવાબ આપવા લાગ્યો. ત્યારબાદ અમે ‘સત્યશોધક સભા’માંથી આવીએ છીએ તેમ જણાવતા તેના ચહેરાનો રંગ બદલાઈ ગયો હતો; છતાં તેણે અનેક ચમત્કારો કરી લોકોને સારા કરી દીધા જેવી વાતો

કરી. જ્યારે અમે તેના ચમત્કારવાળા ભક્તોના નામ–સરનામાની વીગતો માંગી ત્યારે તે પોતે છેતરપીંડી કરે છે તેમ સાબીત થત એણે આવી છેતરપીંડીની કબુલાત કરી. છેતરપીંડી સાથે બીજા ગોરખધન્ધા પણ બહાર પડતા તેણે બધું લેખીત કબુલાત કરી અને ભવીષ્યમાં આવું નહીં કે તેની ખાતરી પણ લખી આપી. ત્યાર પછી તો આ માણસે ખરેખર આ ધન્ધો છોડી દીધો, ઉલટાનું બીજાના પર્દાફાશના કેસોમાં 'સત્યશોધક સભા'ને મદદ કરવાનું પણ એણે જણાવેલ.

અહીં સવાલ એ થાય છે કે આવા એકાદ તાન્ત્રીક તેના ગોરખધન્ધા બન્ધ કરે તેથી શું લોકો સુધરી જવાના? લોકો તો ત્યારબાદ બીજા તાન્ત્રીકોને પકડે છે. જ્યાં આવા અસંખ્ય અન્ધશ્રદ્ધાળુઓ વસતા હોય ત્યાં તાન્ત્રીકો ઉભા થવાના જ. તાન્ત્રીકો પોતે પણ જાણે છે કે તે કશું ચમત્કારીક જાણતા નથી છતાં ગાડરીયો પ્રવાહ તેને

અચાનક મળી જ રહે છે. મફતમાં કમાણી તથા બીજા ફાયદા મળતા હોય તો ખોટી મહેનત–મજુરી કરવાની જરુર પણ ક્યાં રહી?

અમારા અભીયાનમાં જાણવા મુજબ દરેક કેસમાં આવા લોકો માનસીક, શારીરીક, આર્થીક, સામાજીક નૈતીક વગેરે ઘણી રીતે પાયમાલ થતા હોય છે; પરન્તુ આ કેસમાં ખાસ સાહીત્ય મળી આવતા અમારા ‘સત્યશોધક સભા’ના ઉપપ્રમુખ પ્રા. સુર્યકાન્ત શાહ દ્વારા ‘નવનીર્માણ’ દૈનીકમાં એક લેખમાળા પ્રસીદ્ધ થયેલી અને વાચકોના સારા પ્રતીભાવથી પ્રેરાઈને અમે તેને પુસ્તક રીતે હવે પ્રસીદ્ધ કરી. હવે તો આ પુસ્તીકાની ત્રીજી આવૃત્તી પ્રસીદ્ધ થઈ રહી છે. એ આનન્દની વાત છે. આ પુસ્તક માનસીક રોગોના એક સારા ડૉક્ટર તરીકેની ફરજ બજાવશે. જો લોકો તેને વાંચીને બરાબર સમજશે અને બીજાને

સમજાવશે તો આપણો વીશાળ વીશ્વસમાજ આ મહારોગમાંથી મુક્ત થશે. લાંબા ગાળે પણ જો આ પુસ્તકની સારી અસર થશે તો અમારી સમાજસેવા સાર્થક બનશે.

–મધુભાઈ રામભાઈ કાકડીયા



આવકાર

–ડૉ. બી. એ. પરીખ

જેમ વ્યક્તી સ્વસ્થ અને નીરોગી હોવી જોઈએ તેમ સમાજ પણ સ્વસ્થ અને નીરોગી હોય એ અત્યન્ત જરુરી છે. વ્યક્તીનું સ્વાસ્થ્ય કથળે છે. તે પ્રમાણે સમાજનું સ્વાસ્થ્ય પણ બગડે છે. સમાજ પણ માંદો પડે છે. તેની સારવાર કરવી પડે છે. આપણા દેશના પુરાણા ઈતીહાસનાં, પ્રાચીન સંસ્કૃતીનાં, વેદ–ઉપનીષદોના જ્ઞાન ડહાપણ અને પ્રજ્ઞા વગેરેના ગુણગાન ગાતા આપણે થાકતા નથી; પરન્તુ તટસ્થ રીતે જોઈએ તો આપણો ભારત દેશ ભાગ્યે જ ‘સ્વસ્થ’ અથવા ‘શાણો સમાજ’ (Sane Society) હતો અને છે.

આપણો દેશ જ્ઞાતીવાદ, નાત–જાતના ભેદ, અસ્પૃશ્યતા અને આભડછેટ, કર્મકાંડ અને વૈચારીક જડતા તેમ જ વહેમ–અન્ધશ્રદ્ધામાં સતત ગ્રસી

રહેલો છે. સતીનો રીવાજ, બાળલગ્નો, કેળવણીનો અભાવ, સાધુ–સ્વામીઓનો પ્રભાવ વગેરે આપણા સમાજનાં લક્ષણો હતા અને છે. રાજા રામમોહન રૉય, કવી નર્મદ, સ્વામી દયાનન્દ સરસ્વતી જેવા અનેક સમાજ સુધારકોના પ્રયાસો પછી આપણે જાગ્રત બન્યા છીએ; પરન્તુ આજે 21મી સદીમાં અંગ્રેજી કેળવણી, પરદેશો સાથે આંતરસમ્બન્ધો, વીજ્ઞાન અને ટૅકનોલૉજી, વીશાળ લોકશાહીનું સ્થાપન, ઔદ્યોગીકીકરણ અને શહેરી સમાજ અસ્તીત્વમાં આવ્યા છતાં માણસ રુઢીચુસ્ત, પરમ્પરાવાદી અને ધર્મના પ્રભાવ હેઠળ બન્ધીયાર માનસ ધરાવતો જ રહ્યો છે. સુરતની ‘સત્યશોધક સભા’ અને તેના જેવાં મંડળો ઠેર ઠેર સમાજ સુધારણા અને લોક કેળવણીના અભીયાનો ચલાવે છે. સમાજને અન્ધશ્રદ્ધામાં ડુબેલો રાખવાના પ્રયાસો કરતાં ‘સાધુ–પીર’ના કરતુતોને ખુલ્લાં કરે છે.

સુરતની ‘સત્યશોધક સભા’ના કાર્યકરો સર્વશ્રી મધુભાઈ કાકડીયા, સીદ્ધાર્થ દેગામી, જગદીશ વક્તાણા, ગુણવંત ચૌધરી, સુશ્રી બેરોઝબહેન દારુવાલા, અને સાથીઓએ ભગતથી ઓળખાતા એક સાધુને હીમ્મતથી આયોજન કરી રંગે હાથ પકડી પાડ્યો. તેની પાસે તેના કુકર્મોની કબુલાત કરાવી. આ ભગત તો પાકો ગઠીયો હતો. એના ‘શોષીત બકરા’ જેવા ગ્રાહોને લગતા ચોપડા પણ રાખેલા. આ માહીતીને લેખીત સ્વરુપ આપી સમાજ આગળ રજુ કરવાનું કામ ‘સત્યશોધક સભા’ના ઉપપ્રમુખ પ્રા. સુર્યકાન્ત શાહે કર્યું છે.

આજે લોકોમાં નૈતીક હીમ્મતનો પુરો અભાવ છે. તેમાં સ્થાપતીત હીતો ધરાવતા સ્વામીઓ સામે ખુલ્લી રીતે બહાર પડવું એ અત્યન્ત જોખમી કાર્ય છે. તેવા સંજોગોમાં પ્રા. સુર્યકાન્ત શાહે આ પુસ્તીકા લખવાની હીમ્મત કરી, તેઓએ ‘સત્યશોધક

સભા’ના કાર્યોને આગળ વધાર્યું છે તે માટે તેમને ધન્યવાદ.

આપણા દેશની ધાર્મીક અને નૈતીક ગન્દકીના સમુદ્રમાં આ પુસ્તકરુપી કાંકરો પડતાં નાનાં વમળો ઉપજશે. અન્ધશ્રદ્ધા, વહેમ–શોષણ, ભ્રષ્ટાચારના કીલ્લાને તો માત્ર ‘એક કાંકરો’ આજે ખેરવ્યો છે એને નષ્ટ કરી શકાય તે દીશામાં આ એક નાનું સરખું ‘કદમ’ છે. ભવીષ્યમાં આ કદમો અને આવાં અનેક કદમો એક સાથે આગળ વધે અને વીરાટ સ્વરુપ ધારણ કરે તેવી અપેક્ષા.

ડૉ. બી.એ. પરીખ

154–સર્જન સોસાયટી પાર્લે પોઈન્ટ,

સુરત – 395 007

સેલફોન : 9924125201

ઈ–મેઈલ : bhanuprasadparikh@yahoo.com



સમાજની બીમારીનું નીદાન

–જે. આર. કાકડીયા

‘આપણો માંદો સમાજ’ પુસ્તક રુપે પ્રગટ થઈ રહેલ છે તે જાણી આનન્દ થાય છે. અગાઉ તે ‘નવનીર્માણ’ દૈનીકમાં દર બુધવારે ‘સાદ : સલુણી સંધ્યાનો’ એ કૉલમમાં પ્રા. સુર્યકાન્ત શાહ દ્વારા તે પ્રગટ થયેલ છે. એમણે અલગ–અલગ દષ્ટીકોણથી માપીનેમાંદા સમાજનું નીદાન કરેલ છે.

આપણા માંદા સમાજમાં ફક્ત હીન્દુઓ જ નથી; પરન્તુ તેમાં સર્વ ધર્મના સભ્યો છે. સૌને ટુંકો સ્વાર્થ છે. તેથી અન્ધશ્રદ્ધા ફુલીફાલી છે. આ બીમારી વધુ પડતી માનસીક છે અને લોક અજ્ઞાનતાવશ અન્ધશ્રદ્ધાને શરણે જાય છે. તેમાં સારુ થવાની કોઈ ગેરંટી નથી; પરન્તુ કંઈક ખરાબ થવાની ખાતરી જરુર છે. જો કે આ વાત કે વીચાર

લોકોને ગળે ઉતરતો નથી અને તે દલદલમાં ફસાતા જાય છે.

ભગત–ભુવા કે તાન્ત્રીકોને લોકસેવાની જરા પણ પડી હોતી નથી. તેઓને પોતાનો સ્વાર્થ સાધવો છે. પોતે કશું જ જાણતા હોતા નથી; પણ લોકોને ધર્મ–ભગવાન દેવ–દેવીઓને નામે જરુરથી ઉલ્લું બનાવી શકાય તેમ છે તે તેઓ સારી રીતે જાણે છે. તેથી આ ક્ષેત્રમાં અંગુઠાછાપ વ્યક્તી પણ રાતોરાત મોટી અને મહાજ્ઞાની બની જાય છે! પોતાને કઈ રીતે તરવું તે જાણતા નથી; છતાં લોકોના તારણહાર બની જાય છે. વળી, અન્ધશ્રદ્ધાનું આ ક્ષેત્ર એટલું ફળદ્રુપ છે કે તમે કોઈ ડફોળ માણસને પણ રાતોરાત મહાન બનાવી શકો.

લોકોને જ્યારે શારીરીક તકલીફ પડે છે ત્યારે ડૉક્ટર પાસે જાય છે. ડૉક્ટર દવા આપે ત્યારે દરેકને તરત સારુ થઈ જાય એવું બનતું નથી. આવા લોકોને વધુ દવા–સારવાર લેવાની

હીમ્મત હોતી નથી. તેઓ ડૉક્ટરને પડતા મુકીને ભગત–ભુવા–તાન્ત્રીકો પાસે દોડી જાય છે. અસાધ્ય રોગો માટે આવું ખાસ બને છે. ભગત–ભુવા આ બાબતમાં ખરેખર કંઈ જાણતા નથી; પણ જાણતા હોવાનો ડોળ કરીને દાણા–ભભુતી વગેરે આપીને દર્દીને ભગવાન ભરોસે મુકે છે. કોઈને માનસીક રીતે થોડી રાહત લાગે પણ ખરી; પરન્તુ જો ખરેખર શરીરમાં રોગ હોય તો સારવારના અભાવે માણસ રીબાઈ રીબાઈને મરે છે. લોકલાજે અને ભગત–ભુવા–તાન્ત્રીકની લીલા યા ધાક આગળ એમની વીરુદ્ધ કોઈ બોલતું નથી અને તેની ભક્તી ચાલ્યા કરે છે. વળી, જો કોઈ તેને ચાલુ રહેતી તકલીફ અંગે પુછવા જાય તો 'પુર્વજન્મના કર્મફળ ભોગવવા પડે' જેવા ઉડાઉ જવાબ પણ તૈયાર જ હોય છે.

શારીરીક રોગી ઉપરાંત પોતાનું ભલું કરીને બીજાનું ખરાબ કરવાવાળા અને માનસીક રીતે હતાશ થયેલા યા વીઘ્નસન્તોષી પણ આવા તાન્ત્રીકો પાસે દોડી જાય છે. આ તાન્ત્રીકો આવા ગરજવાનોનું કશું ભલું કરીશકતા નથી; પણ ભગત ઘણી જાતનું શોષણ કરી પોતાનું ભલું કરી લેતા હોય છે. આ બાબતની સત્યતા (ખાસ તો, રૅશનાલીસ્ટ ‘સત્યશોધક સભા’ના કાર્યકરો) કોઈ સક્રીય સભ્યો ખુલ્લી કરે છે ત્યારે જ આવા તાન્ત્રીકો બધી કબુલાત કરતા હોય છે. અહીં અફસોસની વાત એ છે કે આવા કેસોમાં સરકારી તન્ત્રની ખાસ ફરજ હોવા છતાં તે નીષ્ક્રીય રહે છે.

‘સત્યશોધક સભા’ના સક્રીય સભ્યો દ્વારા વેડરોડ બાજુના એક તાન્ત્રીકની લીલાનો તા. 10 સપ્ટેમ્બર, 2001ના રોજ પર્દાફાશ થયેલ અને

તેની પાસેથી માફીપત્ર લખાવીને ‘સત્યશોધક સભા’ના સહમન્ત્રી શ્રી. મધુભાઈ કાકડીયાએ કેસ રજીસ્ટર જેવા ચાર ચાર દળદાર ચોપડા પણ જપ્ત કરેલા. આ ચોપડાઓમાં આવા દરેક દર્દીની વીગતવાર માહીતી મળી હતી. જેના આધારે ‘સત્યશોધક સભા’ના ઉપપ્રમુખ શ્રી. સુર્યકાન્ત શાહે ‘આપણો માંદો સમાજ’ નામની લેખમાળા ‘નવનીર્માણ’ દૈનીકમાં લખી હતી. ત્યારબાદ શ્રી. મધુભાઈ કાકડીયાની ઈચ્છાથી આ સાથે પુસ્તક રુપે પ્રગટ કરવામાં આવી રહેલ છે (ત્રીજી આવૃત્તી) જે આનન્દની વાત છે.

આ પુસ્તક કીમ્મતમાં ઘણું નાનું છે; પરન્તુ સામાજીક રીતે ઘણું જ મુલ્યવાન છે. જ્યારે આપણો સમાજ આપઘાતની દીશામાં આંધળી દોડ દેતો હોય ત્યારે ભારતના દરેક જાગૃત

નાગરીકની પવીત્ર ફરજ બની રહે છે કે તેણે બુદ્ધીપુર્વક વીચારીને જ ખરા માર્ગે ચાલવું અને બીજાને ખરો માર્ગ બતાવવો. જો આ રીતે પણ લોકો થોડી ઘણી જાગૃતી કેળવે તોતે મોટી સમાજસેવા થઈ ગણાશે.

જે. આર. કાકડીયા (સી. એ.)

ઓ–1, આશીર્વાદ કોમ્પલેક્સ

ખાંડ બજાર, વરાછા રોડ

સુરત – 395 006

ફોન : (0261) 2254 5197



સુરતની ‘સત્યશોધક સભા’ના ઉત્સાહી કાર્યકરો ચમત્કારનો પર્દાફાશના નામે ભુવા, ભગત, મૌલવીઓ અને સાધુઓની છેતરપીંડી ખુલ્લી પાડે છે. આવા એક પર્દાફાશ કાર્યક્રમમાં એક ભગતને જ્યારે ખુલ્લો પાડવામાં આવ્યો ત્યારે એણે પોતાને ત્યાં આવતા ‘દર્દીઓ(?)’ની વીગતો દર્શાવતા ચોપડા જ કાર્યકરોને આપી દીધા. આ કાર્યકરોએ તે ચોપડા મને અભ્યાસ કરવા માટે આપ્યા. આ ચોપડાનો અભ્યાસ કરતાં ફરી એકવાર એ હકીકતને સમર્થન મળ્યું કે આપણો સમાજ માંદો અને હીંસક છે. આથી, ભગતના આ ચોપડાઓના આધારે મે તમારા હાથમાં શોભતી આ ‘આપણો માંદો સમાજ’ પુસ્તીકા તૈયાર કરી છે.

–સુર્યકાન્ત શાહ

જો અન્ધારામાં ખોવાઈ ગયેલી ચીજને કોઈ અજવાળામાં શોધે તો એને ગાંડપણનો રોગ થયાની શંકા સેવવામાં આવે. એ જ રીતે ખોવાઈ ગયેલા દીકરાને, પોલીસ શોધી શકે એવી જાણકારી હોવા છતાં બીલકુલ ત્રાહીત અને આવા મામલા માટે અપ્રસ્તુત એવા ભગત–મૌલવીને ત્યાં જનારા પણ ગાંડપણના રોગથી પીડાતા જ ગણાવા જોઈએ. માણસો બરાબર સમજતા હોય છે કે ભગત–ભુવા–મૌલવી–સાધુઓથી કશું શોધવાનું નથી; છતાં એના દીકરાના ઠેકાણાને ભગત પાસે શોધવા જનારાને ખબર નથી કે એ તેનું ગાંડપણ છે.

અનુક્રમણીકા

વાચકમીત્રો પોતાની પસન્દગીના લેખ પર ક્લીક કરતાં જ, તે લેખનું પાનું ખુલશે. એ જ પ્રમાણે દરેક લેખમાં જે તે 'લેખના શીર્ષક'ની નીચે જમણી બાજુએ લખવામાં આવેલ 'અનુક્રમણીકા' શબ્દ પર ક્લીક કરતાં જ આ અનુક્રમણીકા ખુલશે. પાન નં. 106 અને 152માં 'પરીશીષ્ટ-1' પર ક્લીક કરતાં જ 'પરીશીષ્ટ-1'નું પાનું પણ ખુલશે આ સુવીધાનો લાભ લેવા વાચકમીત્રોને વીનન્તી છે.

1

એક અકથીત રોગ

[અનુક્રમણીકા]

કોઈ પણ માણસ પોતાને રોગ થયો છે, એવું કથન ત્યારે કરે છે કે જ્યારે શરીરની કે મનની વીકૃતીને એ પોતે એક રોગ માને. માણસ પોતે માનતો નહીં હોય કે પોતાને જે વીકૃતી થઈ છે તે એક રોગ છે તો એ અન્યોને જણાવશે નહીં જ કે એને કોઈ રોગ થયો છે. કેટલાકને રોગ જાહેર કરવાથી એનો કૌટુમ્બીક કે સામાજીક બહીષ્કાર થવાનો ભય સતાવતો હોય અથવા તો એવા પ્રકારની સારવાર કરવાની રહેતી હોય કે જે એ માણસ કરાવવા માંગતો નહીં હોય તો, પોતે જાણતો હોવા છતાં, પોતાને થયેલી વીકૃતી એક રોગ છે તેવું તે જાહેર કરતો નથી.

રક્તપીત્ત જેવો રોગ દેખા દે તો માણસને એ વીચાર સતાવે છે કે જો તે રોગ થયાનું જાહેર કરશે તો એનો કૌટુમ્બીક અને સામાજીક બહીષ્કાર થશે. આથી એ શક્ય એટલો મોડો અથવા એ રોગસર્જીત ડાઘા ચામડી પર લોકોને દેખાવા માંડે ત્યારે તે જાહેર કરે છે. વચગાળામાં એ ચોરી ચોરી ચુપકે ચુપકે એના રોગનાં વૈજ્ઞાનીક અથવા તો અવૈજ્ઞાનીક ઉપચાર કરતો હોય છે. ખાસ કરીને નીચલા મધ્યમ વર્ગના અને ગરીબ વર્ગના માણસને ક્ષય કે કેન્સર જેવા રોગ થતા હોય ત્યારે તે છુપાવતો હોય છે; કારણ કે એની સુશ્રુષા કરવા માટે એની પાસે જરુરી સમ્પત્તી હોતી નથી. એ ગરીબ છે તે એનો મોટો ગુનો હોવાથી એણે પુરી સબુરી રાખીને બીલ્લી પગે આવતા મોતને સ્વીકારી લેવું પડતું હોય છે. પોતાની કંગાલીયતને કારણે આવા કીસ્સાઓમાં દર્દીને તો માહીતી હોય જ છે કે એને રોગ લાગુ પડ્યો છે; પરન્તુ એની મજબુરી એને રોગની કથની અન્યોને

કરતા રોકે છે. સાચે જ, આપણાં ઘણા રોગ અને દર્દ આપણા મનતળમાં ઢબુરાઈને જ પડેલા રહે છે!

બીજી બાજુ, કેટલાક રોગ એવા છે કે જેની દર્દીને સમજ જ પડતી નથી, દર્દીને એવું લાગતું જ નથી કે જે કંઈ વીકૃતી છે તે રોગ છે. જો આ પ્રકારનો રોગ સમાજમાં મોટા પાયે રોગચાળાની જેમ ફેલાયેલો હોય અને મોટા ભાગના દર્દીઓ એમ માનતા હોય કે જે કોઈ વીકૃતી છે તે રોગ નથી ત્યારે આ રોગ **'અકથીત રોગ'** તરીકે ઓળખાવો જોઈએ.

જે રોગનું રોગ તરીકે કથન જ નહીં કરવામાં આવે અને તે એવો રોગ હોય કે જે સમાજના ગણનાપાત્ર સંખ્યાના લોકોને થયો હોય ત્યારે એવો અકથીત રોગ પ્રચ્છન્ન રીતે સમાજને માંદો પાડી નાંખે છે. કોઈ મા અને બાપને ખબર પડે કે એમનો પચ્ચીસ વર્ષની વયનો જુવાનજોધ છોકરો પ્રવાસે ગયો અને ત્યાં ગુમ થઈ ગયો છે. ત્યારે તે મા–બાપ

અને સગાં–સમ્બન્ધીઓ પોલીસમાં જઈને વીધીપુર્વક ફરીયાદ નોંધાવે, પોલીસ ઝડપથી દીકરાને શોધી શકે તે માટે એની ઓળખાણ પડે તેવી બધી જ વીગતો આપે તો તે મા–બાપ અને સગાં–સમ્બન્ધી રોગમુક્ત છે અથવા તો તંદુરસ્ત છે એમ કહી શકાય. બીજી બાજુ, આ લોકો કોઈ ભગત–મૌલવીને ત્યાં જઈને દીકરાના ઠેકાણા માટે પુછે તો એ બધાને માનસીક રોગ થયાનું કહી શકાય.

જો અન્ધારામાં ખોવાઈ ગયેલી ચીજને કોઈ અજવાળામાં શોધે તો એને ગાંડપણનો રોગ થયાની શંકા સેવવામાં આવે. એ જ રીતે ખોવાઈ ગયેલા દીકરાને, પોલીસ જ શોધી શકે એવી જાણકારી હોવા છતાં; બીલકુલ ત્રાહીત અને આવા મામલા માટે અપ્રસ્તુત એવા ભગત–મૌલવીને ત્યાં જનારા પણ ગાંડપણના રોગથી પીડાતા જ ગણાવા જોઈએ. માણસો બરાબર સમજતા હોય છે કે ભગત–

ભુવા–મૌલવી–સાધુઓથી કશું શોધાવાનું નથીં; છતાં એના દીકરાના ઠેકાણાને ભગત પાસે શોધવા જનારાને ખબર નથી કે એ તેનું ગાંડપણ છે, તે એક રોગ છે. ઉલટાનું એવા ભુવા–મૌલવીને ત્યાં એના જેવાં ઘણા ગાંડાઓ કંઈ ને કંઈ 'જોવડાવવા' આવેલા તે જુએ છે એટલે એને એવું સમજાય છે કે દીકરાને શોધવા પોલીસની મદદ માંગનારો ગાંડો છે! મગજની આ પ્રકારની બીમારી એક અકથીત રોગ છે.

સત્યવક્તા ભુંડા બને છે!

સમાજમાં આવા વ્યાપક પ્રસરેલા રોગથી વ્યથીત થતા લોકો જુજ હોય છે. આવા લોકોની નજર સમક્ષ આ અકથીત રોગ ધરાવતા ગાંડા કાઢતા હોય છે ત્યારે એમનાથી સહન થતું નથી. આથી, ખુબ નર્મ–મર્મમાં પણ તેઓ દીકરો ખોવાવા જેવી સમસ્યામાં પોલીસની મદદ જેવા સાચા ઉપાય બતાવે તો તેવા સાચા ઉપાય બતાવનારા સત્યવક્તા

ભુંડા બને છે. પેલા રોગીઓ આક્રમક બની જાય છે. ભગત–મૌલવીમાં એમને કશું ખોટું દેખાતું નથી. એમને રોગીઓ બત્રીસલક્ષણા અને સચોટ ઉપાય બતાવનારા તરીકે ઓળખે છે અને ઓળખાવે છે. પોલીસ અને પોલીસતન્ત્રની મર્યાદાઓ એમને દોષ તરીકે દેખાય છે.

પોલીસ–ગેટ પર જઈએ એટલે દંડા ખાઈને પાછા આવવાનું થાય એવી અતીશયોક્તીભરી અને અસત્ય વાણી ઉચ્ચારતા એમને સંકોચ થતો નથી. મા–બાપ અને સગાં–સમ્બન્ધીઓને સત્યવક્તાના મગજની તંદુરસ્તી વીશે શંકા ઉપજે છે! એમનો અભીપ્રાય દૃઢ થતો જાય છે કે સત્યવક્તાએ કોઈ ભુવાને એનું મગજ બતાવવું જોઈએ.

એક રીતે આ લોકો સાચા છે કારણ કે સત્યવક્તાને એટલી સમજ હોય કે એની સાચી વાત કોઈ સાંભળવાનું નથી; છતાં એવાં ગાંડા ટોળાની વચ્ચે ડાહી વાતો કરે તો એ સત્યવક્તાનું

મગજ એટલું પોચું પડી ગયું છે એમ કહેવાય! જે કોઈ પણ માણસ સામા પ્રવાહે તરવાનું નક્કી કરે તે ત્યારે જ સફળ સાહસીક ગણાય કે જ્યારે તે તરીને ગંતવ્ય સ્થાને પહોંચે. જો તણાઈ જાય તો એ હાસ્યાસ્પદ જ બને. આમ, આ 'અકથીત રોગ'ની મુશ્કેલી એ છે કે ભુલેચુકે પણ જો એ વીકૃતીનું નીદાન રોગ તરીકે કોઈ કરી બેસે તો નીદાન કરનારો રોગીષ્ઠ ઠરે છે! રોગીઓ તંદુરસ્ત ગણાય છે.



'સત્યશોધક સભા'નાં પ્રકાશનો

ક્રમ	પુસ્તકોના નામ	રુપીયા
1.	ચમત્કારોની ભીતરમાં	30/-
2.	મૃત્યુ ટાણે માનવતા	10/-
3.	કાંતીની કેડીએ (લગ્નજીવનનો આનન્દ માણવાની માર્ગદર્શીકા)	30/-
4.	જ્યોતીષ બનો, લોકોને લુંટો	30/-
5.	વીજ્ઞાન અને અલૌકીક ઘટના	40/-
6.	નવા વહેમો : વાસ્તુશાસ્ત્ર, ફેંગશુઈ	30/-
7.	લગ્ન પહેલા અને પછી	25/
8.	ચર્ચાપત્રો	50/-

સત્યશોધક સભા,

C/0 શ્રી. શં. ફ. અગ્રવાલ ટ્રસ્ટ,

8/1308, રંગીલ્દાસ મહેતાની શેરી,

ગોપીપુરા, સુરતને મ.ઓ. કરો.

●ટપાલથી અમે પુસ્તીકો મોકલીશું●

ભગત એના ચોપડામાં એવી સ્ત્રીઓની વીગતો લખતો. ઘોડીયાનું ચીત્ર પાડતો ઘોડીયાના ચીત્ર નીચે આ સ્ત્રીના માસીક ધર્મના ઘડાળ સાથે ‘મુલાકાત’ની તારીખ લખતો. આ તારીખો મહીનાના આંતરે અપાતી. ત્રણ–ચાર વાર તો એ બોલાવતો જ. એ સ્ત્રીના માસીક ધર્મના ઘડીયાળ સાથે આ ‘મુલાકાતની ઘડીયાળ’ ગોઠવાતી એવું તારણ નીકળે છે. આવી સ્ત્રીઓને ‘અકથીત રોગ’ થયો છે કે કેમ તે જાણવા માટે એમને સંતાન છે કે નહીં તે જાણવું પડે.

માણસ પોતાની જાળમાં પોતે જ ફસાતો હોય છે. ભગત, પીર જેવા ઠગ એને ફસાવી શકે છે; કારણ કે એની બુદ્ધીને લકવો લગાડતી શ્રદ્ધા એને વળગેલી હોય છે. ખરેખર એની માનસીક વીકૃતી અસહ્ય બનતી હોય અને તે રોગનું સ્વરુપ પકડતી હોય તો એણે મનોચીકીત્સકને મળવું જોઈએ.

રોગનું પૃથક્કરણ

અનુક્રમણીકા

આ અકથીત રોગ સમાજમાં એટલો બધો વ્યાપક છે કે એનાથી હેરાન કે નુકસાન સહન કરનારા જાહેરમાં એકરાર કરી શકતા નથી કે પોતે મુર્ખ પુરવાર થયા છે! માણસ પોતાની આર્થીક ગરીબાઈ કે મેલેરીયા જેવા રોગની જાહેરાત સહજતાથી કરી શકે છે પણ પોતાની મુર્ખાઈ, પુરવાર થાય છતાં; એકરાર કરતો નથી. કદાચ, અહમ્ ને કારણે એવો એકરાર કરી શકાતો નથી.

આમ સમાજમાં આવા અકથીત રોગ માટે 'તેરી ભી ચુપ ઓર મેરી ભી ચુપ' ચાલતું હોય તો એ અકથીત રોગની વેદના પણ અકથ્ય જ રહેવાની. એકસોમાં નવ્વાણુ માણસોને ખ્યાલ આવી ગયો હોય કે ભુવા–મૌલવીના કહેવા પ્રમાણે કશું

થયું નથી; છતાં તે એનો એકરાર કરશે નહીં. જે એકસોમાં માણસનાં સન્દર્ભે જો કંઈ સાચું પડી ગયું હોય તો, આંકડાશાસ્ત્રના સમ્ભવીતતાના સીદ્ધાંતે અથવા તો અકસ્માતે તે સાચુ પડ્યું તેવું સ્વીકારવાને બદલે, ભુવા–પીરની સફળતાનાં નગારાં વગાડવામાં આવશે. આ નગારાં એટલા જોરથી વગાડવામાં આવે છે કે જેમાં બાકીના નવ્વાણુની અકથ્ય વેદનાનો સીસકારો પણ સંભળાતો નથી. સોમાંથી એકની સફળતાનાં નગારાંને આદરપુર્વક કાન આપનારો સમાજ પણ એક રોગીષ્ઠ સમાજ જ ગણાય.

‘સત્યશોધક સભા’, સુરતને મળેલું નજરાણું

સુરતની ‘સત્યશોધક સભા’ પ્રજામાં રૅશનાલીઝમનો સ્વીકાર થાય તે માટે પ્રયત્નો કરે છે. ચમત્કારના નામે લોકોને છેતરનારાઓને સભાના કાર્યકરો પડકારીને ખુલ્લા પાડે છે. એમના

ચમત્કારોમાં સંતાયેલી છેતરપીંડી અને ચાલાકીને ખુલ્લી કરે છે. એ સભાના ઉપપ્રમુખ તરીકે મારી પાસે દળદાર અને ફુલસાઈઝના ચાર ચોપડા આવ્યા છે. સભાના તત્કાલીન સહમન્ત્રી શ્રી. મધુભાઈ કાકડીયાની સાથે શ્રી. સીદ્ધાર્થ દેગામી (મન્ત્રી) અને શ્રી. ગુણવંતભાઈ ચૌધરી (સભાના કારોબારી સભ્ય) અને અન્ય કાર્યકરોએ એક જોષ જોનારા અને દુઃખ–દર્દ દુર કરનારને પડકાર્યો. થોડી રકઝક બાદ એ ભાઈએ લેખીત માફી માંગી અને ભવીષ્યમાં પોતે એવા જોષ કે ચમત્કારોનાં ગપ્પાં ફેલવશે નહીં તેવી લેખીત ખાતરી આપી.

એના મુર્ખ અનુયાયીઓ તરફથી મળેલ ‘દાન–દક્ષીણા’ તો સભાના કબજામાં આવ્યાં; પરન્તુ એ ભાઈ એમના અનુયાયીઓની વીગતો લખેલા જે ચોપડા રાખતા હતા તેમાંથી ચાર, એ ભાઈએ સભાના કાર્યકરોને આપી દીધા. સભાના કાર્યકરોએ ‘દાન–દક્ષીણા’ને તો આજુબાજુનાં ઘરોમાં વીતરીત

કર્યા અને શ્રી. મધુભાઈ પેલા ચોપડા મને આપી ગયા. કહેતા ગયા કે, મારે એ ચોપડા વાંચવાના તો ખરા જ; પરન્તુ આગળ વધીને એમાં રહેલી વીગતોને સમાજની વચ્ચે મુકવી.

આ કામ મારે કરવાનું છે, એવી સ્પષ્ટતા પણ એમણે કરી. મેં આ ચોપડા વાંચ્યા અને મને સમજાયું કે ભગત (આ માણસનું ઉપનામ) પાસે એક વર્ષના ટુંકા ગાળામાં સેંકડો માણસો આવ્યા હતા. આ લોકો ખોટા સ્થળે અને ખોટા માણસ પાસેથી ઉપચાર કરાવવાના અકથીત રોગથી પીડાતા હતા. તેથી એ લોકોએ એમની સમસ્યાને આ ભગતને જણાવી. આ જ સમયગાળામાં શહેરમાંના અન્ય સેંકડો ભગતો અને એમની પાસે સમસ્યા–ઉકેલ માટે જતાં હજારો ‘દર્દીઓ’(?)ની ગણતરી માંડીએ તો સમજાય છે કે આ અકથીત રોગથી સમાજનો અડધાથી પણ વધારે ભાગ પીડાય છે.

આ પુસ્તક દ્વારા આપણા સમાજનું અસલી સ્વરુપ તમારી સમક્ષ રજુ કરવાનો હું યત્કીંચીત પ્રયાસ કરું છું. સમાજના અસલી ચહેરાને દર્શાવાતા આ ચોપડા સાચે જ ‘સત્યશોધક સભા’ને મળેલું એક નજરાણું છે. આ ચોપડાનો અભ્યાસ કરતાં તો સૌથી પહેલાં મને એ સમજાયું છે કે આપણો સમાજ અકથીત એવા રોગથી પીડાય છે. સમસ્યા સાથે જેને સ્નાનસુતક સમ્બન્ધ નથી એવા ખોટા માણસો પાસેથી ખોટા ઉકેલો મેળવવાની આકાંક્ષા પોતે એક રોગ છે અને તે અકથીત છે તેનો ખ્યાલ મને ચોપડાઓએ આપ્યો છે તેથી પણ એ ચોપડાઓને હું સભાને મળેલા નજરાણા તરીકે સ્વીકારું છું.

આ રોગના ચીહ્નો ક્યા? આ રોગમાં દર્દીને શું થાય? દર્દીએ પસન્દ કરેલા તબીબ શું નીદાન કરે છે? આ રોગનો સમયગાળો કેટલો હોય છે? આ રોગના કયા પરીણામ આવે છે? આ બધા સવાલોના જવાબ આ અકથીત રોગનું પૃથક્કરણ કરી આપે છે.

1. રોગનાં ચીહ્નો :

આ રોગ માનસીક છે. આથી, શરીર પર એનાં કોઈ ચીહ્ન દેખાતાં નથી; છતાં જ્યારે સમસ્યાનો વીચારવાયુ થાય ત્યારે ગળુ સુકાય છે. અને કેટલીકવાર હાથ–પગ ઠંડા પડી જતા હોય છે. આ બધાં ચીહ્નો અકથીત રોગને કારણે શરીર પર દેખાતા હોય છે.

આ રોગ માનસીક હોવાથી દર્દી સાથે હેતુપુર્વક સંવાદ દ્વારા એનાં ચીહ્નો પારખી શકાય છે. ભગત તરફથી મળેલા ચોપડામાં આ અકથીત રોગથી પીડાતી સ્ત્રીઓ કુલ દર્દીઓના પચાસ ટકાથી વધારે હતી. આ સ્ત્રીઓમાંની સાંઠ ટકા કરતાં વધારે સ્ત્રીઓને પુત્રરત્ન પ્રાપ્ત થતું નથી તેની ફરીયાદ હતી. આ કથીત રોગથી પીડાતી સ્ત્રીઓમાંની કેટલીક સ્ત્રીઓ જાણતી હતી કે બાળકનું હોવું, નહીં હોવું અને છોકરી હોવી કે

છોકરો હોવો તે માટે એ એકલી કારણભુત હોતી નથી. એ માટે એના પતી પણ કારણભુત હતા.

આ સ્ત્રીઓ પૈકીની કેટલીક જાણતી હતી કે બાળક મેળવવા માટે વીજ્ઞાન મદદ કરી શકે તેમ હતું. એ વીજ્ઞાન અનુસાર સુશ્રુષા આપનાર અધીકૃત તબીબની માહીતી પણ આ સ્ત્રીઓ પૈકી કેટલીકને હતી; છતાં પોતાની સમસ્યાના ઉકેલ માટે એમણે ખોટા માણસને જ પસન્દ કરવાની અને તેની પાસેથી ખોટો ઉકેલ મેળવવાની વ્યાધી આ સ્ત્રીઓને એટલી બધી સતાવતી હતી કે તેઓએ આ ભગત પાસે 'જવાનું' સ્વીકારેલું. ભગત એના ચોપડામાં એવી સ્ત્રીઓની વીગતો લખતો. ઘોડીયાનું ચીત્ર પાડતો. ઘોડીયાના ચીત્ર નીચે આ સ્ત્રીના માસીક ધર્મના ઘડીયાળ સાથે 'મુલાકત'ની તારીખ લખતો. આ તારીખો મહીનાના આંતરે અપાતી. ત્રણ–ચાર વાર તો એ 'બોલાવતો' જ.

સ્ત્રી–દર્દી માસીક ધર્મના ઘડીયાળ સાથે આ ‘મુલાકાત’ની ઘડીયાળ ગોઠવાતી એવું તારણ નીકળે છે. આવી સ્ત્રીઓને અકથીત રોગ થયો છે કે કેમ તે જાણવા માટે એમને સંતાન છે કે નહીં તે જાણવું પડે. વાતોમાં ને વાતોમાં તે મેળવવાની એની ઝંખના કેટલી છે તે જાણવું પડે. વાતોમાંથી આટલું જાણ્યા પછી એ સ્ત્રી ‘દૈવયોગે’ બાળક/પુત્ર પ્રાપ્તી થશે એવું જણાવે અને પછી સુનમુન થઈ જાય તો જાણવું કે એને આ અકથીત રોગ થયો છે. આ વાતોથી પુત્ર ઘેલછા અને પુત્રી તીરસ્કાર પણ જાણવા મળે.

આ તબકકે એને સાચા વૈજ્ઞાનીક ઉકેલ બતાવવામાં આવે અને તે પરત્વે એ ઉદાસીનતા દાખવે, એવા ઉકેલ પરત્વે અવીશ્વાસ પ્રગટ કરે અથવા તો એ ઉકેલ ખોટા હોવાનું જણાવે તો કહી શકાય કે એને ખસુસ આ ‘અકથીત રોગ’ થયો છે.

2. આ રોગમાં દર્દીને શું થાય?

આ રોગમાં દર્દીને ઠગારી આશા મળે. જે આશા કદી સીદ્ધ થવાની નથી તે આશા ચોક્કસ સીદ્ધ થશે તેવું તે માનતો થઈ જાય છે. એને એવો ભાવ પ્રાપ્ત થાય છે કે એને આલમ્બન પ્રાપ્ત થયું છે કે જે એની મનોકામનાને સંતોષશે. કોઈ પણ પ્રકારના પોતીકા પ્રયત્નો કર્યા વીના મનોકામના સીદ્ધ કરવા માટે ભગત–પીરનું આલમ્બન સ્વીકાર્યા બાદ દર્દીમાં આ ભગત–પીરને સમર્પીત થઈ જવાનો ભાવ પેદા થાય છે.

એ દર્દી મટીને ભક્ત થઈ જાય છે. એને સતત એવો ભ્રમ રહે છે કે ભગત–પીર એનું જ કામ કરે છે. મુઠ, મારણ, તારણ, હવન જેવી પ્રયુક્તીઓથી ભગત–પીર જે કંઈ કરી રહ્યા છે તે એની મનોકામના સીદ્ધ કરવા માટે કરી રહ્યા છે એવો ખ્યાલ એને પરમ સંતોષ આપે છે.

આ રોગમાં દર્દીને ઠગારી આશાથી માંડી ભ્રમ સુધીના જે દર્દ થાય છે તેને દર્શાવતો એક પત્ર કે જે ભગતને મળ્યો હતો તેમાંનો થોડોક પાઠ અત્રે પ્રસ્તુત છે :

“મારી સાથે દુકાનદાર બાઈએ એની રાજીખુશીથી પરણવાની ઈચ્છા દર્શાવી છે. તે પણ મારી કામવાળી બાઈ સાથે કહેણ મોકલ્યું હતું. એની ઉમ્મર 47 વર્ષની છે. એ બાઈ કુંવારી છે. એનો બાપ આશરે ત્રણેક વર્ષ થયા ગુજરી ગયો છે. એની મા મેલીવીદ્યાની જાણકાર–શીખેલી છે. એનું કહેવું છે કે, ‘મેં તો ભસ્મીલાને પાણી પાયું છે.’ તો એનો મને શું હીસાબ? તેની દીકરી પાસે પોલીસમાં ફરીયાદ કરાવી મને જેલમાં બેસાડેલો. બીજા દીવસે જામીન પર છોડાવેલો. જેને માટે તમારે (એટલે કે ભગતે –સુ.શાહ) એવો બન્દોબસ્ત કરવાનો જે તા. 3–4ના રોજ ઠરાવ છે તે દીવસે (પેલી કુંવારી બાઈ) એની મા પાસે કેસ ખેંચાવી લે. કોર્ટમાં આવી

'દીકરા ભુલ થઈ' એમ કહીને મને બોલાવી જાય અને સામે ચાલીને કહે કે 'દીકરા! મારી દીકરીની તારી સાથે લગ્ન કરવાની ઈચ્છા છે પણ હવે તું બધું ભુલી જા અને મારી દીકરીને પરણવાની ના નહીં કહેતો, અને હા... કહેજે... એવી રીતે કહીને ઘરમાં રાખજે...' એ એના ભાઈનું કહેલું કે બીજા કોઈનું બી કહેલું માને નહીં અને દુશ્મનોનાં મોંઢા કાળા પડે, એવી રીતનું કામ કરવાનું છે. (બાઈ) પણ ઘણી જ માયાથી વર્તે અને એની મા પણ; અને મારી બહેન, મારો ભાણેજ કે ભાણેજવહુ કોઈ બી સમ્બન્ધીઓ ખુશ થાય. મને અગર એ બેઉ માંય દીકરીને બી કશું કહે નહીં... તેમ તમારે કરવાનું છે.'

આ પત્ર અકથીત રોગના એક દર્દીએ ભગતને લખ્યો છે. એનો બરાબર અભ્યાસ કરતાં સમજાશે કે (1) તા. 3/4ના રોજ કેસ પાછો ખેંચાઈ જાય. (2) મનગમતી છોકરી (47 વર્ષની બાઈ!)ની

માતા સ્વયંભુ એની દીકરી સાથે લગ્નનો પ્રસ્તાવ મુકે. (3) અન્યો તેને આવકારશે. આ બધી ઠગારી આશાનો પત્રલેખક ભોગ બન્યો છે. આ ત્રણે અપેક્ષાઓ સીદ્ધ થાય તે માટે પત્રલેખકને ભગતનું આલમ્બન છે. આથી, પોતાની અપેક્ષાઓ સીદ્ધ કરવા માટે ખુદ કોઈ પ્રયત્નો કરશે એવું તે પત્રમાં જણાવતો નથી.

એ પત્રમાં જણાવે છે કે દીકરીની મા અને અન્યો પત્રલેખકની ઈચ્છા પ્રમાણે વર્તે તે માટે જે કંઈ કરવાનું છે તે ભગતે કરવાનું છે. આ બધું ભગત મુઠ–મારણથી કરશે એવી પત્રલેખકની માન્યતા છે. આમ, આ રોગમાં માણસને ઈચ્છાધીન વીચારો આવે છે અને એ વીચારોને બીલકુલ ત્રાહીત માણસ સાકાર કરશે એવો ભ્રમ થતો હોય છે.

3. દર્દીએ પસન્દ કરેલ તબીબ(?)નું શું નીદાન આવે છે?

આ અકથીત રોગ એવો છે કે જેમાં દર્દી તબીબને પસન્દ કરે છે. તબીબ તે રોગ દુર કરી શકશે કે કેમ, એ માટે તેની ક્ષમતા છે કે કેમ તે વીચારતો નથી. કાનનો દુખાવો થાય તો દર્દી કાન–નાક–ગળાના નીષ્ણાત એવા તબીબ પાસે ઉપચાર માટે જશે; પરન્તુ બાલરોગના નીષ્ણાત એવા તબીબને ત્યાં નહીં જશે. આ રોગના દર્દીને માત્ર ગામગપાટાથી જાણવા મળે છે કે આ ભગત જેવા માણસો દર્દીની બધી જ કામના સંતોષી શકે તેમ છે!

આથી જ તો, આ ભગતના ચારે ચોપડા તપાસ્યા તો એની પાસે બાળકોની અપેક્ષાવાળી સ્ત્રીઓ, પ્રેમીકા પામવા મથતા નીષ્ફળ પ્રેમીઓ, મીલ્કતો નહીં વેચાતી હોય તો તે વેચનારાઓ, નીષ્ફળ ધંધાદારીઓ, ગુમ થયેલા સગાને પુનઃ મેળવવા માંગનારા જેવા અનેકવીધ પ્રશ્નોથી સંતાપ પામનારા બધા જ એમ માને છે કે બધાના બધા

પ્રશ્નોના ઉકેલ એક ભગત આણી શકશે? આવા વૈવીધ્યસભર પ્રશ્નોના ઉકેલ એક જ માણસ આપી શકે તેવું માનવું એ પોતે એક માનસીક રોગ છે.

આવા માનસીક રોગથી પીડાતા એટલે કે અકથીત રોગથી પીડાતા માણસો એમના માનેલા તબીબ પાસે જાય છે. આવા દર્દીઓ માટે ભગતે એના ચોપડામાં ઠેર ઠેર લખેલું છે તેવા નીદાન કરે છે. એ લખે છે કે : (1) હાલમાં ગર્ભ ચાલુ થાય તેમ જ કરીને આપવાનું છે. (2) સર્વે સારું થાય તેમ કરવાનું છે. (3) ચોપડાઓના અનેક પાન પર સ્ત્રીઓના સ્તન હાથેથી ચીતરીને ભગત લખતા હોય છે કે ડાબી/જમણી છાતી પર વધારે અસર થઈ ગયેલી છે... (4) જોવાનું છે. (5) શરીર બાબત જોવાનું છે.

આમ, આ ભગત નામનો તબીબ એના ચોપડામાં કોઈ પણ સમસ્યા/રોગનું ચોક્કસ નીદાન

લખતો નથી. ‘જોવાનું છે’ અને ‘કરવાનું છે’ જેવા તદ્દન સામાન્ય નીવેદન નોંધે છે.

સ્ત્રીઓનાં બન્ને સ્તન બહુધા સમાન હોતાં નથી તેથી એને જેવાં દેખાય તેવાં નાનાં અને મોટાં ચીતરે છે. જે સ્તન બીજા કરતા મોટું હોય તે સ્તન પર તીરથી દર્શાવીને મહદંશે લખે છે કે ત્યાં વધારે અસર થઈ ગયેલી છે. એના આ ચાર ચોપડામાં પાંચેક પાના પર સ્ત્રીઓની યોની પણ હાથેથી ચીતરી છે અને ત્યાં પણ ‘જોવાનું છે’ જેવું સામાન્ય નીવેદન કર્યું છે. આશ્ચર્યકારક રીતે એણે કોઈ પણ પુરુષની વાળવાળી કે વાળવગરની છાતી અથવા તો લીંગનું ચીત્ર ચીતર્યું નથી! જે કોઈ ચીત્રો એણે દોર્યા છે તે સ્ત્રીઓના જ દોર્યા છે! આમ, એ પોતાના ચોપડામાં નીદાન ભેગો જ ઉપચાર લખી દે છે.

મોટે ભાગે ‘જોવાનું છે’નો ઉપચાર હોય છે! બાળક માંગતી મહીલાઓને તે મહીનાના આંતરે ‘મળવાનો’ સમય આપે છે. કેટલીક આકાંક્ષી

માતાઓને એણે છ–સાતવાર ‘મળવાનો’ સમય આપ્યો હતો! જો કોઈ દર્દી અધવચ્ચેથી એના ‘ઉપચાર’ને છોડી દે તો ચોપડામાંની એની લખેલી વીગતો પર ભગત ચોકડી મારી દેતો હતો. ત્યાં કેટલીક વાર નોંધ લખાયેલી છે : ‘જોવાનું નથી. શ્રદ્ધા નથી.’ આમ, આ વાક્યો સુચવે છે કે આ તબીબ(?)ના ઉપચારથી દર્દીના રોગ/દુઃખ દુર થતા નથી; પરન્તુ દર્દીની ખુદની શ્રદ્ધાથી તે દુર થાય છે! વાસ્તવમાં શ્રદ્ધાથી પણ રોગ/દુઃખ દુર થતા નથી. સમય વહે છે એટલે ક્યાં તો રોગ/દુઃખ એટલા વધી જાય છે કે દર્દી જ અદૃશ્ય થઈ જાય છે અથવા તો રોગ/દુઃખ પોતાની મેળે એટલા ઓછા ગમ્ભીર થઈ જાય છે કે તેના આપોઆપ ઉકેલ આવતા હોય છે, આ ત્રણે વીકલ્પોમાં કોઈ ફાળો નથી.

4. આ રોગનો સમય–ગાળો કેટલો હોય છે?

આ અકથીત રોગ મનોવૈજ્ઞાનીક દૃષ્ટીએ વીકૃતી છે. એના ઉકેલ માટે તદ્દન અક્ષમ એવા

ભગત–પીરનો આશરો લેવાય છે. પરીણામે રોગી/દુ:ખી પોતે અદૃશ્ય થઈ જાય અથવા રોગ/દુ:ખને શમતા કુદરતી રીતે જેટલા સમય લાગે તે આ રોગનો સમય–ગાળો બને છે. શારીરીક રોગો પૈકી કમળા, શરદી જેવા રોગના અક્સીર ઉપાય હજી શોધાયા નથી. એની સાત–આઠ દીવસની મુદત પુરી થતા એ દુર થાય છે. બરાબર એ જ પ્રમાણે દર્દીની માનસીક પરીસ્થીતી બદલાતાં જે સમય લાગે તેટલા સમય–ગાળા જેટલો આ રોગ રહે છે. ભગતે કેટલાક દર્દી અંગે નોંધ્યું છે તેમ (1) 'શ્રદ્ધા નથી' જેવું થાય. (2) પુત્રપ્રાપ્તીની આકાંક્ષા સીદ્ધ કરવા માટે ભગતને દર્દી(મહીલા) વારંવાર 'મળતી' રહે તેવા 'મીલન' સફળ થાય ત્યારે (3) સમય પસાર થતાં સમસ્યા પોતાની મેળે હળવી થાય છે કે દુર થાય તે સમય–ગાળા નીર્ણીત હોતા નથી તેમ જ ભગત–પીર નક્કી કરી શકતા નથી. દર્દીની માનસીક પરીસ્થીતી અને 'શ્રદ્ધા' તે સમય–

ગાળો નક્કી કરે છે. જેમ શ્રદ્ધા વધારે તેમ આ રોગનો સમય–ગાળો વાધરે લાંબો હોય છે! આ સમય–ગાળા દરમીયાન દર્દી પીડાતો તો હોય જ છે!

5. આ રોગના કયાં પરીણામ આવે છે?

વાસ્તવમાં આ માનસીક વીકૃતી છે. આ વીકૃતીને દર્દી જેટલો સમય વધારે સમય વીચારે અને તેને પરીણામે તણાવ ભોગવે એટલો સમય તેનાં શરીરમાં લોહીનાં ઉંચા દબાણ, ચામડીની ધ્રુજારી, હાથ–પગનું ઠંડા પડવું જેવા પરીણામ આવે છે. ભગતના ચોપડામાં કેટલાક દર્દીઓ કે જેમાં મુખ્યત્વે સ્ત્રીઓ છે તે અંગે જણાવવામાં એક પાન પર જે લખવામાં આવ્યું હતું તે એનો નમુનો છે :

‘શરીરમાં લોહી ઘણું જ ઓછું થઈ ગયેલું બતાવે છે. શરીરમાં તાવ ચઢતો ઉતરતો રહ્યા કરતો બતાવે છે. ઉંઘ ઘણી જ ઓછી આવે. બેચેની ને ગભરાટ રહ્યા કરે છે. શરીરમાં સ્ફુર્તી ને શક્તી

નથી. ખોરાક–પાણી ઘણો જ ઓછાં લેવાય. શરીરમાં હાથે–પગે વેળ આવે, થાકને થાક લાગે. બહુ હાલીચાલી શકતા નથી. થાકને થાક લાગે. સુઈ જ રહેવાનુ મન થાય. બહુ બોલીચાલી શકવાનું ઓછું. ગભરામણ થયા કરે.’

આમ, ચોક્કસ આકાંક્ષા, સમસ્યા કે પરીસ્થીતી માણસને જ્યારે તંગ કરે છે ત્યારે શરીર પર એની જે અસર થાય તેને ભગતના ચોપડાનું આ લખાણ દર્શાવે છે. વાસ્તવમાં આ માનસીક વીકૃતી છે. દર્દી એને જ રોગ માનીને તેના ઉપચાર માટે ભગત–પીર પાસે દોડે છે! ભગત એની વીગતો લખવાનું ડોળ કરીને ‘જોવાનું છે’નો ઉપચાર લખીને દર્દી પાસેથી પૈસા પડાવી લે છે. ભગત–પીર એ દુર કરવા માટે જરાય સક્ષમ નથી. દર્દીની શ્રદ્ધાનું પુરું અને અનેકવીધ શોષણ કરીને ભગત–પીર મુઠ મારવી, મારણ–તારણ કરવું, યજ્ઞ–હવન કરવાં, દરગાહ પર ચાદર ચાદર ઓઢાડવી જેવા

નુસખા અજમાવી દર્દીના ખીસ્સા ખાલી કરે છે. શ્રદ્ધાના જોરે જ દર્દી માનતો થઈ જાય છે કે એની આકાંક્ષા સીદ્ધ થઈ કે સમસ્યા હલ થઈ. વાસ્તવમાં એ હલ થતી નથી. એ તો વધુને વધુ વીકરાળ બનતી હોય છે. દર્દી માનસીક રીતે વધુ ને વધુ ભાંગતો જાય છે. કદાચ કોઈક પરીબળને કારણે એકાદ ટકા દર્દીઓમાં જો ઉકેલ આવે તો એની શ્રદ્ધા વધારે ઘટ્ટ બને છે, જે એના ભાવી જીવનમાં વધારે મોટી આફતનું કારણ બને છે. આમ, આ રોગનું પૃથક્કરણ સ્પષ્ટ કરે છે કે માણસ પોતાની જાળમાં પોતે જ ફસાતો હોય છે. ભગત–પીર જેવા ઠગ એને ફસાવી શકે છે; કારણ કે એની બુદ્ધીને લકવો લગાડતી શ્રદ્ધા દર્દીને વળગેલી હોય છે. ખરેખર એની માનસીક વીકૃતી અસહ્ય બનતી હોય અને રોગનું સ્વરુપ પકડતી હોય તો એણે મનોચીકીત્સકને મળવું જોઈએ. ઉપરાંત, પોતાની આકાંક્ષાની સીદ્ધી માટે કે સમસ્યાના નીવારણ માટે

માણસે પોતે જ પ્રયત્નો કરવાના છે તે એણે બરાબર યાદ રાખવું જોઈએ.

પાંચ–સાત ધોરણ ભણેલી અને કોઈ પણ પ્રકારનું દુ:ખ દુર કરવું જેને માટે અશક્ય છે એવી વ્યક્તી પાસે એક વર્ષમાં નવ વીદેશવાસી ભારતીય જાય તો એ હકીકત જ ભગતના અહમ્ ને ખુબ પોષે એ સમજી શકાય તેવું છે.

3

તબીબો અને દર્દીઓ

અનુક્રમણીકા

આ વીકૃતીને એક 'અકથીત રોગ' તરીકે એટલા માટે ઓળખવી પડે છે કે એમાં માણસની જે આકાંક્ષા હોય છે. માણસને જે સમસ્યા સતાવતી હોય છે તેના ખરા ઉપાય અને તે કરનારની માહીતી એની પાસે હોય છે; છતાં એ એક પ્રકારની માનસીક પરાધીનતા અથવા ગુલામીને વશ થઈ તે ખોટા ઉપાય માટે અને ખોટા ઉપાય કરનાર પાસે જાય છે. એનું મગજ વીશ્વસનીય અને અવીશ્વસનીયતાના ભેદ પામી શકતું નથી. એને વાજબીપણાની માહીતી હોય છે; છતાં જાણે પરવશ બની એ ગેરવાજબીને સ્વીકારે છે. એને અનુભવ થાય છે કે માંગેલું મળ્યું નથી; છતાં પોતાના ગેરવાજબી સ્વીકારને – અવીશ્વસનીય પસન્દગીને

એ છોડતો નથી. આવા આ રોગના તબીબો(?) એટલે જેના પર વાસ્તવમાં વીશ્વાસ મુકી શકાય જ નહીં તે (1) ભગત (2) ભુવા (3) પીર (4) બાવા (5) સાધુ (6) મૌલવી (7) પાદરી જેવી વ્યક્તીઓ તબીબની ભુમીકા ભજવે છે. સમાજનો ખુબ મોટો ભાગ આ રોગથી પીડાય છે. આથી, આ તબીબોની માંગ મોટા પ્રમાણમાં છે. હજુ થોડું ઘણું કાયદા–રાજ ચાલે છે, તેથી આ તબીબોનો મોટો ભાગ પોતાના ધંધાની મોટા પાયા પર જાહેરાત કરી શકતા નથી. અલબત્ત, પ્રચ્છન્ન રીતે તો થાય જ છે. અડધોઅડધ લોકો પોતાની દુકાનની બહાર પાટીયાં લગાડતાં નથી. ઘણા ભગત–પીર તો પોતાના નીવાસસ્થાનમાં જ ધંધો ચલાવે છે. એમનો વેશ, એમની વીશીષ્ટ બોલી, એમનાં ટીલાં, ટપકાં, દાઢી, લાંબા વાળ વગેરે એમનાં વીજ્ઞાપન અને વેચાણકળાનાં અસરકારક સાધનો બને છે. સમાજને એમની જરુર એટલી બધી છે કે એમના

કથીત ચમત્કારો, એમની સચોટ(?) આગાહીઓ અને એમના કથીત લબ્ધીદાતા આશીર્વાદ અફવાની ઉડતી પાંખે સમાજમાં ફેલાયેલા હોય છે! એમના ધંધાને વીકસાવવા માટે જેમના કામ ભાગ્યે જ થયાં હોય છે એવા મુર્ખ રોગીઓ–ગ્રાહકોની કર્ણોપકર્ણ થતી વાતો કારણભુત હોય છે. 'સત્યશોધક સભા' જેવી સંસ્થાઓ આ તબીબોનાં પોકળ બહાર પાડવા આગળ આવે છે, ત્યારે એના કાર્યકર્તાઓ માંડ ત્રીસ–પાત્રીસ મીનીટમાં એ તબીબો પાસે એમની પોકળતાનો સ્વીકાર કરાવી શકે છે. આ હકીકતો સુચવે છે કે આ તબીબોની વેચાણકળા, વીજ્ઞાપન કે કસબ એમને સમાજમાં ટકાવતા નથી; પરન્તુ સમાજના બહુસંખ્ય અકથીત રોગથી પીડાતા દર્દીઓ એમને ટકાવે છે. આ ભગત–ભુવા–પીરના મોટા ભાગના લોકો ધોરણ દશ સુધી પણ ભણેલા હોતા નથી. એમણે ભુતકાળમાં જે આર્થીક વ્યવસાય સ્વીકારેલ હોય તેમાં તેઓ નીષ્ફળ જતાં વાખાના

માર્યા ભુવા–પીર બનતા હોય છે. જેવા તેઓ ભુવા–પીર બને છે કે તરત સમાજના અકથીત રોગના બહુસંખ્ય રોગીઓ એમને ખભે બેસાડી જાણે કે પાલખીમાં ફેરવે છે! આ આખીયે અવૈજ્ઞાનીક અને સમાજવીરોધી પ્રવૃત્તી માટે આવા તબીબો કરતાં દર્દીઓ વધારે જવાબદાર છે. કહેવત છે કે, 'દુનીયા ઝુકતી હૈ ઝુકાનેવાલા ચાહીયે!' એ જ પ્રમાણે આપણો સમાજ મુર્ખ બનવા માંગે છે, માંદો રહેવા માંગે છે તેથી એને આવા ભગત–ભુવા–પીર–બાવા–પાદરી–સાધુ–મૌલવી મળી જાય છે. સમાજ માંગે અને તેને મળે નહીં એવું તો બનતું નથી. માંગ–પુરવઠાના વાયુમંડળમાં કશે શુન્યાવકાશ રહેતો નથી.

•દર્દીઓનું ચીત્ર•

સુરત જેવા શહેરમાં આવા ભગત–પીરની સંખ્યા એક હજારથી ઓછી નહીં હોય. જે ભગતના

ચોપડા મળ્યા છે તે 2001ની સાલના છે. કદાચ, એકાદ–બે ચોપડા ઓછા પણ મળ્યા હશે. જે ચાર ચોપડા મળ્યા છે તેમાં દર્દીઓનાં પુરા નામ, સરનામા, વ્યવસાય અને કેટલાકમાં તો એમના કુટુમ્બીજનો અને સગાસમ્બન્ધીઓનાં નામ–સરનામા પણ લખ્યાં છે. આ બધાની વીગતો વાંચતા સમજાય છે કે રુઢીચુસ્ત ગણાતો આપણો સમાજ આવા ક્ષમતાવીહોણા લોકો સમક્ષ પોતાનાં મન (અને તન પણ) સા'વ ખુલ્લા કરી દે છે. આ ઉઘાડ એટલો બધો હોય છે કે તે માહીતી મેળવીને કોઈ પણ ભુવો–પીર દર્દીનું, અંગ્રેજીમાં જેને, બ્લેક–મેઈલીંગ કહે છે તે, કરી શકે. જે ચાર ચોપડા મળ્યા છે તેમાં 771 દર્દીઓની પુરી ઓળખ સાથેના ઉલ્લેખ છે. એમ ધારી લઈએ કે એક વર્ષમાં આ ભગતે આ ચાર ચોપડામાં સમાવવામાં આવ્યો છે એટલો જ ધંધો કર્યો છે અને તે ધંધો રોજેરોજ કર્યો છે એટલે કે રવીવારની અને બેસતા વર્ષની પણ

એણે રજા લીધી નથી તો રોજ એની દુકાને સરેરાશ નવા બે ગ્રાહકો દર્દી બનીને આવતા હતા. ચોપડા જોતાં દેખાય છે કે માતા બનવાની આકાંક્ષાવાળી મહીલાઓને તો એ એક મહીનાના આંતરે ‘કરવા’ માટે બોલાવતો હતો. બીજા ઘણા દર્દીઓને તે એકાધીકવાર બોલાવતો હતો. ચોપડા જોતાં પુનઃ મુલાકાત માટેની સરેરાશ ત્રણની મુકી શકાય એટલે કે, એની દુકાને સરેરાશ રોજના બે નવા અને ત્રણ જુના દર્દીઓ આવતા હતા. જો શહેરમાં આવા ભગત–પીર 1,500 આસપાસ હોય તો સુરતમાં રોજ નવા 3,000 માણસો આ અકથીત રોગના સ્વેચ્છાએ રોગી બની આવા અનાધીકૃત માણસો પાસે જાય છે. નીચેનો કોઠો તપાસતા દેખાય છે કે આવા દર્દીઓમાં 20 ટકા સુરત બહારના લોકો છે. રોજના નવા 3,000 માણસોની સરેરાશ વર્ષાંતે એક યા બીજા ભગત–પીર પાસે જાય છે! એમાંથી 20 ટકા બહારના બાદ કરીએ તો સુરતના લોકોના

આંકડો આશરે આઠ લાખ એંસી હજારનો થાય. સુરતની સ્થાનીક વસતી જો સોળ લાખની(2001 પ્રમાણે) મુકવામાં આવે તો માત્ર એક વર્ષમાં એની અડધી વસતી ભુવા–ભગત–પીર–સાધુ–મૌલવી–પાદરી પાસે પોતાની સમસ્યાઓ લઈને જાય છે. આ આંકડો ચોંકાવનારો છે. તે આપણા માંદા સમાજની સાક્ષી પુરે છે.

કોઠો–1

સુરતના એક ભગતના દર્દીઓની માહીતી

(ઈ.સ. 2001)

1	2
સ્ત્રી	465
પુરુષ	306
કુલ સરવાળો	771

કોઠો–2

સુરતના એક ભગતના દર્દીઓની માહીતી

(ઈ.સ. 2001)

1	2
સુરત બહારના	121 *
સુરતના	650
કુલ સરવાળો	771

* જેમાં નવ વીદેશના છે.

આ કોઠો સુચવે છે કે સુરત એક વ્યાપારી–ઔદ્યોગીક કેન્દ્ર હોવાથી બહારગામથી અનેક લોકોની અવરજવર રહે છે. આ અને આવા અન્ય ભગત–પીરની ખ્યાતી કર્ણોપકર્ણ બહારગામના લોકને પણ પહોંચતી હશે. એમાંના અકથીત રોગથી પીડાતા 121 દર્દીઓની વીગતો જોતાં એવું સમજાયું છે કે એમાંના મોટા ભાગના લોકો એમનાં કુટુમ્બોના સભ્યોની જાણકારી હેઠળ ભગતની સેવા લેતા હતા.

અલબત્ત, પુત્ર ઝંખનાવાળી અને પ્રેમ પ્રકરણમાં સપડાયેલ દર્દીઓમાંના મોટા ભાગના દર્દીઓ ભગતની સેવા ખાનગી રાહે લેતા દેખાયા હતા. બહારગામના દર્દીઓ કદાચ મુલાકાત ગુપ્ત રાખવાના હેતુથી સુરતના ભગતની સેવા લેતા હોય એવું બન્યું હોય. આમ છતાં બહારગામના દર્દીઓનો વીસ ટકાનો આંકડો મોટો છે. જે ભગતના ચોપડાના આધારે આ માહીતી મળે છે તે પોતે મુળ બહારગામનો છે તેથી કદાચ એના જુના સમ્પર્કોને પરીણામે પણ એને ત્યાં બહારગામથી મોટી સંખ્યામાં દર્દીઓ આવ્યા હશે. કોઠા–1માં દર્શાવ્યું છે તેમ કુલ 771 દર્દીઓમાંથી 465 મહીલા દર્દીઓ છે. સ્ત્રીઓના જીવનમાંની મુળભુત અનીશ્ચીતતાઓ, જેવી કે, તદ્દન નવા ઘરને (સસરાને) પોતીકું બનાવીને જીવવાનું, બાળકો પેદા કરવાનાં, પતીને આધીન જીવન જીવવાનું અને તેમાંની કેટલીકના માથે દુઃખસભર વૈધવ્ય ઠોકી

બેસાડાય તે આજીવન જીરવવાનું, એમને સતત સતાવતી હોય છે. ઉપરાંત કુટુમ્બ પરની આર્થીક સમસ્યાનો ભોગ પહેલા એ બનતી હોય છે. સરેરાશ શીક્ષણ ઓછું હોય છે. પરમ્પરાગત મળતાં સંસ્કારને પરીણામે એનો અભીગમ અવૈજ્ઞાનીક–ઈર્રેશનલ હોય છે. આ બધાનું કુલ પરીણામ એ આવે છે કે તે આ અકથીત રોગની સહેલાઈથી અને વધારે પ્રસંગોએ ભોગ બને છે. આ ભગતના કુલ દર્દીઓના ચાલીસ ટકા પુરુષ દર્દી હોવાથી સ્પષ્ટ થાય છે કે વૈજ્ઞાનીક અભીગમ કેળવવામાં અને માનસીક તન્દુરસ્તી જાળવવામાં પુરુષો પણ ઉણા તો ઉતર્યા જ છે. સુરત બહારના દર્દીઓમાં વીદેશના નવ દર્દીઓનો સમાવેશ થતો હતો. આ નવમાંથી પાંચ મહીલા હતી. વીદેશમાં વસનારાઓ ભારતીય સમાજનાં બધા જ લક્ષણો સાથે લઈને વીદેશ જાય છે. આથી આવા બીનનીવાસી ભારતીયો પણ આવા ભગત પાસે આવે તે

સ્વાભાવીક છે. આમ છતાં, પાંચ–સાત ધોરણ ભણેલી અને જેને માટે કોઈ પણ પ્રકારનું દુઃખ દુર કરવું અશક્ય છે એવી વ્યક્તી પાસે એક વર્ષમાં નવ વીદેશવાસી ભારતીય જાય તો એ હકીકત જ ભગતના ‘અહમ્’ને ખુબ પોષે એ સમજી શકાય તેવું છે.

ભગત પાસે આવેલા નવેક બીનનીવાસી ભારતીય રોગીઓ પૈકી એકાદ માટે ભગતે મારેલો તુક્કો જો સાચો પડી જાય તો એ ડૉલરીયા બીનનીવાસી ભારતીય એના પર જરુર કૃપા વરસાવશે. એવા દાખલા નોંધાયા છે કે એમાંના કેટલાકે આવા ભગતોને એમના દેશમાં બોલાવી દીધા છે. એની સાથે ભાગીદારી કરીને બીનનીવાસી ભારતીય વીદેશના એના જેવા ભારતીયોને ગ્રાહક બનાવી ખુબ કમાયા છે. વર્ષ બે વર્ષમાં આવા ભગત વૈશ્વીક ભગત–ભુવા–સન્ત બની ગયા છે. સન્તવીદ્યાનું પણ વૈશ્વીકીકરણ થઈ રહ્યું છે! સાથે જ

અવૈજ્ઞાનીકતાનો ફુગ્ગો પલકારામાં આકાશ સાથે દોસ્તી કરવા માંડે છે. જ્યારે વૈજ્ઞાનીકતા એક એક પગથીયું ચઢતા હાંફી જાય છે. આ ભગત ભલે જાતે આક્રમક એવું બજાર ક્રીયા અજમાવતા નહીં હોય; છતાં પચ્ચીસેક દર્દીઓ એવા હતા કે જેમને ભગતના એજન્ટોએ મોકલેલા. આ એજન્ટો મહદંશે ભગતના સગા, સમ્બન્ધી અથવા અકસ્માતે જેમનું કામ થઈ ગયું હોય તેવા દર્દી હતા. મોટા ભાગના દર્દીઓ હીન્દુઓ હતા. 771માં માંડ 71 દર્દીઓ મુસલમાન હતા. પાંચેક ક્રીશ્ચીયન હતા. વીસેક જૈનો હતા. આ આંકડાનો અર્થ એવો નથી થતો કે હીન્દુઓ સીવાયની કોમના લોકો વૈજ્ઞાનીક દૃષ્ટીવાળા છે. ભગત–ભુવા–પીરની પસન્દગી પણ કોમના આધારે થાય છે. હીન્દુઓ ભગત–ભુવા પાસે જાય છે. મુસલમાનો એમના પીર પાસે જાય છે. અન્ય કોમના પણ એવા જ એમના ધર્મના અવૈજ્ઞાનીકતા વધારતા માર્ગદર્શકો છે જ. મોટા

ભાગના દર્દીઓએ માધ્યમીક કક્ષાનું શીક્ષણ લીધેલું હતું. જ્યારે અલ્પસંખ્ય સ્નાતકો હતા. અડધા જેટલા દર્દીઓ ઉપલા મધ્યમ વર્ગના અને શ્રીમન્ત વર્ગના હતા. ગરીબો માટે આવા મોંઘા ભગત પાસે જવું એ એમની શક્તી બહારની વાત છે. ગરીબોની વસતીમાં ખુબ ઓછી રકમ લઈને અવૈજ્ઞાનીક એવું માર્ગદર્શન આપતા ભુવા–ભગત હોય છે. આથી આ અવૈજ્ઞાનીકતાના ધંધામાં પણ આર્થીક સ્તર એટલે કે શ્રીમન્તાઈ ને ગરીબાઈ કામ કરે છે. શ્રીમન્ત અને ઉપલા મધ્યમ વર્ગના દર્દીઓ માટે ઉંચી ફી લઈને અવૈજ્ઞાનીકતા વધારતા સાધુ–મૌલવી હોય છે.

આથી આ ભગત પાસે અન્ય કોઈ ધર્મના અને અન્ય સ્તરવાળા નહીં આવતા હોય તેનો અર્થ થતો નથી કે તેઓ વૈજ્ઞાનીક અભીગમવાળા હોય છે. એમના ધર્મ અને વર્ગ પ્રમાણેના જે ભગત–પીર હોય છે. તેમની પાસે એમનો અકથીત રોગ લઈને જતા હોય છે. આમ આ અકથીત રોગની સાથે

આપણા પુરાણા રોગ સામ્પ્રદાયીકતા અને વર્ગભેદ; પણ લાગુ પડેલા છે. અલબત્ત, દરેક ભગત–પીરના દર્દીઓમાં થોડા અપવાદો મળતા હોય છે.

‘સત્યશોધક સભા’નું માસીક

‘સત્યાન્વેષણ’નું વાર્ષીક લવાજમ :

રુપીયા 200/- (સભ્યપદ સાથે)

અને

આજીવન : રુપીયા 2,000/-

સત્યશોધક સભા,

C/0 શ્રી. શં. ફ. અગ્રવાલ ટ્રસ્ટ

8/1308, રંગીલ્દાસ મહેતાની

શેરી, ગોપીપુરા, સુરત.

માણસના જીવનમાં આકાંક્ષા, સમસ્યા અને પ્રતીકુળ પરીસ્થીતી પેદા થાય છે. આ અંગેના ઉપચાર માટે તેઓ ભગત–પીરને ત્યાં જાય છે. એમને એટલી બધી શ્રદ્ધા હોય છે કે એમના કોઈ પણ સવાલનો જવાબ ભગત–પીર આપી શકશે જ એવું દૃઢતાપુર્વક માને છે. મળેલા ચોપડાનો અભ્યાસ કરતાં સમજાય છે કે આ પ્રકારના સવાલોનું વર્ગીકરણ થઈ શકે તેમ છે. દરેક દર્દીનો સવાલ અનોખો હોતો નથી. એમના ઘણા સવાલો સમાન લક્ષણો ધરાવતાં દેખાયાં છે.

4

વૈવીધ્યસભર દર્દો

અનુક્રમણીકા

માણસના જીવનમાં આકાંક્ષા, સમસ્યા અને પ્રતીકુળ પરીસ્થીતી પેદા થાય છે. આ અંગેના ઉપચાર માટે તેઓ ભગત–પીરને ત્યાં જાય છે. એમના કોઈ પણ સવાલનો જવાબ ભગત–પીર આપી શકશે જ એવું તેઓ દૃઢતાપુર્વક માને છે. મળેલા ચોપડાનો અભ્યાસ કરતાં સમજાય છે કે આ પ્રકારના સવાલોનું વર્ગીકરણ થઈ શકે તેમ છે. દરેક દર્દીનો સવાલ અનોખો હોતો નથી. એમના ઘણા સવાલો સમાન લક્ષણો ધરાવતાં દેખાયાં છે, આથી આ 771 દર્દીઓના સવાલોનું વર્ગીકરણ થઈ શક્યું છે, જે આ પ્રમાણે છે :

કોઠો–3

સુરતના એક ભગતના દર્દીઓના સવાલોનું વર્ગીકરણ (ઈ.સ. 2001)

ક્રમાંક	સવાલોનો વર્ગ	દર્દીઓની સંખ્યા
1	કૌટુમ્બીક	307
2	આર્થીક	225
3	શારીરીક રોગો	239
કુલ સરવાળો...		771

•કૌટુમ્બીક સવાલો•

771માંથી સૌથી વધારે એટલે કે 307 સવાલો, કૌટુમ્બીક સવાલો છે. સમાજનો બહુ મોટો ભાગ નાની મોટી કૌટુમ્બીક સમસ્યાઓ ઉભી કરે છે અથવા એમાં ફસાયેલો હોય છે.

આ સમસ્યાઓમાંથી મુક્ત થઈને કાર્યો કરવાનો સમય આવા માણસોને મળતો નથી.

કૌટુમ્બીક સવાલોમાં મુખ્યત્વે છોકરીના લગ્ન ‘સારા’ ઘરમાં થાય, સગપણમાં, સમ્બન્ધમાં અને પ્રેમમાં નામુકરર જતી વ્યક્તીઓ, તડપતું માતૃત્વ, પુત્ર આકાંક્ષા, મોટા ભાગના કીસ્સાઓમાં પતી અને થોડા કીસ્સામાં ભાઈ અને પીતાની દારુની લત, પતી અથવા પત્ની સાથે મનમેળનો અભાવ, પ્રેમી/પ્રેમીકા તરફથી સ્વયંભુ સમર્પણની આકાંક્ષા, રખાત અથવા પરપુરુષ સાથેના જીવનસાથીના સમ્બન્ધો, ત્યક્તાની પતીગૃહે પુનઃ પ્રવેશની આકાંક્ષા, ઘર છોડી ગયેલી પત્ની પુનઃ શ્વસુરગૃહે આવે તેવી પતીની આકાંક્ષા, જેવા સવાલોનો સમાવેશ થાય છે. એક પુરષે એની પત્નીના અન્ય પુરુષ સાથેના સુંવાળા સમ્બન્ધોની ચર્ચામાં પરપુરુષને ‘રખાત’ તરીકે ઓળખાવ્યો છે.

કૌટુમ્બીક સમસ્યાઓ માણસને ખુબ સતાવતી હોય છે.

કેટલાક માણસો તો સમસ્યાઓને પરીણામે લાગણીની એટલી બધી ઉત્કટતા અનુભવે છે કે જાણે ઘેલા બની જાય છે. આ પ્રકારની સમસ્યાઓના ઉકેલ માટે તેઓ ખુબ જ નાણાં અને સમય ખર્ચી નાંખે છે. કૌટુમ્બીક મોરચે માની લીધેલા દુશ્મનને ખતમ કરી નાંખવા સુધીની વેરવૃત્તીના વરવા પ્રદર્શન કરતો એક પત્રને જોઈએ.

આ પત્ર લેખકે બે મહીનાના ટુંકા ગાળામાં ભગતને લાંબા લાંબા પાંચ પત્રો લખ્યાં છે. આ દર્દી ભગતનો ખુબ લાડકો 'ભાણીયો' થઈ ગયો હતો. ભ્રામક ઉપચાર કરાવવા માટે આ દર્દીએ ભગતને 'પુ. મામા'થી સમ્બોધન કરીને જે પત્રો લખ્યા છે, તેમાંથી પાંચ પત્રો 'સત્યશોધક સભા' અને તેના સહમન્ત્રી માધુભાઈને હાથ લાગ્યા છે. તેમાં વ્યક્ત થતી વેરની લાગણીની ઉત્કટતા દર્શાવતા કેટલાક અંશો આ પ્રમાણે છે :

– આગળવાળાનું મગજ એવું બનાવી દો કે અમે કહીએ તે કરે... અમે એને અમારા ઘરમાં પગ મુકવા દેવા બીલકુલ રાજી નથી. તેથી તેનું મગજ ફેરવી નાંખો...

– આ ત્રણે જણને તાત્કાલીક લકવા અવસ્થા ધારણ કરાવો. તાત્કાલીક જીન્દગીભર માટે પથારીવશ કરો.

– મારી જેઠાણીનો આજીવન માટે પેશાબ તથા ઝાડો બન્ને હમ્મેશ માટે બન્ધ કરી દો અને મરેલા મુડદા સમાન આંગળી પણ ઉંચી ન થાય એટલી અશક્તી તેનામાં દાખલ કરો. હમ્મેશ માટે.

– મારો નાનો ભાઈ (અને અન્યો) રહેવા આવવાના છે, તો તેઓને રાત્રી સમયમાં એમના પર તમાચાનો માર પડે તેમ જ તેઓ બન્ને ભેગા થાય (સમ્ભોગ કરે –સુ.શાહ) ત્યારે શરીરમાં ખોટી અસર ચાલુ થઈ જાય... 'મામા દેવા' તમારા હવનમાં મારા બન્ને ભાઈઓને તેમ જ બન્ને

ભાઈઓની પત્નીઓનો ભોગ લઈ લો. (હવનની ધાર્મીકતાનો વાસ્તવીક મર્મ આ માંગણીમાં વ્યક્ત થાય છે. –સુ.શાહ)

– મારી અગાઉ લખેલી તમામ પ્રાર્થના તાત્કાલીક અત્યારે પુરી કરવા મહેરબાની કરશો.

આ પત્ર વાંચતા દરેકને સમજાવું જોઈએ કે આપણા સમાજમાં ‘અકથીત રોગ’ કેટલો ઉંડો અને વ્યાપક પ્રસરેલો છે. ભગત માંડ માધ્યમીક શીક્ષણ પુરું કરી શક્યો છે. દર્દી સ્નાતક થયેલો દેખાય છે. દર્દીના મનપ્રદેશમાં ભાઈઓ અને ભાભીઓ વીરુદ્ધ પ્રમાણ બહારનો દ્વેષ પેદા થયો છે, આ દ્વેષનો ઉકેલ એને મળતો નથી. એ માટે અધીકૃત મનોચીકીત્સક પાસે જતો નથી; પરન્તુ હજારો રુપીયા ખર્ચીને ખોટા ઉપાય માટે ખોટા માણસ પાસે જાય છે. એને પુજ્ય માને છે. એ ‘ભગત–મામાને દેવ’ માની એની પાસે બધા ઉકેલ માંગે છે.

કૌટુમ્બીક સમસ્યોમાં જે મુખ્ય પ્રશ્ન બાળક પ્રાપ્તીનો છે તે માટે એક મુસ્લીમ બાઈ અંગે ભગતે એના ચોપડામાં નોંધ લખી છે કે, એક છોકરી પછી પુત્રફળ નથી, માસીક સરખું આવતું થાય અને પુરા માસે બાળક આવે તેવી મનની ઈચ્છા પુરી થાય. (ભગતે ત્યાર બાદ બાઈને 'કરવા' માટે બોલાવેલી, બાઈ ગઈ હતી કે કેમ તેની નોંધ ચોપડામાં નથી.)

•આર્થીક સવાલો•

કુલ 771 સવાલોમાંથી ભગતને સૌથી ઓછા એટલે કે 225 આર્થીક સવાલો મળ્યા છે. એમાંના પચાસ ટકા સવાલો તો વળી પાછા કૌટુમ્બીક ઝઘડામાંથી પેદા થયેલા છે. આમ આપણા સમાજમાં મુખ્ય સમસ્યા તો કુટુમ્બમાંથી જ પેદા થાય છે. આર્થીક સવાલોમાં મુખ્યત્વે કુટુમ્બના સભ્યો વચ્ચે મીલક્તોની વહેંચણી, મીલક્તોનું અને તેમાંયે મકાનનું વેચાણ, ધંધો વધારવો, હરીફને

મહાત કરવો, દેવા નાબુદી, પરદેશથી વરદીઓ મેળવવી, ગામ છોડીને આવેલાઓની ગામની મીલક્તોમાં અહીં બેઠા ભાગ મેળવવા, જેવા પ્રશ્નોનો સમાવેશ થાય છે. ભગતના ચોપડાઓનો અભ્યાસ કરતાં માલુમ પડે છે કે બહારગામથી આવતા દર્દીઓની મુખ્ય સમસ્યા આર્થીક બાબતોની છે. ખુબ આશ્ચર્યકારક રીતે એ હકીકત પ્રકાશમાં આવે છે કે સ્થાનીક દર્દીઓ પૈકી ઘણી મહીલાઓ ભગત પાસે આર્થીક પ્રશ્નો લઈને આવી હતી. કુટુમ્બની આર્થીક પરીસ્થીતી માટે ભલે પુરુષપ્રધાન સમાજમાં પુરુષનું ઉત્તરદાયીત્વ હોય છતાં એનાં પરીણામ મહીલાએ ભોગવવાના છે, તેથી એની તીવ્ર ઈચ્છા હોય છે કે કુટુમ્બની આર્થીક સમતુલા જળવાય. ભગતના ચોપડાઓની નોંધો વાંચતા સ્પષ્ટ થાય છે કે મોટા ભાગની સ્ત્રીઓ આર્થીક પરીસ્થીતી સુધારવા પોતાનો સીધો ફાળો આપી શકતી નથી. સામાજીક અને કૌટુમ્બીક પરીસ્થીતી એમને સક્રીય

થવા દેતી નથી. આથી તેઓ મુંઝાય છે. પરીણામે ભગત મારફતે આર્થીક પરીસ્થીતી સુધારવાનો મીથ્યા પ્રયત્ન કરીને તેઓ કંઈક કર્યાનું આશ્વાસન લે છે. આ બધા જ પ્રકારના સવાલો 'અકથીત રોગ'ની ચાડી ખાય છે; છતાં એ દર્દના મુળમાં કંઈક કર્યાનું આશ્વાસન મેળવવાની તાલાવેલી પણ દેખાય છે.

બહારગામથી સુરતમાં આવતા પુરુષો મહદ્ અંશે આર્થીક પ્રવૃત્તીઓ માટે આવતા હોય છે. એ જ પ્રવૃત્તીઓને લગતી સમસ્યા એમને સતાવતી હોય છે. આથી બહારગામથી આવતા દર્દીઓ પૈકી મોટા ભાગના પુરુષો આર્થીક સમસ્યા માટે ભગત પાસે આવે તે સમજી શકાય તેવું છે. મુળભુત રીતે તો કૌટુમ્બીક વારસાને લગતા પ્રશ્નોમાંથી મીલક્તોની વહેંચણીના આર્થીક પ્રશ્નો પેદા થાય છે, જે ભગતને મળેલા દર્દીઓની

કથનીઓમાંથી સ્પષ્ટ થાય છે. એવા એક દર્દીની કથની આ પ્રમાણે છે (અસલ ઓળખાણ ગુપ્ત રાખીને) :

–જય ગુરુદેવ

–અડધો ભાગ ભાઈ પાસે છે. એને જરુર ન હોવા છતાં હેરાનગતી કરવા આપતો નથી. તેને ભાગે પડતા પૈસા ચુકવવા છતાં પણ ના પાડે છે.

–પુરો ભાગ મળી જાય તો મકાન માલીક પાસેથી આ દુકાન વાજબી ભાવે વેચાતી લઈ શકાય.

–મારા દીકરાને લગભગ સાત મહીના પછી ઘાત છે એવું જ્યોતીષીએ કહેલું તેનું રક્ષણ થાય તેવું યોગ્ય કરશોજી.

–ધંધાની તથા બીજી ઉઘરાણી આવતી નથી.

આમ, આ ધંધાદારી ભગત પાસે કેટલીયે અપેક્ષા રાખે છે. (1) કૌટુમ્બીક ભાગનો પ્રશ્ન નીર્વીઘ્ને પાર પડે. (2) નવી દુકાન ખરીદી શકાય.

(3) બીલકુલ અવૈજ્ઞાનીક એવા જ્યોતીષીએ છોકરા પરની આવનાર ઘાતનું એના મગજમાં ઘાલેલા ભુતને દુર કરવાનું અને (4) બધી ઉઘરાણીનાં નાણા મેળવવાના. અમદાવાદની 'ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઑફ મેનેજમેન્ટ'ના સ્નાતકો ધંધાનું કાર્યક્ષમતાપુર્વક સંચાલન કરવા માટે આખી દુનીયામાં જાણીતા છે. એ બીચારાઓને પણ આ ચાર સમસ્યાઓના એકી સાથે ઉકેલ લાવવા માટે રોકીએ તો એમને પણ પસીનો પડી જાય. આવા મુશ્કેલ સવાલોનો ઉકેલ ભગત ચપટી વગાડતા આપી દેશે. આવું માનવું શું એ પોતે એક રોગ નથી? વધારામાં રોગનો રોગ તો એ છે કે એક લેભાગુએ દીકરા પર આવનાર ઘાતનું ભુત દર્દીના મનમાં ઘાલ્યું છે. ત્રણ ત્રણ વીકટ આર્થીક સમસ્યાના ચપટીમાં ઉકેલ લાવનાર ભગતને માથે આ ચોથી સમસ્યાનો ઉકેલ પણ ડાબા હાથનો ખેલ છે, માનનારો શું એક રોગી નથી?

●શારીરીક રોગના સવાલો●

કૌટુમ્બીક સવાલો પછી સૌથી વધારે સવાલો એટલે કે 239 સવાલો ભગતને શારીરીક રોગોના પુછવામાં આવ્યા છે. દર્દીઓની શારીરીક રોગની સમસ્યા માટે પણ ભગત–પીર પર વીશ્વાસ મુકવામાં આવે છે, ત્યારે તો આપણા સમાજ માટે ખુબ ચીંતા પેદા થાય છે. શારીરીક રોગના ઉપચાર માટે અધીકૃત ડૉક્ટરો છે અને તે સમ્પુર્ણ વૈજ્ઞાનીક ઢબે નીદાન કરીને શક્ય તે ઉપચાર કરે છે, એની માહીતી ભગત પાસે આવતા દર્દીઓને હોય જ. આમ છતાં, તેઓ ભગત–પીર પાસે જાય અને તેના કોઈ પણ અગડમ બગડમ ઉકેલને આપણો સમાજ સ્વીકારે એ માનસીક **'અકથીત રોગ'** જ છે. એક ભગત પાસે શારીરીક રોગના વર્ષે 239 દર્દીઓ આવે અને રોગને વકરાવે તેવો સમાજ શારીરીક રીતે તંદુરસ્ત રહે એ માનવું વધારે પડતું છે. આપણો સમાજ અબજો રુપીયા ખર્ચીને લાખો ડૉક્ટરોને તૈયાર કરે છે. એમાંનો મોટો ભાગ સુરત

જેવા શહેરી વીસ્તારોમાં પોતાનો વ્યવસાય કરે છે; છતાં એક જ ભગત પાસે વર્ષે બસ્સોથી પણ વધારે માણસો શારીરીક રોગના ઉકેલ માટે જાય તે હકીકત જ કોઈ પણ સમાજને માટે શરમજનક છે.

મોટાભાગની મહીલાઓ બાળક મેળવવા માટે ભગત પાસે જાય છે. તેનું કારણ એ છે કે તે સમાજમાં અને કુટુમ્બમાં પોતાનું સ્થાન ટકાવી રાખવા માંગે છે. કુટુમ્બમાં સૌથી દુઃખદાયી દરજ્જો વીધવાનો છે. ત્યાર બાદ વાંઝણીનો છે અને ત્યારબાદ પુત્રીની માતાનો છે. આથી બાળક મેળવવા માટે ભગત પાસે આવતી મહીલાઓની સમસ્યા શારીરીક રોગની નથી, તે એક કૌટુમ્બીક સમસ્યા છે. આથી તેવા દર્દીઓને કૌટુમ્બીક સમસ્યા હેઠળ સમાવવામાં આવી છે. ઉપરાંત બાળકનું હોવું કે નહીં હોવું તે માટે એકલી પત્નીનું શરીર જવાબદાર હોતું નથી, પતીનું શરીર પણ જવાબદાર હોય છે. આથી આ શારીરીક રોગોને

લગતી સમસ્યાઓમાં ક્ષય, પેટમાં ચુંક, પેઢામાં દુ:ખાવો, અનીન્દ્રા જેવા રોગોને સમાવવામાં આવ્યા છે.

આ દર્દીઓ ભગતમાં એટલી શ્રદ્ધા ધરાવે છે કે તેઓ દ્રઢતાપુર્વક માને છે કે ભગત મીલક્તના વેચાણથી માંડી અનીન્દ્રા સુધીની સમસ્યાના ઉકેલ આપી શકશે! બીજી બાજુ તબીબી વીજ્ઞાનમાં એટલું બધું વીશીષ્ટીકરણ આવી ગયું છે કે ક્ષયની સુશ્રુષા કરનાર તબીબ અનીન્દ્રાની સુશ્રુષા કરવા માટે પોતાની અશક્તી જાહેર કરે છે. આવા એમ.ડી. સુધી ભણેલાઓ આ ભગત પાસે, ભગતને ત્યાં જાણે પાણી ભરતા હોય તેમ આ દર્દીઓ પોતાના શારીરીક રોગોની સમસ્યા લઈને ભગત પાસે જાય છે!

આ ‘અકથીત રોગ’ના દર્દીઓને ભગતમાં કેટલી બધી શ્રદ્ધા છે તે માટે આ એક પત્ર (અસલ ઓળખ છુપાવીને) વાંચવો પુરતો છે.

'ઉંઘ ઘણી જ ઓછી આવે. કોઈ જાતનું ચેન પડે નહીં. મન મુંઝાયા કરે છે. છાતીએ ભારને ભાર રહે છે. કોઈ જાતનું ભાન રહેતું નથી. આંખો ઉપર ભાર, અંધારા, ચક્કર જેવું રહે છે. સુનમુન બેસી રહી કોઈની સાથે બોલવા ચાલવાનું ગમે નહીં. જીવ આકુળ–વ્યાકુળ થયા કરે. હાથે અશક્તી, વધારે ખાવા–પીવાનું ભાવે નહીં. શરીરમાં ઝીણો તાવ રહ્યા કરે. દવા–દારુ ગુણ કરતાં નથી. લોહી ચુસાઈ ગયેલું બતાવે છે. આમને આમ તારીખ 23–12–2000ના રોજ બપોરથી શરીરમાં પ્રવેશ કરેલો છે, ત્યારથી આજદીન સુધી કોઈના સાથે બોલવા ચાલવાનું ગમે નહીં. કોઈ કોઈ વાર ઘરમાંથી નાસી જવાનું ભાગી જવાનું, આપઘાત કરવાનું મન થાય, છોકરા–છોકરી સાથે પણ બોલવા–ચાલવાનું ગમે નહીં.

આવી બીલકુલ સામાન્ય કહી શકાય તેવી શારીરીક અશક્ત અને એનીમીયા જેવા રોગની

ફરીયાદ લઈને આ દર્દી ભગત પાસે આવેલ. દર્દી પોતે જે વર્ણન કરે છે તે જોતાં એણે એમ.ડી. થયેલા ડૉક્ટરને પણ મળવાની જરુર નથી. એના જ વીસ્તારમાં કોઈ પણ એમ.બી.બી.એસ. પદવીધારી ડૉક્ટરને મળીને તે આ રોગનું નીદાન અને ઉપચાર કરાવી શકતે. એનો રોગ પણ મટતે અને ભગતને જે રકમ આપી તેના કરતાં ઓછા ખર્ચમાં તે નીરોગી બની જાત. ભગતે આ બાઈનું જે વર્ણન કર્યું છે તે જોતાં એણે માધ્યમીક શીક્ષણ લીધેલું હોય એવું માલુમ પડે છે. એટલે કે, એના વર્ણન પ્રમાણેના રોગનું નીવારણ એમ.બી.બી.એસ. પદવીધારી ડૉક્ટર કરી શકે તે બાબત એ જાણતી હોવી જ જોઈએ. પોતાના વીસ્તારના એવા ડૉક્ટરને મળવાને બદલે એના ઘરથી પાંચ કીલોમીટરથી પણ વધારે દુરના એવા ભગતને તે મળવા ગઈ એ હકીકત જ સુચવે છે કે પોતાના શારીરીક રોગની સમસ્યાના ખોટા ઉકેલને મેળવવા માટે ખોટા માણસ પાસે ગઈ

કે જે એનો ‘અકથીત રોગ’ છે એ સ્પષ્ટ થાય છે. એના જેવા બીજા 238 શારીરીક રોગવાળા પણ આ ‘અકથીત રોગ’થી પીડાતા હતા એ ખાતરીપુર્વક કહી શકાય.

●અન્ય●

આ ત્રણ પ્રકારના સવાલો લઈને આવેલા દર્દીઓ ઉપરાંત કેટલાક દર્દીઓ સાવ અક્કલ વગરના સવાલો લઈને ભગત પાસે આવ્યા હતા. એક દર્દી એવો આવ્યો હતો કે જે એવી ફરીયાદ કરતો હતો કે ગળામાં વાયુ ભરાઈ ગયો છે! ભગત તે કાઢી આપે એવી એની અપેક્ષા હતી. બીજો દર્દી એવી ફરીયાદ લઈને આવેલો કે રાત્રે પાણી ભરેલો ટાંકો સવારે ખાલી થઈ ગયો હતો. એનું કારણ ભગત શોધી આપે! વળી, ત્રીજો દર્દી એવો હતો કે જે ભગત પાસે ગયો હતો તેનું માહીતી ભગત પુર્વેના સાચા ચીકીત્સક એમ.બી.બી.એસ. પદવીધારી ડૉક્ટરને મળી. આથી આ ભલા ડૉક્ટરે

ભગતને સીધું લખ્યું કે એને ત્યાં આવેલ દર્દી લોહીના ઉંચા દબાણથી પીડાય છે. એને નીયમીત લેવાની દવા લખી આપવામાં આવ્યાનું પણ ભગતને જણાવ્યું. એ દવા દર્દી પાસે હોવાનો અને નીયમીત સેવનથી રોગ અંકુશમાં રહેવાનો દાવો પણ ડૉક્ટરે ભગતને લખી જણાવ્યો. ભગતે આ પત્ર દર્દીને વંચાવ્યો પણ ખરો. આમ છતાં; એ એમ.બી.બી.એસ. પદવીધારીને મહામુર્ખ ગણી આ ભગત–દર્દીની બેલડીએ શારીરીક રોગને એમની આગવી રીતે ખેંચી કાઢવાનું નક્કી કર્યું હતું! આવા નીર્ણયો લેનારા સાચે જ **'અકથીત રોગ'**થી પીડાય છે. એક દર્દીના કીસ્સામાં એવી રમુજ થઈ કે ભગતના 'પ્રયત્નો'થી એક બાઈને માસીક ધર્મ આવતો બંધ થઈ ગયો. આથી, બન્નેએ સાનન્દ સ્વીકારી લીધું કે બાળક આવશે. બન્નેના આશ્ચર્ય વચ્ચે એ બાઈને છ મહીના પછી પુનઃ માસીક ધર્મમાં બેસી એવી ફરીયાદ લઈને બાઈ એ જ

ભગત પાસે પુનઃ 'આવી' હતી! આ ભગતને ફરીયાદ સમજવા માટે જન્માક્ષરની ખુબ ઓછી જરુર પડે છે. 771માંથી માત્ર છ જ વ્યક્તીના જન્માક્ષર એણે જોયા. બીજી બાજુ, એવા કેટલાયે બાવા અથવા તો જોશીઓ એવા છે કે જે જન્માક્ષર વીના ફરીયાદો–દર્દો સમજી શકતા નથી. આટલી બધી વીસંગતતાઓ છે તેથી જ આ આજની ભુવા – પીર – સાધુ –બાવા – મૌલવી – પાદરીઓની જમાત અવૈજ્ઞાનીકતાની પ્રવર્તક છે એમ કહી શકાય. 771 વ્યક્તીઓના સવાલોમાં એક પણ સવાલ શૈક્ષણીક બાબતોનો નહોતો એ ખુબ જ આશ્ચર્યકારક ઘટના છે. બાળકોનો કે પોતાનો પ્રવેશ, પરીક્ષાના પરીણામની સાથે સાથે વર્ગ કે ક્રમાંક જેવા અનીશ્ચીતતાથી ભરપુર પ્રશ્નો 771માંથી કોઈને પણ સતાવતા નહોતા! શું આ ભગતને એવા વર્ગમાંથી ઘરાકી જ નહીં મળી એવું ધારવું કે સમાજમાં શીક્ષણની કોઈ અગ્રીમતા જ નથી એમ ધારવું? આ

પ્રશ્નો વધારે સંશોધન માંગે છે. અન્ય કોઈ ભગતના ચોપડાના અભ્યાસની આ મુદ્દા પર તો જરુર છે જ. આ ભગત પાસે રાજકારણીઓ પણ આવ્યા નથી. આરંગેત્રમ જેવી સાંસ્કૃતીક પ્રવૃત્તીથી માંડી ખેલકુદ જેવી પ્રવૃત્તીની સમસ્યા કોઈ પણ દર્દીને સતાવતી નહોતી! રાજકારણ તો બીલકુલ અનીશ્ચીત એવો ધંધો/વ્યવસાય છે તેથી રાજકારણીઓનો મોટો ભાગ કોઈને કોઈ ભુવા–પીર પાસે જાય છે. આ બીચારા ભગતને ત્યાં આવો કોઈ ઘરાક આવ્યો જ નહોતો, એવું મળેલા ચોપડાના આધારે કહી શકાય. સાંસ્કૃતીક, બૌદ્ધીક, ખેલકુદ, સાહસને લગતી પ્રવૃત્તીઓ આપણા માંદલા સમાજમાં કોઈ સ્થાન ધરાવતી જ નથી, એથી એને લગતી કોઈ સમસ્યા આપણા સમાજની કોઈ વ્યક્તીને સતાવતી હોય એવું વીચારવું તે બીલકુલ અવાસ્તવીક છે!



'સો દુ:ખોની એક દવા એટલે ભગતની મુલાકાત' જેવી નવી કહેવત બનાવવી પડે એવું આ ભગતના ચાર ચોપડા બોલે છે. કૌટુમ્બીક, આર્થીક અને શારીરીક રોગોની સમસ્યા લઈને અકથીત દર્દથી પીડાતા દર્દીઓ ભગતનો ઓટલો ચઢતા હતા અને ભગત બધાને સાજા–નરવા કરી આપતો હતો એવો ભ્રમ પેદા કરીને, તે ભ્રમને જાળવી શકતો હતો.

ચારે ચોડાનો અભ્યાસ કરતાં માલુમ પડ્યું કે એ દેખીતો ભલે બેધ્યાન હોવાનો ડોળ કરતો; પરન્તુ દર્દીની અંગત બાબતો પર ખાસ ધ્યાન આપતો. દર્દીનું નામ, સરનામું, વ્યવસાય બરાબર નોંધી લેતો. એ બધું તે મોટા અક્ષરે લખતો. ત્યારબાદ જે કંઈ ફરીયાદ હોય તે બરાબર સમજાય તેવી રીતે લખતો. પુત્ર ઝંખનાવાળીના નામની સામે અચુલ ઘોડીયાનું ચીત્ર દોરતો અને ‘કરવા’ માટેની તારીખ લખતો, મહીનાના અન્તરાની તારીખ આપતો, ભાગ્યે જ બે મહીલાને એક તારીખ આપી હોય એવું બનતું.

5

ઉપચારની ભ્રામકતા

અનુક્રમણીકા

'સો દુ:ખોની એક દવા એટલે ભગતની મુલાકાત' જેવી નવી કહેવત બનાવવી પડે એવું આ ભગતના ચાર ચોપડા બોલે છે. અનેકવીધ કૌટુમ્બીક, આર્થીક અને શારીરીક રોગોની સમસ્યા લઈને અથકથીત દર્દથી પીડાતા દર્દીઓ ભગતનો ઓટલો ચઢતા હતા અને ભગત બધાંને સાજા–નરવા કરી આપતો હતો એવો ભ્રમ પેદા કરીને, તે જાળવી શકતો હતો. ચારેક વર્ષની એની આ ધુર્તતા બાદ અન્દરોઅન્દર સળવળાટ થયો. એકાદ બે નીભ્રાર્ન્ત થયા. આપણા સમાજમાં નીભ્રાર્ન્ત તો ઘણા થયા છે; પરન્તુ તે થયા બાદ પ્રગટપણે સ્વીકારતા નથી કે પોતે મુર્ખ બન્યા છે. આપણે નાગરીકો ન્યુનતમ અપેક્ષીત સમાજલક્ષીતા ધરાવતા નથી કે

જેથી એવો વીચાર કરી શકીએ કે આપણે મુર્ખ બન્યા હતા, અન્યો મુર્ખ બનવા જોઈએ નહીં. આવા ભગત જેવા ધુર્તને હાંકી કાઢવા જોઈએ. આપણે જે ‘અકથીત રોગ’ના ભોગ બન્યા છીએ તે અન્યો બનવા જોઈએ નહીં એવો સમાજલક્ષી ખ્યાલ આપણને આવતો નથી. તેટલું સામાજીક ઉત્તરદાયીત્વ આપણે કેળવી શક્યા નથી. સમસ્યાના ઉકેલ માટે જેઓ સાચો ઉકેલ આપી શકે તેમનું માર્ગદર્શન અને ચીકીત્સા લેવાના સાદા પરન્તુ નીરોગી મગજના લક્ષણને વીકસાવવું જોઈએ. આપણા ‘માંદા સમાજ’ની આ બીજી એક લાક્ષણીકતા છે. સુરતની ‘સત્યશોધક સભા’ના અલપસંખ્ય કાર્યકરો આ ઉત્તરદાયીત્વને નીભાવે છે; પરન્તુ એમના પ્રયત્નો દરીયા જેવા સમાજમાં ખસખસ જેવા છે. સમાજમાં જે થોડાઘણા સંવેદનશીલ માણસો છે, જે જ્ઞાતી–જાતી ધર્મની પણ ઉપર ઉઠી શકે તેવા છે અને ખાસ કરીને જેઓ

યુવાન છે એમણે સહજ ભાવે આ ઉત્તરદાયીત્વ નીભાવવું જોઈએ.

ચાર–પાંચ વર્ષથી સુરતમાં ધામા નાંખેલા આ ભગતના ભ્રામક ઉપચારથી નીર્ભ્રાન્ત થયેલા કેટલાકોએ ‘સત્યશોધક સભા’ના કાર્યકરોનો સમ્પર્ક કર્યો. કાર્યકરોએ એ ભગતની ધુર્તતાનો પર્દાફાશ કર્યો. એની પાસેથી એની સમ્મતીએ મળેલા ચાર ચોપડાએ સમાજની રુગ્ણતાને પ્રકાશમાં આણી.

સમસ્યાથી ઘેરાયેલી વ્યક્તીએ કે રોગથી પીડાતા દર્દીએ પોતાના સવાલના ઉકેલ માટે ‘જાતે’ કંઈક કરવાનું હોય છે. આપણે તે ‘અન્યો’ કંઈક કરે અને પોતાને કશું નહીં કરવું પડે એવો અભીગમ ધરાવીએ છીએ. આ અભીગમને તેઓ એટલા જોરથી વળગી રહેતા હોય છે કે એમની નજર સમક્ષ સમસ્યા વીકરાળ બની જાય અથવા તો રોગ જીવલેણ થઈ જાય તો પણ તેઓ નીષ્ક્રીયતાનો અભીગમ છોડતા નથી. આ અભીગમ મગજની

નબળાઈ સુચવે છે. આ અભીગમને અનુરુપ તેઓ જ્યારે ખોટા ઉકેલ માટે ખોટા માણસની પસન્દગી કરે છે ત્યારે તે એક દર્દી બની જાય છે.

ભગત–ભુવા–બાપા–પીર–સાધુ–મૌલવીઓ–પાદરીઓ આવા માણસોના આ અભીગમ નબળાઈ અને દર્દને બરાબર સમજે છે. તેઓ જાણે છે કે એમણે એક એવું તેજવર્તુળ રચવું જોઈએ કે જેથી આવા નબળાં મનના માણસો (1) એમનાથી પ્રભાવીત થાય અને (2) સમસ્યા ઉકેલ માટે પૈસા આપે. ભગત–પીર–લોકો તેવું તેજવર્તુળ રચે છે.

આ રચના કર્યા બાદ તેઓ એના પ્રભાવથી દર્દીના મનમાં એવું ઠસાવી શકે છે કે એમની પાસે દૈવી શક્તી છે, જેની મદદથી તેઓ કોઈની કોઈ પણ સમસ્યાઓનો ઉકેલ આણી શકે તેમ છે.

લગભગ બધા જ ધર્મોના અને બધા જ આર્થીક સ્તરોના ભગત–પીર, આથી સમાજમાં પ્રવર્તમાન પ્રચલીત વેશ પહેરતા નથી. તેઓ

મહદ્અંશે ભુતકાળમાં લાંબા સમયથી જેઓ દૈવી અંશ અથવા ખુદ દેવ ગણાયા છે તેમના જેવો વેશ પહેરે છે અને તેવો દેખાવ રાખે છે.

આથી મોટા ભાગના ભગત લાંબા રેશમી ઝભ્ભા અને અબોટીયું, લાંબા વાળ, ટીલા–ટપકાં અને ગળામાં માળા ચઢાવતા હોય છે. મોટા ભાગના પીર કાળા ઝભ્ભાં, મેંશવાળી લાલ આંખ અને વાંકળીયા વાળના ઝુલ્ફા રાખતા હોય છે. એમનું બોલવાનું આજ્ઞાવાચક વાક્યોમાં હોય છે. તેઓ જરા મોટા ઘાંટેથી બોલતા હોય છે. મતભેદ પાડનારની સામે ત્રાડ પાડતા હોય છે.

વાતોમાં વચ્ચે વચ્ચે એમના હાથમાંના ચીપીઓ, લાકડી વગેરે અફળાતા હોય છે. એમાંના કેટલાંકને પોષાય તો આસપાસ એમના જેવા જ ત્રણ–ચાર ચેલાઓ અને એકાદ–બે રુપાળી ચેલીઓ રાખતાં હોય છે. એ સમસ્યા સાંભળતા હોય છે ત્યારે જરા બેધ્યાનપણે સાંભળવાનો ડોળ કરતા

હોય છે કે જેથી દર્દીને સતત એવો આભાસ થાય કે ભગત–પીર અપાર્થીવ એવી કોઈક શક્તી સાથે સંદેશ વ્યવહાર ચલાવી રહ્યા છે! એ દર્દીની સામે જ્યારે જુએ છે ત્યારે જાણે ઉપકાર કરતા હોય તે રીતે જુએ છે – દૃષ્ટીપાત કરે છે! એના ચેલા–ચેલી જાણે ભગતની સેવામાં સતત રહેવાનો ડોળ કરે છે.

આમ કરીને તેઓ દર્દીને એવી ‘સમજ’ આપે છે કે ભગત–પીરની દૈવી શક્તીને કારણે દર્દીની નાણાકીય–શારીરીક–કૌટુમ્બીક સમસ્યા તો દુર થાય જ છે; પરન્તુ વધારામાં ઐશ્વર્ય પણ મળતું હોય છે! આમ, દર્દીની મજબુરીમાં લાલચ અને ભયના મસાલા ઉમેરીને લગભગ ભગત–પીરનો માનસીક ગુલામ બનાવી દેવામાં આવે છે.

આટલું અને આવું બધા જ ભગત–પીર–બાવા–સાધુ–મૌલવી–પાદરી ઓછે વધતે અંશે સામાન્યતઃ કરતા હોય છે. આ બધાંના સ્વરુપ,

ધર્મ અને આર્થીક સ્તર અનુસાર બદલાય છે. એ જ પ્રમાણે ઉપચારની કાર્યરીતી બદલાય છે.

અહીં એક હીન્દુ ભગતના ચોપડા પ્રાપ્ત થયા છે. એ મધ્યમ તથા શ્રીમન્ત વર્ગને સેવા આપતો હતો તેથી તે પ્રમાણેની કાર્યરીતી, મળેલા ચોપડાને આધારે, જણાવવામાં આવી છે.

સાંભળીને ખાતરી આપી દેવી

ભગતના ચારે ચોપડાનો અભ્યાસ કરતા માલુમ પડે છે કે એ દેખીતો ભલે બેધ્યાન હોવાનો ડોળ કરતો; પરન્તુ દર્દીની અંગત બાબતો પર તે ખાસ ધ્યાન આપતો. દર્દીનું નામ, સરનામું અને વ્યવસાય બરાબર નોંધી લેતો. એ બધું તે મોટા અક્ષરે લખતો. ત્યારબાદ જે કંઈ ફરીયાદ હોય તે બરાબર સમજાય તેવી રીતે લખતો.

પુત્ર ઝંખનાવાળીના નામની સામે અચુક ઘોડીયાનું ચીત્ર દોરતો અને 'કરવા' માટેની તારીખો લખતો. મહીનાના આંતરાની તારીખ આપતો.

ભાગ્યે જ બે મહીલાને એક તારીખ આપી હોય એવું દેખાયું છે.

છાતીમાં ગભરામણ, પેઢાના દુખાવા જેવા રોગની ફરીયાદણના છાતી–સ્તન અને ચાર–પાંચના કીસ્સામાં યોની સુદ્ધાનું ચીત્રકામ કર્યું હતું. સ્તન ખુલ્લા કરાવીને જોવાની શંકા એટલા માટે પડે છે કે (1) દરેક ચીત્ર અલગ છે. (2) મોટા ભાગની સ્ત્રીઓનાં બન્ને સ્તન વચ્ચે સમાનતા હોતી નથી. ભગતે ચીતરેલા સ્તન પણ અસમાન કદના છે. (3) જે સ્તન મોટું હોય તેની પાસે તીરની નીશાની મારી 'કરવાનું છે' લખતો. ઘણી વાર 'ડાબી', 'જમણી', 'સુકાઈ ગયેલું', 'ડાબી બ્લોક', 'જમણી બ્લોક' જેવી સુચના પણ લખતો. આ લખાણના આધારે એ દર્દીને કંઈ ને કંઈ 'કરતો'.

બધા ચોપડાઓમાં દર્દનું નીવારણ એવી રીતે કર્યું છે કે જેના આધારે કહી શકાય કે તે સાચા ઉકેલ આપી શકે એમ નહોતું. દર્દીના ખીસ્સાના

આધારે હોમ–હવન–આહ્વાન જેવા કાર્યક્રમો રાખતો. ‘પરીશીષ્ટ–1’ અનુસારના હવનનો ખર્ચ ગણવામાં આવે તો તે આઠ–દસ હજાર રુપીયા સુધીનો થાય. એવા ખર્ચા તે નફો ચઢાવીને દર્દી પાસેથી મેળવી લેતો. દર્દી નીશ્ચીત થઈ જતો કે એની સમસ્યાનો ઉકેલ આવી જશે.

દર્દીઓની રોજની સંખ્યા જોતાં એ અઠવાડીયે એકાદ હવન પ્રતીકાત્મક રીતે કરીને સાગમટે વીસ–પચ્ચીસ દર્દીઓની જથ્થાબન્ધ સમસ્યાઓનો એક હવન દ્વારા ઉકેલો લાવતો! અલબત્ત, ભગતે દરેક દર્દી પાસેથી હવનના અલગ ખર્ચા વસુલ લીધા હોવાનું સમજાય છે.

એના ચોપડામાં એણે નાણાકીય વ્યવહારોના ઉલ્લેખ નહીં થાય તેની કાળજી રાખી છે; છતાં ઓછામાં રુપીયા 70થી માંડી રુપીયા 1200 સુધીની ફી લેતો હતો એવું તારણ નીકળે છે.

પુત્ર/બાળકની આકાંક્ષાવાળીને તે વારંવાર (મહીનાના આંતરે) બોલાવતો. જેઓ વધારે રકમ આપે તેમનું કામ ત્વરીત ધોરણે કરવાની નોંધ લખતો. એ ‘વીઝીટે’ પણ જતો. પ્રેમમાં ભગ્ન થયેલા પાસેથી, એની આજ્ઞાને અધુરી રાખીને તે વ્યક્તીનો ફોટો એ મંગાવતો. બે–ત્રણ અપવાદ સીવાય બધાએ ફોટાની ફોટો–સ્ટેટ નકલ આપી હતી. એના પર એ કરવાનાં કાર્યોની નોંધ લખતો. કોઈના પર જ્યારે મારણ કે તારણ કરવાનું હોય ત્યારે તે ફરીયાદ કરનાર દર્દીના ફોટાને માંગતો નહીં; પરન્તુ જેના પર મારણ/તારણ કરવાનું હોય તેનો ફોટો અચુક માંગતો.

ફોટામાં એકથી વધારે વ્યક્તિ હોય તો મારણ/તારણ માટેની વ્યક્તી પર એ નીશાની કરતો. ‘મારણ’ એટલે તે વ્યક્તી પર મુઠ મારીને દર્દીનું ધારેલું કામ તેની પાસે કરાવવું. ‘તારણ’ એટલે એવી મુઠ દર્દી પર લાગી હોય તો તેમાંથી દર્દીને

છોડાવવાનો. જ્યારે દર્દી માંગેલી ફી આપતો ત્યારે ભગત સ્થળ પર જઈને પણ મારણ/તારણ મુકી આવતો.

મારણ/તારણમાં ભગત કઈ વીધી કરતો હતો તે ચોપડામાંથી જાણવા મળ્યું નથી. દર્દીની ઈચ્છા હોય તો તે ધારેલી વ્યક્તી પર 'વશીકરણ' કરી આપતો હતો.

આમ આ 'અકથીત રોગ' માટે દર્દી તબીબને પસન્દકરે છે એટલું જ નહીં આગળ વધીને ઉપચારનો પ્રકાર પણ દર્દી જ નક્કી કરતાં દેખાય છે! સંખ્યાબન્ધ કીસસામાં દર્દી ભગતને જણાવતા દેખાયા કે ભગતે મારણ કરવું, તારણ કરવું કે વશીકરણ કરવું! ભગત તે પ્રમાણે કરી આપતો.

આ સન્દર્ભે એક દર્દીની ફરીયાદ અને દર્દીએ જ સુચવેલ ઉપાય આ 'અકથીત રોગ' અને તેની પાછળના ભગતના તરકટને સમજાવે તેમ છે.

(ફરીયાદણના પતીના માથાના ભાગે કુહાડીનો ઘા વાગતા દીવસે દીવસે એણે ભાન ગુમાવી દીધેલું હતું. ભાન બીલકુલ નહોતું ઝાડા–પેશાબનું ભાન નહોતું. જાતે બેસી શકતો પણ નહોતો.)

એક છોકરી છે. પ્રભુ પરમાત્મા પાસે નાની બેબી વતી અરજ ગુજારવાની છે. બેબીના નસીબે બાપ બેઠો થાય કેમ કરીને જોવાનું છે.

ફરીયાદણે આટલું જણાવ્યા પછી પોતે જ ઉપાય સુચવ્યો છે કે :

‘કુળદેવતાની આણ મુકવાની છે.–નસીબ અપનાવી લક્ષ્મણ રેખા મુકવાની છે.’

બહુ જ ઓછા કીસ્સામાં ભગતે નીદાન અને ઉપચાર અંગે ચોપડામાં લખ્યું છે. આ કીસ્સામાં એણે નીદાન માટે આ પ્રમાણે લખ્યું છે :

1. ત્રાસા ચોરસ પાડીને તેને ડાબી છાતી જણાવીને તે ‘લાલ છે’ એવું લખ્યું છે.

2. ઉભા ચોરસ પાડીને તેની સામે ‘સેક્સ’ લખ્યું છે. તે જ ચોરસવાળા ચીત્ર નજીક તીર ચીતરીને જણાવ્યું છે કે ‘ઉંઘ ઓછી છે’.

3. ‘ભાગ્ય બળ સારું દેખાતું નથી.’

4. ‘પહેલેથી જ સંસાર સુખી નથી. ધણીનું સુખ બહુ જ ઓછું. સાસરીમાં પણ સુખ જેવું કંઈ જ વર્ષોથી મળેલ નથી.’

5. ‘વીચારવાનું વધારે. ચેન પડે નહીં.’

6. ‘વાસના મરી ગયેલી બતાવે છે. ટાઈમમાં ઓછું આવે.’

આમ, ભગતે આ કેસમાં નીદાન લખ્યું છે; પરન્તુ ઉપચાર અંગે કશું લખ્યું નથી. ફરીયાદણની મુળ વાત એના પતીને કુહાડી વાગવાથી એ બેભાન અવસ્થામાં રહેતો હોવાથી પેદા થયેલી પરીસ્થીતીમાંથી મુક્ત થવાની છે. જ્યારે ભગતનું નીદાન ડાબી છાતીવાળા ભાગ પરના લાલ નીશાનથી માંડી મરી ગયેલી વાસનાનું છે! આ

વાતને દર્દીની ફરીયાદ અને નીદાન સાથે કોઈ સમ્બન્ધ નથી, જો આવા સમ્બન્ધ વગરના દર્દ અને નીદાન થતાં હોય તો ઉપચાર પણ બીલકુલ ખોટી દીશાના જ હોય તે સમજી શકાય તેવું છે.

આમ, ભગત બેધ્યાન હોવાનો ડોળ કરતો; પરન્તુ બરાબર સાંભળીને વીગતોને ચોપડામાં ઉતારી કરીને અસમ્બન્ધીત નીદાન કરીને; પછી અક્કલ વગરના ઉપચારો બતાવતો હતો. દર્દીઓ એને ઉપચાર માનતા હતા તેથી એ ઉપચાર ગણાતા હતા! દર્દીને એવો ભ્રમ રહેતો કે એનો અસરકારક ઉપચાર થયો એટલે એ ઉપચાર ગણાતો! ડૉ. કોવુરે એની આત્મકથામાં લખ્યું હતું તે પ્રમાણે એમના પીતાશ્રી સ્ટેશન પર નળના પાણીને ગંગાજળ માનતા હતા તેથી એને ગંગાજળ માનીને પીતા હતા. જોગાનુજોગ એકાદ પ્રસંગે એમની માંદગી દુર થઈ હતી. આથી તે માનતા કે પવીત્ર ગંગાજળ પીવાથી એમની માંદગી દુર થઈ હતી.

એ જ પ્રમાણે આ ભગતના દર્દીઓ કેટલીકવાર પોતાના જ સુચવેલા; પરન્તુ ભગતના મુખે બોલાવેલા અને કેટલીકવાર ભગતના સુચવાયેલા અસમ્બન્ધીત ઉપાયોને અસરકારક માનીને અપનાવવામાં આવતા હતા. આ એક એવો ભ્રમ હતો અને છે કે તેના પર આધાર રાખી અનેક દર્દીઓ પોતાના ભવીષ્યને, અર્થવ્યવસ્થાને, શરીરને અને એવી અનેક સમસ્યાઓને વકરાવે છે. ઉપર દર્શાવેલા કીસ્સામાં ફરીયાદણ તબીબ પાસે ઉપચાર કરાવીને પોતાના પતીને ભાનમાં લાવવા અને તન્દુરસ્ત કરવાને બદલે સતત બેભાન રાખીને વાસ્તવમાં વીધવા બનવા અને દીકરીને બાપ વગરનો બનાવવાની વ્યવસ્થા જ કરતી હતી!

આ ફરીયાદણ પતી પરત્વે પુરા પ્રેમ સાથે અને દીકરી પરત્વે અમાપ વાત્સલ્ય સાથે બન્નેને અને ખુદ પોતે અગાધ એવા દુ:ખસાગર તરફ ધકેલાતી હતી. હોંશીયાર પણ ધુર્ત ભગત એ

બાઈની તે સમયની અને ભાવીની પરીસ્થીતી પામી ગયો હતો. આથી, એ ફરીયાદણને સીધી સાદી સલાહ નહોતો આપતો કે તેના પતી માટે સારા ડૉક્ટરને મળે. એમ.ડી. થયેલા ડૉક્ટરોના કાર્યક્ષેત્રની બહારના દર્દ માટે જે કોઈ દર્દી ફરીયાદ લઈને આવે તો તેઓ પુરી સહજતા અને નમ્રતાથી તે રોગના નીષ્ણાત અન્ય ડૉક્ટરને મળવાની સલાહ આપે છે; પરન્તુ આ તો ડૉક્ટરોનો પણ ડૉક્ટર અને ‘દૈવી અંશ’ ધરાવતો ભગત બીલકુલ અસમ્બન્ધીત નીદાન કરીને મારણ/તારણ મુઠના ઉપચારો કરે છે.

એ ખુબ સુચક છે કે ભગતને ફરીયાદણના પતીને બદલે ફરીયાદણની છાતીના લાલ ભાગને, એના સંસારી સુખની કમીને અને એની ઓછી વાસનામાં વધારે ધ્યાનમાં રાખ્યા છે. સમજી શકાય તેવું છે કે પતીની માંદગીની ફરીયાદને લઈને આવેલી બાઈ ભવીષ્યમાં ભગતની કઠપુતળી બને તે દીશામાં ભગતના પ્રયત્નો હતા. આમ, આ ઉપચારો

માત્ર ભ્રમણા નથી; પરન્તુ ફરીયાદીના, દર્દીના વીવીધ પ્રકારનાં શોષણ કરવા માટેના ભગતના ભાથાનાં વીવીધ તીર છે.

આપણા સમાજમાં એવું બને છે કે એમ.એસ. થઈને શસ્ત્રક્રીયા કરતાં સર્જન દસ ટકા કીસ્સામાં નીષ્ફળ જાય તો એ ઘેર બેસે છે. દસેક ટકા નીષ્ફળ દર્દીઓમાંથી એકાદ વળતરનો દાવો માંડે તો સર્જન નાદાર થઈ જાય છે. બીજી બાજુ, ભગત–પીરને ત્યાં આવેલાઓ પૈકી નેવું ટકાની ફરીયાદનો નીકાલ નહીં થાય અને માત્ર દસ ટકાની ફરીયાદનો કુદરતી રીતે નીકાલ થાય તો ભગત–પીરને આપણો સમાજ પાલખીમાં ફેરવે છે. એના માન–પાન, કમાણી અને ધન્ધો ખુબ વધી જાય છે! આ આખી પરીસ્થીતી 'આપણા માંદા સમાજ'ની ચાડી ખાય છે.

6

સમ્ભવીતતા અને પ્રચાર

અનુક્રમણીકા

આંકડાશાસ્ત્રમાં સમ્ભવીતતાનો એક સીદ્ધાંત અને તેનો એક જાણીતો દાખલો છે. એ સીદ્ધાંતનો એક જાણીતો દાખલો સીક્કો ઉછાળવાનો છે. સીક્કાની એક બાજુ 'છાપ' અને બીજી બાજુ 'કાંટો'થી ઓળખાય છે. સીક્કો ઉછાળતા પહેલાં સમ્ભવીતતાના સીદ્ધાંત પ્રમાણે આપણે જણાવી શકીએ કે એ જમીન પર પડે ત્યારે 'છાપ' દેખાવાની સમ્ભવીતતા પચાસ ટકા છે. જો એ સીક્કો દસ વાર ઉછાળવામાં આવે અને કોઈ એક માણસ દરેક પ્રસંગે જણાવે કે 'છાપ' દેખાશે તો સમ્ભવીતતાના સીદ્ધાંત અનુસાર એ પાંચ પ્રસંગે સાચો પડશે. આ દાખલો ખુબ સાદો છે છતાંએ બરાબર સમજવાનું ખુબ જરુરી છે.

સીક્કો દસ વાર ઉછાળે અને દસ વાર ‘છાપ’ દેખાવાની આગાહી કરનાર પાંચ પ્રસંગે સાચો પડે તો આગાહી કરવાની એની પાસે કોઈ દૈવી શક્તી નથી. સમ્ભવીતતાના સીદ્ધાંત અનુસાર એ આગાહી જ નથી. એ તો સવારે પુર્વમાં સુર્ય ઉગશે જેવું હકીકતદર્શી નીવેદન છે. ભલે એ કથન ભવીષ્યને લગતું હોય છતાં સમ્ભવીતતાના સીદ્ધાંત અનુસાર એ આગાહી નથી.

આ જ તંતને જરા આગળ ખેંચીએ. નાની–મોટી ફરીયાદ લઈને કોઈ એક વ્યક્તીની પાસે પચાસ માણસો આવે અને તે દરેકને જણાવે કે, ‘‘બચ્ચા! અચ્છા હો જાયેગા’’ એના આ આશીર્વચન સાથે એ હોમ–હવન–રાખ–નાળીયેર–કંકુ જેવાને જોડી દે તો એ આશીર્વચન આપનાર દૈવી શક્તીવાળો ગણાતો થઈ જાય. સમ્ભવીતતાનો સીદ્ધાંત છાપ–કાંટા જેવા ઉદાહરણવાળો છે. આથી આપેલા પચાસ આશીર્વાદમાંથી પચ્ચીસ તો સાચા

પડવાના જ! આ ગણતરીમાં આપણે હજુ આગળ વધીએ ભગત–પીરની તરફેણમાં ગણતરી લઈ જવા માટે પંજા–મીંડીના જુગારમાં જેમ બને છે તેમ એકથી શુન્ય સુધીના આંકડામાં ચોગ્ગો કે પંજો આવવાની સમ્ભવીતતા દશે એકની એટલે કે દશ ટકા હોય છે. છાપ–કાંટાને બદલે પંજા–મીંડીના જુગારમાં જે દશ ટકાની સમ્ભવીતતા ગૃહીત છે તે ભગતના ધન્ધામાં લગાડીએ તો એને ત્યાં આવેલા ‘અકથીત દર્દ’ના 771 માણસોના દશ ટકા એટલે કે 77 દર્દીઓની ફરીયાદ દુર થાય તો પણ કહી શકાય કે આ ભગત પાસે કોઈ દૈવી શક્તી નથી. યાદ રાખીએ કે છાપ–કાંટાની સમ્ભવીતતા અનુસાર 385 દર્દીઓની ફરીયાદ દુર થાય તો પણ ભગત–પીરમાં કોઈ દૈવી શક્તી નથી.

બીજી બાજુ આ જ બાબત જે વીજ્ઞાન છે તે એલોપથીની દવાને લાગુ પાડીએ. છાપ–કાંટામાં સમાવીષ્ટ સમ્ભવીતતાને બદલે પંજા–મીંડીના

જુગારની સમ્ભવીતતા કામે લગાડીએ. માનો કે ક્વીનાઈનની ગોળી મેલેરીયાના એકસો દર્દીઓને આપવામાં આવે. એક કમ્પનીની ગોળી લેવાની બધી શરતોનું પાલન કરીને દર્દીઓ તે લે. અન્તે જો દશ ટકા એટલે કે દશ દર્દીઓનો મેલેરીયા કાબુમાં નહીં આવે તો એ દવા બનાવનારી કમ્પની ચોંકી જાય છે. ડૉક્ટરો એ કમ્પનીની ક્વીનાઈન ખાવાની ભલામણ કરવાનું બન્ધ કરી દે છે. બરાબર ધ્યાનમાં રાખવું કે એકસોમાંથી નેવું દર્દીઓ સારા થઈ ગયા છે. ભગત–પીરના કીસ્સામાં આ આંકડા ઉંધા કરી દઈએ. એટલે કે, આ ભગતના 771માંથી 77ની ફરીયાદ દુર થાય અને 694ની ફરીયાદ દુર નહીં થાય અથવા તો સમય વહેતાની સાથે દર્દી, દર્દને ભુલી જાય (કારણ કે, મોટા ભાગની ફરીયાદ મનોવૈજ્ઞાનીક હોય છે) પંજા–મીંડીના સમાવીષ્ટ સમ્ભવીતતા અનુસાર ભગત–પીરની દૈવી શક્તી કે તેના વીશીષ્ટ પ્રયત્નોથી તે ફરીયાદ દુર થતી નથી.

એ કલ્પના કરો કે વૈજ્ઞાનીક કસોટીમાંથી પાર ઉતરેલા એક સર્જને કરેલી એકસો શસ્ત્રક્રીયાઓમાંથી નેવું નીષ્ફળ જાય અને દશ સફળ થાય! શું થાય એ સર્જનનું! બીજી બાજુ, ભગત–પીરને ત્યાં આવેલા ફરીયાદીઓ પૈકી દશ ટકાની ફરીયાદ ભગત–પીરની કોઈ પણ દૈવી શક્તી વીના કે વીશીષ્ટ પ્રયત્નો વીના દુર થતી હોય છતાં 77ના કીસ્સામાં જે કંઈ બન્યું, તે એમની દૈવી શક્તીને કારણે બન્યું, એવો દાવો કરવામાં આવે છે! આપણા સમાજમાં એવું બને છે કે એમ. એસ. થઈને શસ્ત્રક્રીયા કરતાં સર્જન દશ ટકા કીસ્સામાં નીષ્ફળ જાય તો એ ઘેર બેસે છે. દશેક ટકા નીષ્ફળ દર્દીઓમાંથી એકાદ વળતરનો દાવો માંડે તો સર્જન નાદાર થઈ જાય છે. બીજી બાજુ, ભગત–પીરને ત્યાં આવેલાઓ પૈકીના નેવુ ટકાની ફરીયાદનો નીકાલ નહીં થાય અને માત્ર દશ ટકાની ફરીયાદનો કુદરતી રીતે નીકાલ થાય તો તે ભગત–

પીરને આણો સમાજ પાલખીમાં ફેરવે છે. એનાં માન–પાન, કમાણી અને ધન્ધો ખુબ વધી જાય છે! આ આખી પરીસ્થીતી આપણા માંદા સમાજની ચાડી ખાય છે.

આ ભગત પાસે એક વર્ષમાં 'અકથીત રોગ'ના 771 રોગીઓ આવ્યા. એમાંથી 77ની ફરીયાદો જો આપમેળે પણ દુર થાય એટલે કે 77 માણસો ભગતના ભક્તો બની જાય છે. પ્રચારકો બની જાય છે!

આપણા સમાજની રુગ્ણતા એ છે કે જ્યારે આ 77 માણસો ભગતની ચમત્કારીક શક્તીનો પ્રચાર કરે છે ત્યારે બાકીના 674 બીલકુલ મુંગા રહે છે. એમની ફરીયાદોનો નીકાલ નહીં થયો તે માટે તેઓ પોતાના નસીબને દોષ દે છે. એમને એવો વીચાર નથી આવતો કે ફરીયાદના નીકાલ માટે એ દૈવી શક્તી(?) ધરાવનાર ભગત પાસે ગયા હતા તો પછી એ ભગતે કર્યું શું? આમ પ્રચારના મોરચે

સાચી હકીકત દર્શાવી શકે એવા 694 માણસો મુંગા રહે છે અને કુદરતી રીતે જેમની ફરીયાદ દુર થઈ છે તેવા 77 માણસો અસરકારક પ્રચારક બની જાય છે!

આપણો સમાજ એટલો બધો અશીક્ષીત અને અવૈજ્ઞાનીક છે કે સમ્ભવીતતાના સાદા સીદ્ધાંતને સમજતો નથી. સમજવા માંગતો નથી. આપણો સમાજ એટલી રૂગ્ણ દશા ભોગવે છે કે જેમાં 694 માણસો મુર્ખ બન્યા તો તે બોલતા નથી. તેની સામે 77 માણસો વગર કારણે ભગતને જશ આપે છે અને અપાવે છે. એકબાજુ, આપણી નીખાલસતા એટલી બધી છે કે જેથી ત્રાહીત એવા ભગત–પીર ફરીયાદી–દર્દીનું કોઈ પણ પ્રકારનું શોષણ કરી શકે છે અને બીજી બાજુ, આપણે એટલા મીંઢા રહીએ છીએ કે જેથી 694 માણસોના અનુભવ મુંગા–મન્તર થઈ જાય છે!

ભગત–પીર પણ એવી ગ્રન્થીથી પીડાય છે કે એમના બોલ સાચા પાડવા માટે જ બોલાય છે. એ લોકો નેવું ટકામાં સાચા પડતા નથી અને દશ ટકામાં સમ્ભવીતતાનાં સીદ્ધાંતાનુસાર વાસ્તવમાં સાચા પડતા નથી જ. આ પૈકી જે એકલ–દોકલ દર્દી ફરીયાદ કરવા આવે તો એમને ભગત–પીર એવું ઠસાવે છે કે એમણે તો બધું બરાબર કરેલું; પણ દર્દીએ અમુક–અમુક ખામી રાખી અથવા તો એને કોઈ ભારે ગ્રહદશા નડી! આથી, આ ભગતના 771 કેસોથી ભરેલા ચાર–ચાર ચોપડામાં એણે કશે પોતાની નીષ્ફળતાનો એકરાર કર્યો નથી.

જ્યાં એને નીષ્ફળતા દેખાઈ ત્યાં એણે એવા કેસના લખાણ પર ચોકડી મારી છે અને તેવા ચોકડીવાળા લખાણની નીચે થોડા કીસ્સામાં ‘શ્રદ્ધા નથી’, ‘જોવાનું નથી’ જેવા શબ્દ પ્રયોગ કર્યા છે. ભગતે આવું પ્રભાવક વાતાવરણ પેદા કર્યું હોય ત્યારે નીચેના નમુનાવાળા પત્રો ઘણા સુચક છે અને

તે મહત્વના ગણી શકાય. (અસલ ઓળખ છુપાવીને)

(1) મામા હું તમારે આશરે છું. તમે મોભમાં આવ્યા છતાં પણ આવો ત્રાસ કેમ ચાલુ છે? તેનું શું છે? (લખનાર એક મહીલા છે. –સુ.શાહ)

(2) 11માં મહીનામાં 16 તારીખે સુરત ટાઈમમાં આવેલી. 12માં મહીનામાં 10 તારીખે આવી. ફાયદો કંઈ પણ નથી થયો. છ મહીના થઈ ગયા. (આ બાઈએ એના પતી સાથેનો ફોટો મોકલાવ્યો છે. –સુ.શાહ)

ભગતને મોટા ભાગના ફરીયાદીઓ રુબરુ મળ્યા હતા. ભાગ્યે જ કોઈ પત્ર લખતું હતું. ભગતની નીષ્ફળતાનો કોઈક ફરીયાદીએ રુબરુમાં જણાવી હોય તો તેનો ઉલ્લેખ ભગતે ચોપડામાં કર્યો નથી. આમ, સમ્ભવીતતાના સીદ્ધાંતાનુસાર સમ્પુર્ણ નીષ્ફળ જતા ભગત–પીર જે અલ્પસંખ્ય ફરીયાદોનો કુદરતી રીતે નીકાલ થતો હોય છે તેને

પ્રચારનો મુદ્દો બનાવી પોતાની દુકાન ધમધોકાર ચલાવતા હોય છે.

માણસને વીવીધ પ્રકારની વેદના થતી હોય છે. માણસ સામાજીક પ્રાણી છે, આથી એને થતી વેદના એ પોતાના પુરતી સીમિત રાખી શકતો નથી. એ વેદનાને વાચા આપવા માંગે છે. માણસ એવી વેદનાને વાચા આપતો નથી ત્યાં સુધી એની આ મુંઝવણ અસહ્ય બની જાય છે.

7

વેદના અને આલમ્બનનાં વર્તુળ

અનુક્રમણીકા

માણસને વીવીધ પ્રકારની વેદના થતી હોય છે. માણસ સામાજીક પ્રાણી છે. આથી એને થતી વેદના એ પોતાના પુરતી સીમીત રાખી શકતો નથી. એ વેદનાને અભીવ્યક્ત કરે છે?

માણસ એની વેદનાને વાચા આપતો નથી ત્યાં સુધી એની આ મુંઝવણ અસહ્ય બની જાય છે. ભલે, વીવીધ ધર્મો આત્મા–પરમાત્માની નીરાધાર વાતોને કેન્દ્રમાં રાખીને વેદનાને અભીવ્યક્ત કરવા મનાઈ ફરમાવતા હોય; પરન્તુ માણસની પ્રકૃતી એવી છે કે તે વેદનાને વાચા આપવા માટે જાણે મજબુર થઈ જાય છે, જાણે પરવશ થઈ જાય છે. એનાં હાસ્ય, શોક, ગુસ્સો, અભીમાન, અરે! નમ્રતા પણ સતત અભીવ્યક્ત થવા માંગે છે.

વૈજ્ઞાનીક શોધો પણ માણસની આ બાહ્યભીમુક્તાનો સ્વીકાર કરે છે અને તન–મનની તન્દુરસ્તી માટે આ અભીવ્યક્તીને અનીવાર્ય લેખે છે. આમ, આંતર–બાહ્ય સંજોગો, માનસીક અને શારીરીક કારણે હર્ષ–શોક વગેરેની વેદના તો મળવાની જ. માણસ પ્રકૃતીદત્ત ગુણાનુસાર એની અભીવ્યક્તી કરવાનો જ. એની અભીવ્યક્તીને ઝીલનારો એનું આલમ્બન બને છે. એ સુનીસુની ભીંતો સમક્ષ તો અભીવ્યક્તી કરવાનો જ નથી. એને બીજા એક કે વધારે માણસો જોઈએ છે, જે એની અભીવ્યક્તીને ગ્રહણ કરે. એની આ અભીવ્યક્તીને ગ્રહણ કરનારો–ઝીલનારો–એની વેદનાઓનું અરે! ખુદ એના સમગ્ર વ્યક્તીત્વનું આલમ્બન બની જાય છે.

માણસ જ્યારે એમ કહે છે કે, 'હું તને પ્રેમ કરું છું!' ત્યારે અધુરો લાગે છે; પરન્તુ જ્યારે તે એમ સાંભળે છે કે, 'હું પણ તને પ્રેમ કરું છું!' ત્યારે

તેને સમ્પુર્ણતાનો ભાવ મળે છે. પ્રેમ કર્યો અને સામી વ્યક્તીએ તે સ્વીકાર્યો, એની જાણકારી મળતાં એને ખાતરી થાય છે કે પ્રેમ નામની પેદા થયેલી વેદનાનું એને આલમ્બન મળ્યું છે.

આમ, માનવજાતનો ઈતીહાસ અને વીજ્ઞાન દર્શાવે છે કે માણસને વેદનાઓ મળે છે અને તેની અભીવ્યક્તી માટે એને પાત્ર–આલમ્બન જોઈએ છે. માનવીની આ લાક્ષણીકતા એની તાકાત બની શકે છે, નબળાઈ પણ બની શકે છે. જ્યારે એની અભીવ્યક્તી સહૃદયી અને સમભાવી સમક્ષ થાય છે ત્યારે એની આ બાહ્યાભીમુક્તા તાકાત બની જાય છે, જ્યારે એની અભીવ્યક્તી સ્વાર્થી અને વીષમભાવી સમક્ષ થાય છે ત્યારે એની આ બાહ્યભીમુક્તા નબળાઈ બની જાય છે. અભીવ્યક્તીમાં ઉતાવળા, શ્રદ્ધાળુઓ, વેદના સહન કરવાની શક્તીમાં ટુંકા પડતા લોકો અભીવ્યક્તી માટેના પાત્રની ક્ષમતા અને પાત્રતા તપાસતા નથી.

પોતાની વેદના વ્યક્ત કરી દે છે; પછી આજીવન ફસાય છે, પસ્તાય છે અને ઘણું ગુમાવે છે.

સ્વાર્થી અને વીષમભાવી ભગત–પીર

ભગતના ચાર ચોપડા મળ્યા છે. જેમાં જે સમસ્યાઓનું વર્ણન કરવામાં આવ્યું છે તેમાંની મોટા ભાગની કૌટુમ્બીક અને અંગત સમસ્યાઓ છે. આપણા સમાજનું બન્ધારણ અને રુઢીગતતા જોતા સમજી શકાય તેવું છે કે માણસો એમની વેદના કુટુમ્બના સભ્યો સમક્ષ પણ વ્યક્ત કરી શકતા નથી. કોઈ એક પરીણીતાને બાળક નહીં થતા હોય તો તે અંગેની મુક્ત ચર્ચા એ પોતાના પતી સાથે પણ કરી શકતી નથી! બાળકનું હોવું અને એના સ્ત્રીત્વનું ધન્ય બનવું એ બાબત એને માટે ગૌણ છે. બાળક નહીં થવાથી સૌથી પહેલાં તો એ પતીની નજરમાંથી જ ઉતરી જાય છે. કૌટુમ્બીક અને સામાજીક રીતે એને સૌથી પહેલા સતાવે છે. ત્યારબાદ સાસરીયાના અન્ય સગા, પીયરીયા અને

સમાજ પણ એના પરત્વે ઘૃણાથી જોશે. આ સંશય એને સતત સતાવ્યા કરે છે. આજુબાજુના સમાજમાં એને કોઈ સહૃદયી અને સમભાવી નહીં મળે તો સ્વાભાવીક છે કે એ ભગત–પીરનું આલમ્બન શોધે. આ લોકો અજ્ઞાની હોય છે; પરન્તુ પૈસા અને અન્ય પ્રકારના આનન્દને શોધનારા હોય છે. ધુર્ત હોય છે. પોતાનો વેશ, ધાર્મીક હોવાનો આડમ્બર અને બોલવાની ખાસ શૈલીથી તેઓ અભીવ્યક્તી માટે તૃષીત લોકોને ફસાવે છે. ભગતના મળેલા ચોપડાના પાને પાનેથી આ હકીકત ટપકે છે.

ભગતે જાતે જે લખાણ લખેલા છે તેનો બરાબર અભ્યાસ કરતાં ફરીયાદીની પરાવશતા અને ભગત–પીર લોકોની ધુર્તતાને બરાબર સમજી શકાય તેમ છે. ગુજરાત બહાર રહેતી એક ગુજરાતણે ભગતને જે નીચે દર્શાવેલું લખ્યું છે તેનો જો બરાબર અભ્યાસ કરવામાં આવે તો

તૃષ્ણા અને ધુર્તતા બરાબર સમજી શકાશે. (ફરીયાદીની અસલ ઓળખ છુપાવી છે)

મને સન્તાનમાં એક છોકરી છે. ત્યારબાદ, બીજા સન્તાનની આશા હમોએ રાખી નથી કારણ કે મને ડાયાબીટીસ છે. હમો જ્યાં રહીએ છીએ ત્યાં એક વ્યક્તી પાસે ધન્ધાના ઉઘરાણીના રુપીયા છ લાખ તેમ જ તે જ બીલ્ડીંગમાં ઉઘરાણીના રુપીયા ચાર લાખ લેવાનાં થાય છે; પરન્તુ તેઓ આપતા નથી ને વાયદા કરે છે. આ બન્ને જણા હવે બહારગામ રહે છે.

મારા સાસરેથી વારે તહવારે દર્શનાર્થે દહેરાસરમાં હમો દર્શન કરવા પુજામાં જઈએ–આવીએ ત્યારે માથામાં ખાનગીમાં વાસક્ષેપ નાંખે છે તેમ જ હાથે રક્ષાપોથી મહારાજ મારફતે, પહેરવા આપે છે, ત્યારે મારા શરીરમાં ગભરામણ થાય છે. રડવા માંડું છું. હું ઉંઘી જાઉં છું ત્યારે એમ લાગે છે કે કોઈ મને ઉંચકીને ફેંકી દે છે. હીરાનો ધન્ધો છે.

ઘર જુન માસ સુધીમાં બદલવાનું છે. હમારી પ્રગતી થાય. હમારો સંસાર સુખી થાય. અમારું કામકાજ સેટલમેન્ટ થાય. મારો ધણી મારી સાથે સારો વ્યવહાર કાયમ માટે રાખે. કોઈ પણ કામમાં સફળતા મળે તેમ કરવાનું.

આ લખાણ ધ્યાનથી વાંચવામાં આવે તો સમજાશે કે સામાન્યતઃ જેઓ ક્ષમા અને વૈરાગ્ય માટે જાણીતા છે તે જૈન સાધુ પણ ધુર્તતા કરતા દેખાય છે. પત્ર–લેખીકાએ માની લીધેલા દુશ્મનોના લાભાર્થે એ જૈન સાધુ પત્ર–લેખીકાના માથામાં ખાનગીમાં વાસક્ષેપ નાંખી દે છે. એ જૈન સાધુ પોતાના પ્રભાવનો ઉપયોગ કરી પત્ર–લેખીકાને રક્ષાપોથી પહેરવા આપે છે. પત્ર–લેખીકાને મન આ કાર્યો કરવા પાછળ એ જૈન સાધુનો હેતુ નીર્દોષ એવા ધર્મલાભને આપવાનો નથી; પરન્તુ પત્ર–લેખીકાના દુશ્મનોના હેતુઓને નીષ્ફળ કરવાનો છે.

આવું જેવું બને છે કે તરત એને (1) ગભરામણ થાય છે. (2) રડે છે અને (3) ઉંઘમાં ફેંકાઈ જવાનો ભાસ થાય છે. સમજી શકાય તેવું છે કે જૈન સાધુના વાસક્ષેપમાં કે રક્ષાપોથીમાં આવું કરવાની કોઈ તાકાત હોતી નથી; પરન્તુ ફરીયાદણ એના દુઃખ માટે કોઈ નીમીત્ત શોધવા માંગે છે. એ જૈન છે. પત્ર–લેખીકાને જૈન સાધુ માટે ભયમીશ્રીત આદર હોવાનું દેખાય છે. જૈન સાધુનું વર્તન પણ એવું દેખાય છે કે તે ફરીયાદણના દુશ્મનોની વધારે નજીક છે તેવું તારણ ફરીયાદણ કાઢે છે. જૈન સાધુ વીતરાગ ધર્મના અનુયાયી અને પ્રચારક હોવાં છતાં એક જૈન શ્રાવીકા જ એમના માટે એવું ધારે કે એમને કારણે એને ગભરામણ, રુદન અને ફેંકાવાનો ભય પેદા થાય છે, તો તેટલા માત્રથી એ નક્કી થાય છે કે કોઈ પણ ધર્મ ભય અને લાલચ ફેલાવનારું એક ષડયન્ત્ર જ છે. ફરીયાદણને સમજાય છે કે ડાયાબીટીસ હોવાથી બીજું બાળક થવાનું નથી.

અલબત્ત, તબીબી વીજ્ઞાન અને આ મહીલાની માન્યતા વચ્ચે મેળ ખાતો નથી. કેટલીક શરતોનું પાલન કરીને ડાયાબીટીસવાળી મહીલા બાળકને જન્મ આપી શકે છે. ફરીયાદણને ડાયાબીટીસ હોવાની જાણ વીજ્ઞાનને કારણે થઈ, તેથી આજીવન રહેતો એ રોગ હોવા છતાં તે મુદ્દા પર એ એટલી બધી નીશ્ચીતતા અનુભવે છે કે તેને પરીણામે થતી વેદનાની અભીવ્યક્તી કરવાની એને જરુર પડતી નથી.

સાચકલો અને વાજબી રીતે એને સતાવતો મુદ્દો એ છે કે એના દસ લાખ રુપીયા ફસાઈ ગયા છે. એકવાર એની નજીક રહેતા અને હવે બહારગામ રહેતા બે માણસો પાસેથી એના પૈસા એને પાછા મળતા નથી, ઉપરાંત એ બન્ને પણ જૈન હોવા જોઈએ. તેથી આ બાઈ લખે છે તે પ્રમાણે એના દુશ્મનોએ જૈન સાધુને સાધ્યા છે. જૈન સાધુ વાસક્ષેપ અને રક્ષાપોથીના નામે એને વીવીધ પ્રકારે

દુ:ખ પહોંચાડે છે, એવું એ બાઈ માને છે. આથી એ પણ આલમ્બન શોધે છે. એના વીરોધીઓએ જૈન સાધુનું આલમ્બન શોધ્યું. આથી, આ બાઈએ આ ભગતનું આલમ્બન શોધ્યું. અંગ્રેજીમાં એક કહેવત છે કે, 'ચોરને પકડવા માટે ચોરને કામે લગાડો'.

એ પ્રમાણે આ જૈન બાઈએ જૈન સાધુના મારણની સામે આ ભગતને મુક્યા. વીરોધીઓના અવૈજ્ઞાનીક અને નુકસાનકારક આલમ્બનની સામે આ શ્રાવીકાએ બીજા ધૃતનું આલમ્બન શોધ્યું! ભગત પાસે એ ગઈ. એને અક્કલ વગરની શ્રદ્ધા છે, એટલે એ ઘર સફળતાથી બદલાય કે ધણીના સદ્‌વ્યવહારની સીદ્ધી થાય તે પણ માંગી લે છે. ધુર્ત–ભગત–પીર લોકોને આવી અનેક એષણાઓ જાણવા મળે એ ખુબ જરુરી છે. અકથીત એવા રોગોથી પીડાતા આ દર્દીઓની સમસ્યાઓ અને એષણાઓ તે જેટલા વધારે જાણે એટલી એમને એ સમજ કેળવવામાં ફાવટ આવે છે કે ફરીયાદીની

નબળી બાજુ કઈ છે. એની અતૃપ્ત વાસના કઈ છે. આ લોકો વૈજ્ઞાનીક રીતે નીદાન કરતા નથી. એમની એ માટેની ક્ષમતા જ નથી. તેઓ તો દર્દીની શારીરીક અને વધારે તો માનસીક નબળાઈ શોધે છે. મહદ અંશે તેઓ દર્દીને પોતે કરેલા નીદાનની કોઈ માહીતી આપતા નથી. કોઈ દોઢ ડાહ્યો (ડાહી!) તે જાણવા માંગે તો અગડમ બગડમ અને ખુબ સાદુ નીવેદન કરે છે. એ સાંભળીને ફરીયાદી પોતાના રોગ/સમસ્યાનું પોતાની રીતે આગવું અર્થઘટન કરતાં હોય છે. માનો કે આ પત્ર–લેખીકા ભગતને આગ્રહપુર્વક પુછ્યા જ કરે કે એના લેણા પૈસા નહીં મળવાનું કારણ શું છે? તો ભગતનો અપેક્ષીત જવાબ આવે છે કે, ‘કોઈએ કંઈ કરી નાંખ્યું છે, પનોતી ચાલે છે, દુશ્મનોના ગ્રહ પાવરફુલ–શક્તીશાળી છે વગેરે... શું કરી નાંખ્યું? પનોતી એટલે શું? કયા ગ્રહ? બધું જ અસ્પષ્ટ, અગડમ બગડમ અને ખુબ સામાન્ય એવું નીવેદન.

આ બધાના ઉપાય પણ એવા જ. જે બાઈ એવું માનતી હોય કે વાસક્ષેપ કે રક્ષાપોટલીને કારણે એને વીવીધ પ્રકારની વ્યાધીઓ થાય છે તે બાઈને એ સમજાવવું ખુબ સહેલું છે કે ભગત મુઠ મારશે, હવન કરશે કે મારણ મુકશે તો જૈન સાધુની બોલતી બન્ધ થઈ જશે. વીરોધીઓ એને 'માસા–માસી' કહીને પૈસા આપી દેશે. આપણા આ માસી આવી ધડ–માથા વગરની વાતો પર ભરોસો મુકી દેશે, અને ભગતના પગમાં હજાર–બેહજાર (કર–ભાર વીનાના) આવી પડશે! આમ આલમ્બન માટેની માણસની તૃષ્ણા, એ મેળવવા માટે માણસનો અવૈજ્ઞાનીક અભીગમ તથા ખોટા માણસો અને તેમાંયે ભગત–પીર જેવાને આલમ્બન તરીકે શોધવાની મુર્ખાઈ, વેદના અને આલમ્બનના વીષવર્તુળ પેદા કરે છે. એનું ખરાબ પરીણામ એ આવે છે કે સમય જતાં ફરીયાદીઓનાં દર્દ ખુદ દવા બની જાય છે અથવા એમના મનપ્રદેશમાં

વીષાદનો શાશ્વત ભાવ પેદા થઈ જાય છે. તેઓ સતત રોતલ થઈ જાય છે કે કોઈ આલમ્બન શોધવા જ નહીં! આ ભાવ ખતરનાક છે; કારણ કે આવા માણસો એકલવાયાપણું પસન્દ કરતા થઈ જાય છે. પરીણામે તે અનેક માનસીક વ્યાધીઓના ભોગ બને છે. ભગત–પીરના તો સ્વાર્થ છે એટલે તેઓ તો આ વીષવર્તુળને રોકવાના નથી. વધુને વધુ લોકશીક્ષણ દ્વારા ‘અકથીત રોગ’ના દર્દીઓને સહૃદયી અને સમભાવી આલમ્બનો શોધતાં શીખવું જોઈએ.



ભગત–પીરની પક્ષે કોઈ કસબની જરુર નથી, કોઈ શીક્ષણની જરુર નથી અને ધન્ધો કરતી વખતે એમણે કોઈ કાર્યશીલ મુડી રોકવાની જરુર નથી. એમના ગ્રાહકો તરફથી મળતી રોકડ એમનો ચોખ્ખો નફો બની જાય છે. એમનું સમગ્ર નાણાકીય અર્થશાસ્ત્ર સો ટકા તરલતાનું છે. એમણે કોઈ રોકાણ કરવાનું નથી, વ્યાજ ચુકવવાનું નથી, ઘસારો ગણવાનો નથી, એમનું વકરાખાતું સીધું જ નફા–નુકસાન ખાતાની જમા બાજુ પર તબદીલ થઈ જતું હોય છે!

8

અવીવેકબુદ્ધીપણાનું અર્થશાસ્ત્ર

અનુક્રમણીકા

અંગ્રેજીના રૅશનાલીઝમ શબ્દને ગુજરાતીમાં સ્વીકારી લેવો જોઈએ. (1) કાર્ય–કારણના સાચા સમ્બન્ધો જાણવા–સમજવા માટેની ઈન્તેજારી અને (2) માનવતાભર્યો અભીગમ મળીને રૅશનાલીઝમનું નીર્માણ થાય છે. પેદા થયેલી સમસ્યા, એષણા અને પ્રતીકુળ પરીસ્થીતીના ઉકેલ માટે ખોટા માણસ પાસેથી ખોટા ઉકેલને મેળવવા પ્રયત્નશીલ થવું તે એક પ્રકારનો રોગ છે. એનું કોઈ નામ પાડવામાં આવ્યું નથી. એની ચર્ચા ઓછી થાય છે. રોગી પોતે આ રોગ થયાનું જાણતો નથી. એ રોગનો ભોગ બની એ નુકસાન ભોગવે છે; છતાં થયેલા નુકસાનનું કથન પણ કરતો નથી. આથી આ રોગને અત્રે ‘અકથીત રોગ’થી ઓળખવામાં આવ્યો છે. આ

રોગ સમગ્રપણે અવૈજ્ઞાનીકતા પર ઉભેલો છે. સમાજના બહુસંખ્ય લોકો અવૈજ્ઞાનીકતાના ભોગ બનેલા હોય છે. તેથી તેને પોષનારા અને તેમાંથી લાભ ઉઠાવનારા સમાજમાં પ્રભાવક સંખ્યા અને સ્થાન ધરાવે છે. અર્થશાસ્ત્રનો માંગ–પુરવઠાનો સીદ્ધાંત દર્શાવે છે કે જેની માંગ હોય તેનો પુરવઠો અવશ્ય મળી રહે છે. ચરસ, ગાંજો, ભાંગ, તમાકુ જેવા પદાર્થોનું સેવન માણસને નુકસાનકારક છે. વીશ્વભરની સરકારો, બીનસરકારી સંસ્થાઓ, જાગૃત સમાજ–સેવકો અને સમગ્ર તબીબી સમાજ આ પદાર્થોથી દુર રહેવા લોકોને સમજાવે છે. સરકારો આકરા કરવેરા નાખે છે. જ્યાં એનો પાક તૈયાર થાય છે ત્યા આગ લગાડવામાં આવે છે. આમ છતાં, સમાજમાં તેનું સેવન કરનારા ઘણા છે. તેઓ બજારમાં માંગ પેદા કરે છે. આથી એનો પુરવઠો બજારમાં આવે જ છે. સીગારેટની બાબતમાં તો આઘાતજનક બાબત એ છે કે એને સળગાવતી

વખતે અને બે હોઠની વચ્ચે દબાવવાના પ્રસંગે પણ ધુમ્રપાન કરનારાને વાંચવા મળે છે કે એનું સેવન આરોગ્યને માટે હાનીકારક છે. (કદાચ સ્વદેશીની ભાવનાને કારણે બીડી પર આ લખાણ લખાતું નથી!) આમ છતાં વ્યસની એનું સેવન લહેજતથી કરે છે! આમ, સમાજમાં અનેકવીધ પ્રકારે અવૈજ્ઞાનીકતા ભરપુર અને માનવતાવીરોધી ખાનપાનની અને અન્ય પ્રવૃત્તીઓ ચાલ્યા કરે છે. અર્થશાસ્ત્રના સીદ્ધાંત પ્રમાણે એની માંગ નીકળે છે તેથી એનો પુરવઠો મળી રહે છે. 'અકથીત રોગ'ના દર્દીઓ માટે પણ આ જ માંગ–પુરવઠાનો સીદ્ધાંત લાગુ પડે છે. અર્થશાસ્ત્રની એક વ્યાખ્યા એવી છે કે ઓછામાં ઓછાં સાધનોનાં આદાન વડે, વધારેમાં વધારે પ્રદાન મેળવવાના પ્રયત્નોનો સરવાળો. અકથીત એવા આ દર્દને માટે માંગ કેમ નીકળે છે? માણસો અવૈજ્ઞાનીકતાના આશીક કેમ બને છે? મગજનો ઉપયોગ કરવો એ પણ એક પ્રકારનો શ્રમ

છે. પેદા થયેલી સમસ્યા અને પ્રતીકુળ પરીસ્થીતીમાં સાચાં કારણ શોધવા અને સમજવાને માટે મગજે વ્યાયામ કરવો પડે છે. માણસની પ્રકૃતી આળસની છે તેથી સાચાં કારણ શોધવા–સમજવાના પ્રયત્નોમાં એ કસર કરવા માંગે છે. અવૈજ્ઞાનીકતાનું મુળ અર્થશાસ્ત્રના એ સીદ્ધાંતમાં છે કે ઓછામાં ઓછા પ્રયત્ને વધુ ને વધુ વળતર મેળવવું. શ્રદ્ધાળુ આ વ્યાખ્યાના ‘ઓછામાં ઓછા પ્રયત્નો’વાળા ભાગને વળગી જાય છે; પરન્તુ એના થકી પ્રદાનો અને તે પણ મહત્તમ પ્રદાનો મળે છે કેમ તે વીચારતો નથી. આ બાબત કે જે તે વીચારતો નથી તે પણ ઓછામાં ઓછા પ્રયત્નોનો જ ભાગ બને છે!

અર્થશાસ્ત્રનો બીજો સીદ્ધાંત અમર્યાદીત ઈચ્છાઓ હોવાનું પ્રતીપાદીત કરે છે. માણસની પોતીકી શક્તી અને સાધનો જે અર્પી શકે તેના કરતાં વધારે મેળવવાની ખ્વાહીશ માણસને સતત

તૃષીત રાખે છે. પોતાનાં શક્તી–સાધનોના પ્રમાણમાં ઈચ્છાઓને સંતુલીત રાખવાનું માણસ માટે ઘણું મુશ્કેલ છે. આથી એ સતત અતૃપ્ત વાસનાઓથી પીડાય છે. ભગતના ચોપડાઓનાં પાનાં પર ઠેરઠેર સમસ્યા અને પ્રતીકુળ પરીસ્થીતીને સમજવા માટે વપરાતી આળસપ્રેરીત અવૈજ્ઞાનીકતા અને અતૃપ્ત વાસનાઓ જાણે નાચતી હોય એવું દેખાય છે. જુઓ એના કેટલાંક ઉદાહરણો :

–ગાડીની સીટ પર કંકુ તેમ જ જે તે ‘કંઈક’ કરેલ જેના થકી મારો ધન્ધો સારી રીતે ચાલતો નથી. –ફક્ત ધન્ધામાં આડ અસર રહે છે, લાગે છે, પણ કેમ કહી શકું કે આ જ વ્યક્તી છે, કેવી રીતે મારી ઉપર અસર કરે છે, તેનું માલુમ પડતું નથી. કોઈ સ્ત્રી છે. વીધવા છે. એની જ બીલ્ડીંગમાં મારું હીરાનું કારખાનું ચાલે છે. મારું કોઈ પણ કામ પાર પડતું નથી.

'અકથીત દર્દ'ના આ દર્દીઓ અવૈજ્ઞાનીકતાને કારણે તબીબોને ખોટા માને છે અને ભગત–પીરને સાચા માને છે. ઘટનાનું સાચું કારણ બતાવનારા ક્ષમતા ધરાવતા નીષ્ણાતો આ દર્દીઓની આસપાસ જ હોય છે. ત્યારે એમની વાતો સમજવાને બદલે તેઓ પીઠ ફેરવી દે છે. આ દર્દીઓએ સાચા કારણો શોધવાનો શ્રમ જ કરવો નથી.

જુઓ :– બેચેની, ગભરાટ : ડૉક્ટરના રીપોર્ટ ખોટા આવે, આ એક તરંગ છે. એમને કોઈએ વીર મારી એટલે એમના શરીરમાં અને ઘરમાં તકલીફો વધી તેવું તો માને છે! વાંચો : કમરના ભાગમાં દુ:ખાવો રહે છે. (ભગત–પીરને ત્યાં છાતીમાં બળતરાવાળી અને કમર–પેઢાના દુખાવાવાળી મહીલાઓ મોટા પ્રમાણમાં આવતી દેખાય છે) ઉંઘ ઘણી જ ઓછી આવે, જીવ મુંઝાયા કરે. હાથે–પગે

વંથ આવે, થાકને થાક લાગે, શરીરમાં અશક્તી વધારે છે, કોઈ જાતનું ચેન પડે નહીં. ભુખ લાગે નહીં, શરીરમાં લોહી ચુસાઈ ગયેલું બતાવે છે. તા. 19-03-2000ના રોજ બપોરે ચઢતા વીર મારેલા છે, જેના લઈને દીવસે દીવસે વધવા માંડેલું બતાવે છે. દવા–દારુ કરવા છતાં પણ ફેર પડે નહીં. વાર તહેવારો સારા જાય નહીં. ઘરમાં પૈસાની ખેંચ રહે છે. માંદગીઓ ચાલ્યા કરે છે.

અવૈજ્ઞાનીકતાનો આ એક સારો નમુનો છે. ફરીયાદણના શરીરની અનેક ફરીયાદો, ઘરમાં પૈસાની ખેંચ, અન્યોની માંદગીઓ જેવી પ્રત્યેક ઘટનાનાં અલગ અલગ કારણો જ હોય. આ હકીકત સમજવાનો આ અને એના જેવા અનેક દર્દીઓ ઈનકાર કરે છે. આટલી બધી ઘટનાઓનાં સાચાં ઢગલેબન્ધ કારણો શોધવા સમજવા માટે એણે કેટલી બધી માનસીક કસરત કરવી પડે! અર્થશાસ્ત્રના સીદ્ધાંતનો ‘ઓછામા–ઓછા પ્રયત્નો’

વાળો ભાગ અહીં કામે લાગે છે. એ બાઈને તા. 19-03-2000ના રોજ બપોરે કશું ચઢતા (શું ચઢતા? – તે સ્પષ્ટ થતું નથી.) કોઈએ વીર માર્યો (વીર શું છે? – તે સ્પષ્ટ થતું નથી.) તેથી આ બધી ઘટનાઓ બની! બધી ઘટનાઓનું કોઈ એક જ અસ્પષ્ટ કારણ એષણાઓનું પ્રેરકબળ અપ્રતીમ છે, આ એક દર્દીને જુઓ, એણે જે ત્રણ એષણાઓ પ્રગટાવી છે તેનાથી વીશેષ શું જોઈએ? (1) ધન્ધો હીરાનો સારી રીતે ચાલતો થાય. પગાર સારો આવતો થાય તેમ કરીને આપવાનું છે. (2) સારા ઘરમાંની છોકરી સાથે લગ્ન વીવાહ થાય ને છોકરી પોતાનું ઘર કરીને મારી સાથે રહે ને બાળ–બચ્ચાંવાળા થઈ જાય તેમ કરવાનું છે. (3) મારું પોતાનું મકાન છે, મકાનમાં કંઈ પણ આડ અસર હોય તો તે દુર થાય.

આમ, સમસ્યા પ્રતીકુળ પરીસ્થીતી અને એષણાના આ ઉદાહરણો સ્પષ્ટ કરે છે કે માણસો સાચાં કારણો શોધવાનો શ્રમ કરવા માંગતા નથી.

અને એષણાઓને મનોપ્રદેશમાં અલ્લડ છોકરીની જેમ રખડતી મુકી દે છે. આ બધાના મુળમાં અર્થશાસ્ત્રમાંના પ્રબોધેલા સીદ્ધાંતની ગેરસમજ છે. સમજુ સભ્યો ધરાવતો સમાજ, વૈજ્ઞાનીક અભીગમ ધરાવતા લોકો અને ઓછામાં ઓછા પ્રયત્નો માટે બૌદ્ધીકતામાં માનતા લોકો આ વળાંક પર જુદા પડી જાય છે. અવૈજ્ઞાનીકતામાં માનનાર અને 'અકથીત રોગ'થી પીડાતા દર્દીઓ અનેક ઘટનાના મુળમાં એક કારણને રીતસર 'શોધી' કાઢે છે કે ઉપજાવી કાઢે છે, તેમ એની અનેક સમસ્યાઓ, પરીસ્થીતી અને એષણાઓને માટે એક જ ઉપાયને 'શોધી' કાઢે છે અથવા તો 'પેદા' કરે છે. જેમ ભક્તો ભગવાનને પેદા કરે છે, તેમ આ 'અકથીત રોગ'ના દર્દીઓ ક્યાં તો ભગત–પીરને શોધી કાઢે છે અથવા તો બીલકુલ ક્ષમતાવીહોણા કોઈના પગ પકડીને એક ભગત–પીરને 'પેદા' કરી દે છે! ત્યારબાદ એના બધા જ પ્રશ્નોનો એક જ ઉપાય

એને મળી જાય છે. તે ભગત–પીરને સાધી એ જે માંગે તે અને ઘણીવાર તો એનાથી પણ વધારે અર્પણ કરીને ઉપાયને મેળવી લેવો. વાસ્તવમાં કશુ જ મહત્તમ પ્રદાન મળતું નથી; છતાં તે નહીં મળ્યાનો આનન્દ અનેકગણો હોય છે! અર્થશાસ્ત્રના સીદ્ધાંતો વાસ્તવીકતાને કેન્દ્રમાં રાખે છે. એ જ સીદ્ધાંતો અવૈજ્ઞાનીકતાવાળા માટે ભ્રમણાનાં કેન્દ્ર બને છે. આમ જુદી જુદી સમસ્યાઓના જુદાં જુદાં કારણ હોય તે સાદી સમજ અને હકીકત આધારીત મુદ્દાને અવૈજ્ઞાનીકતામાં માનનારા સ્વીકારતા નથી. જ્યારે કોઈ દેશને આપણે અવીકસીત કહીએ છીએ ત્યારે ત્યાંનાં પર્વતો, જમીનો અને નદીઓ અવીકસીત નથી હોતાં. અવીકસીત જો કોઈ હોય તો ત્યાનાં લોકો અવીકસીત હોય છે. લોકોની અવીકસીતતા દેશની અવીકસીતતા તરીકે અર્થશાસ્ત્રમાં ઓળખાય છે. પ્રજા અજ્ઞાન હોય અને અવીકસીત રહે તો સમય જતાં એમને જ્ઞાન–કૌશલ

આપીને વીકસીત કરી શકાય. ઘણા દેશોના આર્થીક વીકાસમાં આ પ્રમાણે બન્યું છે. બીજી બાજુ જે દેશના લોકો સમસ્યા, પ્રતીકુળતા અને એષણા સમ્બન્ધીત ઉકેલો જાણતા હોવા છતાં તે અજમાવે નહીં અને સ્વયંભુ જળાની જેમ અવૈજ્ઞાનીકતાને ચોંટી રહે તે દેશોનો આર્થીક વીકાસ સમ્ભવીત નથી. ભગતના ચોપડા વાંચતા સમજાય છે કે તે એની પાસે અવૈજ્ઞાનીકતાના અભીગમને લઈને આવેલા 771 માણસોમાંથી ઓછામાં ઓછા સાઠ ટકા માણસો જાણતા હતા કે કોઈ પણ એક ઘટના બનવાનાં પોતીકા કારણ હોય છે, તેમ જ બધી સમસ્યાનો એક ઉકેલ હોય જ નહીં. આવા સમજુ અને અણસમજુ માણસો ભગત–પીર પાસે જાય ત્યારે તે દેશના આર્થીક વીકાસને આકાશ કુસુમવત્ જ ગણવો પડે. ઉંઘતો હોય તેને જગાડી શકાય; પણ જાગતાને જગાડી શકાતો

નથી! જ્ઞાત પ્રજા જ્ઞાનને આગ્રહપુર્વક વળગી રહે તો તે તેનો આર્થીક વીકાસ સમ્ભવીત નથી.

ઉપાયો – સીદ્ધીનું નાણાકીય અર્થશાસ્ત્ર

આ ‘અકથીત દર્દ’ની માંગ બાજુને તપાસ્યા બાદ પુરવઠાની બાજુને તપાસીએ. અર્થશાસ્ત્રમાં નૉબેલ ઈનામ મેળવનાર અમર્ત્ય સેનનો જાણીતો વીચાર છે કે ‘જેની માંગ હોય તેનો પુરવઠો હોય જ’. માંગ એક એવું ચુંબકીય તત્ત્વ છે કે જે પૃથ્વીના પેટાળમાંથી પણ પુરવઠાને ખેંચી કાઢે. સેનના મત પ્રમાણે બજારમાં માંગ આગળ ચાલે છે અને પુરવઠો પાછળ ઘસડાય છે. બજારમાં કોઈ ચીજને–સેવાને દાખલ કરવી હોય તો તેની માંગ પહેલા ઉભી કરવી જોઈએ. આથી વીજ્ઞાન અને ટૅકનોલૉજીની મદદથી માનવજાતને ઉપકારી અનેક ચીજ સેવા પેદા થઈ શકે એવી શક્યતા હોવા છતાં શીક્ષણ અને બજારકીયા દ્વારા એની માંગ પહેલા ઉભી

કરવી પડે છે. બીજી બાજુ માનવજાતને નુકસાનકારક હોવા છતાં તમાકુ, ચરસ વગેરેની માંગ હોવાથી અને પ્રતીબન્ધની વચ્ચેથી પણ પુરવઠો એનો માર્ગ કાઢી લે છે અને માંગને સન્તોષે છે! આમ આ સમગ્ર અવૈજ્ઞાનીકતાના મુળમાં જવાબદાર છે ‘અકથીત રોગ’ના દર્દીઓ જે ભગત–પીરની માંગ ઉભી કરે છે. એ લોકો માંગ ઉભી કરે છે તેથી જ ભગત–પીર પેદા થાય છે! માંગ શબ્દ સુચવે છે કે વળતર ચુકવીને ગ્રાહક ઈચ્છાઓને સન્તોષવા માંગે છે. આનન્દવા માંગે છે. આથી પુરવઠો પુરો પાડનારને ખાતરી છે કે તેનાં માલ–સેવાના બદલામાં વળતર મળશે. નફો, વેતન કે મહેનતાણા, પુરસ્કાર કે ભેટ, ભાડું, વ્યાજ વગેરેના નામે તે મળશે. અર્થશાસ્ત્રનાં સીદ્ધાંત પ્રમાણે ભગત–પીરને સન્તોષકારક વળતર મળે છે અને એના ગ્રાહકો તે વળતર આપશે તેથી ભગત–પીર પેદા થાય છે અને ધન્ધામાં ટકે છે. ગ્રાહકોના

સહકાર થકી વીકસે છે. માંગને ઓછી કરવા માટે ભગત–પીરના કારસ્તાન અને અક્ષમતા ખુલ્લા પાડવાના છે, એ અર્થશાસ્ત્રીય સમજ કોઈ પણ પર્દાફાશ કરનાર જાગૃત નાગરીક પાસે હોવી જોઈએ.

ભગત–પીરનો ધન્ધો એવો છે કે એમાં ઉધારી ચાલતી નથી. ભગત–પીર માત્ર રોકડામાં – નાણામાં જ વળતર મેળવે છે, એવું કહી શકાય નહીં, બીનનાણાકીય સ્વરુપે પણ તે વળતર મેળવે છે. એને મળતાં ચાદર, ધોતીયાં, સાડી, જીન્સ, અનાજ, ફળફળાદી, ઘી વગેરેના ખરીદનારા નક્કી થઈ ગયા હોય છે. હવન માટે ‘પરીશીષ્ટ – 1’ પ્રમાણેના સામાનની રકમ આઠ–દસ હજાર રુપીયા સુધી પહોંચતી. હવનની સામગ્રી સાથે મળતી અન્ય ભેટ સોગાદો, ‘જોવાની’, ‘કરવાની’ અલગ રોકડ ફી આ બધું એટલું બધું લાભદાયી છે કે માંગ પ્રમાણે ગામડે–ગામડે અને શેરી–શેરીએ ભગત–પીર–

ભુવા–સાધુ–બાવા–મૌલવીના પુરવઠા મળે જ. ભગત–પીરના પક્ષે કોઈ કસબની જરુર નથી. કોઈ શીક્ષણની જરુર નથી. ધન્ધો કરતી વખતે એમણે કોઈ કાર્યશીલ મુડી રોવાની જરુર નથી. એમના ગ્રાહકો તરફથી મળતી રોકડ એમનો ચોખ્ખો નફો બની જાય છે. એમનું સમગ્ર નાણાકીય અર્થશાસ્ત્ર સો ટકા રોકડાની તરલતાનું હોય છે. એમણે કોઈ રોકાણ કરવાનું નથી. વ્યાજ ચુકવવાનું નથી, ઘસારો ગણવાનો નથી. એમનું 'વકરા ખાતું' સીધું જ 'નફા–નુકસાન ખાતા'ની જમા બાજુ પર તબદીલ થઈ જતું હોય છે. આ ભગતે રુપીયા 70થી 1500ની વચ્ચે રોકડ ફી વસુલી લીધી છે. રુપીયા પાંચસોની સરેરાશ ગણીએ અને 771 ચોપડે નોંધાયેલા ગ્રાહકો છે, તેમાંથી 71ને મફતીયા ગણીએ તો બાકીના 700 ફીવાળા ગણાય. આ હીસાબે ભગતને એકલી રોકડ વાર્ષીક આવક રુપીયા સાડા ત્રણ લાખની થાય. બીનરોકડ આવક,

કદાચ રોકડ આવકથી વધારે થાય છે; છતાં એના હસ્તકની ચીજો સેકન્ડ–હેન્ડ–જુની ગણી વેપારીઓ ખરીદી જાય તો પણ એને બીજા રુપીયા બે લાખ તો મળે જ. એની વાર્ષીક આવક રુપીયા સાડા પાંચ લાખની થાય. માની લઈએ કે ગ્રાહકને ત્યાં વીઝીટ અને બીજાં કામકાજ માટે એને વાર્ષીક રુપીયા પચાસ હાજરનો ખર્ચ થાય તો પણ એની ચોખ્ખી વાર્ષીક આવક રુપીયા પાંચ લાખની તો થાય જ.

આ અન્દાજ ઘણો ઓછો છે; છતાં વર્ષે રુપીયા પાંચ લાખની ચોખ્ખી કમાણી કરતો આ ભગત અને તના કેવા અન્ય ભગતો–પીરો એટલા મુફલીસ દેખાવાનો ઢોંગ કરે છે કે જેને પરીણામે એમણે આવકવેરો તો ભરવાનો હોતો જ નથી! આમ ભગત–પીરનું નાણાકીય અર્થશાસ્ત્ર સીધું જ હાથ પરની રોકડનું અર્થશાસ્ત્ર બની જાય છે! તા.10-09-2001ના રોજ સુરતની ‘સત્યશોધક સભા’એ આ ભગતની પોલ ઉઘાડી ત્યારે એના

ફ્લેટમાં ચાલીસ હજારની રોકડ, એંસી સાડીઓ (ભગતના ઘરમાં એક પણ મહીલા દેખાતી નહોતી), વીસેક જીન્સ, દશેક મણ અનાજ–કઠોળ, વીવીધ જાતનાં અનેક ફળ અને સુકોમેવો મળ્યા હતાં. આમ, એમની આવક બીન–ખેતી વીષયક હોવા છતાં આ લોકો ભાગ્યે જ આવકવેરો ભરે છે. એમના નાણાકીય અર્થશાસ્ત્રમાં કૌટુમ્બીક ખર્ચા સીવાય રોકડની જાવક થતી નથી. આમ, ઉપચારો–સીદ્ધીનું ભગતનુ અર્થશાસ્ત્ર સુચવે છે કે આ ધન્ધામાં બરકત જ બતકત છે!



જો પર્દાફાશની પ્રવૃત્તી કરનારા પાસે માણસો અને સાધનો વધે તો એમણે ભગત–પીરની પાસે ઉકેલની આશા લઈને આવેલા દર્દીઓને શોધી કાઢવા જોઈએ. એમને સમજાવવાની કોશીશ કરવી જોઈએ કે તેઓ ખોટા માણસ પાસે ખોટા ઉકેલ માટે ગયા હતા. તેઓ અન્યોની નજરમાં હાસ્યાસ્પદ ઠરે તેથી તેઓ ભગત–પીરના ફરેબમાં મુર્ખ બન્યા તે ભલે જાહેરમાં જણાવે નહીં; પરન્તુ ખુદ તો સમજે જ કે તેઓ સ્વયંભુ મુર્ખ બનવા માટે ગયા હતા.

9

વીષવર્તુળના છેદનની શક્યતા

અનુક્રમણીકા

સમાજના મોટા ભાગના લોકો સાચી કે ભ્રામક સમસ્યા અથવા તો કોઈક એષણાના ઉકેલ માટે ખોટા માણસ પાસે જવાનો જે માંગેલો (Acquired) ‘અકથીત રોગ’ મેળવે છે તેને અટકાવવાની શી જરુર છે? શા માટે આવી મનોવૃત્તીને રોગ કહેવો? શા માટે એ રોગને દુર કરવો? ભગત પાસેથી મળેલ ચોપડા થકી હકીકત આધારીત તારણ નીકળે છે કે સમસ્યા અને પરીસ્થીતીના પોતીકાં કારણો હોવાનું ભક્તો માનતા જ નથી. જો માનતા જ નથી તો એ કારણો દુર કરવાનો પ્રયત્નો કરે જ નહીં! અલબત્ત, દેખાય છે એવું કે આળસના માર્યા એમણે કારણો દુર કરવાનો બૌદ્ધીક કે શારીરીક શ્રમ કરવો નથી તેથી કારણ

શોધતા નથી અથવા તો આગળ વધીને નોંધવું પડે કે કારણો શોધવાનો શ્રમ કરતા નથી. આથી, અનેકવીધ ઘટનાઓનું એક જ કારણ (અને તે પણ ખોટું છતાં હાથવગું) માનીને તેને દુર કરવાનો જે પ્રયત્નો કરે છે તે કારણ દુર કરવાના લક્ષ્યાંક તરફ લઈ જતા નથી. મોટા ભાગે તેઓ કારણમાં કોઈકે કંઈક 'કરી' મુક્યાનું માની લે છે. આ કંઈક 'કરી' મુકનાર સમાજથી તરછોડાયેલ વીધવા, કદરુપી સ્ત્રી કે પુરુષ અથવા તો ગરીબ માણસો હોય છે. આથી, આ 'અકથીત રોગ'થી પીડાતા માણસો પોતાની સમસ્યા કે વીપરીત પરીસ્થીતીનાં સાચા કારણો નહીં શોધીને તેને તેઓ દુર કરતા નથી તેથી તે સમય જતાં વકરે છે. તેઓ વધારે દુઃખી થાય છે. પીડાઈ પીડાઈને કસમયે મરે છે. એષણાઓ બળવાન અભીપ્રેરણા છે. એષણાઓ સન્તોષવાની પોતાની શક્તી અને મર્યાદાનો કયાસ કાઢવાને બદલે આ 'અકથીત રોગ'થી પીડાતા માણસો તદ્દન

ત્રાહીત, ક્ષમતાવીહોણા અને ધુર્ત–ભગત–પીર પાસે જઈને તે સન્તોષવાના મીથ્યા પ્રયત્નો કરે છે. એષણાઓ સન્તોષાઈ જવાની ભ્રમણામાં રાચતા આ લોકોના મનપ્રદેશમાં અતૃપ્તીની આગ વધતી જાય છે અને ધુર્ત ભગત–પીર એમને લુંટતા રહે છે.

આમ, (1) સમસ્યા, વીપરીત પરીસ્થીતી, અતૃપ્ત તૃષ્ણા (2) બધી ઘટનાઓના એક કારણનો ભ્રમ (3) કારણને દુર કરવાનો ખોટો ઉપાય (4) ખોટા ઉપાય બતાવનારો ભગત–પીર આ ચાર તબક્કામાં ગુંથાયેલું આ ચક્ર સમાજમાં જોરથી ઘુમે છે. એક ભારે વીષવર્તુળ પેદા થયું છે. એનાથી દુ:ખોના ગુણાકાર અને સુખોના ભાગાકાર થાય છે. આથી એને તોડવું અનીવાર્ય બની ગયું છે.

માંગને લક્ષ્યમાં રાખી પુરવઠા પર આક્રમણ કરો

ભક્તો જ ભગવાન પેદા કરે છે. ‘અકથીત રોગ’થી પીડાતા દર્દીઓ જ ભગત–પીર–સાધુ–બાવા–મૌલવીઓને પ્રભાવક સ્થાન આપે છે.

અવૈજ્ઞાનીકતાના આ બજારમાં અન્ય બજારોની જેમ જ દર્દીઓની માંગ ભગત–પીરના પુરવઠાને આકર્ષે છે. આથી, વીષવર્તુળને તોડવું હોય તો એની માંગ ઓછી/ દુર થાય તે જ જોવું પડે. આ માટે સાચાં કારણો શોધતા રૅશનાલીઝમનો શક્ય એટલો વધારે પ્રચાર કરવો પડે. આ એક મોટું કામ છે. માંગ પેદા કરનાર ઘરે ઘરે છે. એ લોકો બુદ્ધીને લકવો લગાડીને શ્રદ્ધાથી ભગત–પીરને ત્યાં આવે છે. બીજી બાજુ, ભગત–પીર તો જાણે છે જ કે એની પાસે કોઈ ઉકેલ નથી. ધુર્ત તો પોતાની ધુર્તતા જાણતો હોય જ. એટલે કે, એના મનપ્રદેશમાં પોતે ગુનેગાર હોવાનો ભાવ હોય છે. અન્તે તો માંગ ઓછી કરવાનું ધ્યેય જ સીદ્ધ કરવાનું છે; પરન્તુ ભગત–પીરના ગુનેગાર હોવાનો ભાવ આ આખા વીષવર્તુળની નબળી કડી છે. એમના કહેવાતા ચમત્કારોના પર્દાફાશ કરવામાં આવે તો એકી સાથે બે પરીણામ આવે છે. એક, ત્યાં રુબરુ આવેલા

ગ્રાહકોને નીભ્રાંત થવાની તક મળે છે. બે, ભગત–પીરને એની લીલા સંકેલવાની ફરજ પડે છે. ભગત–પીરની ધુર્તાની ચર્ચા સમાજમાં ઉપડે છે, જે ઘણાને દર્દી બનતા રોકે છે. માંગને સીધી રીતે ઓછી કરવામાં વધારે પ્રયત્નો, વધારે સમય અને વધારે નાણાં ખર્ચ કરવા પડે છે. આથી, અન્તે માંગને દુર/નીર્મુળ કરવા પુરવઠો પુરો પાડનાર પર નજર રાખી તેના કરતુતો ખુલ્લા પાડવાનું કાર્ય પહેલા કરવું જરુરી છે. અત્યારે આ વ્યહુરચના વીષવર્તુળ છેદવા માટે અસરકારક રહે એમ છે.

આ સન્દર્ભે ‘સત્યશોધક સભા’, સુરતના સક્રીય રૅશનાલીસ્ટો સીદ્ધાર્થ દેગામી અને મધુભાઈ કાકડીયા સાથે વાતો કરતાં સમજાયું છે કે આ ઉપાય વ્યવહારમાં પણ શક્ય અને સરળ છે. આ બન્ને મીત્રો સુરત શહેર, એના આજુબાજુના વીસ્તાર અને ગુજરાત રાજ્યમાં અન્યત્ર પણ ચમત્કારોના પર્દાફાશ કરવામાં અગ્રણી છે.

સભાના પ્રમુખ ડૉ. બી. એ. પરીખ અને મન્ત્રી બાબુભાઈ દેસાઈએ પર્દાફાશમાં સતત માર્ગદર્શન અને સક્રીય સાથ આપ્યો છે. અન્ય રેશનાલીસ્ટમીત્રોમાં જગદીશ વક્તાણા, ગુણવંત ચૌધરી, દારુવાલાબહેન વગેરે પણ આ પર્દાફાશમાં સક્રીય રહે છે. આ મીત્રો સાથે મને પણ કામ કરવાની તક મળી છે. અમારા સૌનો અનુભવ છે કે ભગત–પીર સતત શંકા સેવતા હોય છે કે એમની ધુર્તતા ખુલ્લી પાડવા કોઈને કોઈ વ્યક્તી એમને પડકારશે. એમને એ ભય સતાવે છે કે એમની પોલ ખુલ્લી પડી જશે. જે જે ભગત–પીરને સ્થાનીક લોકોનો સાથ મળે છે તેઓ પર્દાફાશના કાર્યક્રમ પ્રસંગે 'સત્યશોધક સભા'ના કાર્યકરોનો પ્રતીકાર કરે છે. પર્દાફાશના કાર્યક્રમમાં કોઈ પણ ભગત–પીરે પોતે જે ઉપચારો કરી રહ્યો છે તે સાચા છે અને દર્દીને અચુક સારું થઈ જશે કે સારું થઈ ગયું છે એવું પ્રતીપાદીત કરવાના પ્રયત્ન કર્યો નથી.

એમનો પ્રતીકાર ઘાંટા પાડવાના, ધક્કા મારીને એમના સ્થળમાંથી કાઢી મુકવાના, ધમકીઓ આપવાના અને મહોલ્લાવાસીઓનો સાથ મળે તો મારામારી કરવાના સ્વરુપનો પ્રતીકાર હોય છે. આમ, એમના પ્રતીકારનું સ્વરુપ બતાવે છે કે એમના દર્શાવેલા અને કરેલા ઉપચારો વાસ્તવમાં ઉપચારો નથી; પરન્તુ છેતરપીંડી છે. 'સત્યશોધક સભા'ના કાર્યકરોની વીનન્તી છતાં તેઓ શાંતીથી બેસીને કાર્યકરોને કે તેમના ત્યાં આવેલા દર્દીઓને સમજાવતા નથી કે એમના ઉપચારો વાસ્તવમાં બનાવટ છે. આથી, કાર્યકરો એમના ગુસ્સાભર્યા પ્રતીકારનો સામનો કરવા માટે માનસીક રીતે તૈયાર હોય છે. આ ગુસ્સાભર્યા પ્રતીકારનો જુસ્સો પુરો થયા પછી મોટા ભાગના ભગત–પીર વાસ્તવીકતા સમજી જાય છે. ઠંડા પડી જાય છે, અને પોતે ખોટાં કાર્ય કરી રહ્યાનો એકરાર કરે છે. જે ભગતના ચોપડાઓ પર આ અભ્યાસ થઈ રહ્યો છે એમણે તો

અણધારેલી રીતે ખુલ્લા દીલનો એકરાર કરી દીધો. અગાઉ જણાવ્યું તેમ એણે એની પાસેનું બધું જ સુપ્રત કરી દીધું. આમ, 'સત્યશોધક સભા,' સુરતના પર્દાફાશના સંખ્યાબન્ધ અનુભવો દર્શાવે છે કે ભગત–પીર પોતે ખોટું કરી રહ્યાનો ભાવ સતત અનુભવે છે. આથી, પુરવઠા પર દબાણ કરી આ વીષવર્તુળને તોડવાની શરુઆત થઈ શકે તેમ છે.

જો પર્દાફાશની પ્રવૃત્તી કરનાર પાસે માણસો અને સાધનો હોય તો એમણે ભગત–પીરની પાસે ઉકેલની આશા લઈને આવેલા દર્દીઓને શોધી કાઢવા જોઈએ. એમને સમજાવવાની કોશીશ કરવી જોઈએ કે તેઓ ખોટા માણસ પાસે ખોટા ઉકેલ માટે ગયા હતા. તેઓ અન્યોની નજરમાં હાસ્યાસ્પદ ઠરે તેથી તેઓ ભગત–પીરના ફરેબમાં મુર્ખ બન્યા તે ભલે જાહેરમાં જણાવે નહીં; પરન્તુ ખુદ તો તેઓ સમજે જ કે તેઓ સ્વયંભુ મુર્ખ બનવા માટે ગયા હતા. ઉકેલ માટે ખોટા માણસ પાસે જવું અને ખોટા

ઉકેલ મેળવવાનો ચાળો કરવો તે પણ માનસીક નબળાઈ છે, રોગ છે. જાહેરમાં એ આ બાબતને જણાવતો નથી તેથી એ ‘અકથીત રોગ’ છે. એ માણસને માહીતી મળે કે તેના જાણકારોમાંથી કોઈ ભગત–પીર પાસે જવા માંગે છે તો એને અટકાવે. આવા માણસો પૈકી જે માણસો જાહેરમાં પોતાના અનુભવને વર્ણવવા તૈયાર થાય તો એમના અનુભવ એમની સહી અને પુરા સરનામા સાથે મેળવી લેવા અને તે જાહેર જનતા જેટલી વધારે જાણે તે રીતે પ્રકાશીત કરવા. અલબત્ત, આમ કરતાં એ માણસ ઈચ્છે કે એનું નામ–ઓળખ ગુપ્ત રહે તો તે રાખવાં; પરન્તુ ભગત–પીરના નામ–ઓળખ અચુક જાહેર કરવા.

જેવા કાયદા છે તેવા અને તેનો અમલ કરનાર જેવું તન્ત્ર છે તેવું છતાં એ તો હકીકત છે જ કે કોઈ પણ વ્યક્તીને વીશ્વાસ આપવો કે તેની સમસ્યા અને વીપરીત પરીસ્થીતીનો ધારેલો ઉકેલ

આવશે અથવા તો એના રોગનું નીવારણ થશે તો એ છેતરપીંડી છે જ. આ સમયે વીશ્વાસ આપનારને ખબર હોય કે એની પાસે કોઈ સાચો ઉકેલ નથી છતાં એ વીશ્વાસ આપે. ઉપરાંત, એવો ખોટો વીશ્વાસ આપવાના બદલામાં રોકડ અને બીનરોકડ સ્વરુપે વળતર મેળવે તો આજના કાયદા પ્રમાણે ગુનો બને છે. જાગૃત નાગરીકોએ મુર્ખ બનેલા લોકોની સાથે રહીને આવા ભગત–પીરની સામે ફોજદારી રાહે પગલાં ભરવાં. એમની સામેના દાવા ધીરજથી ક્ષતીરહીત બનાવવા. દાવા પુરી ગમ્ભીરતાથી ચલાવવા. આવા ભગત–પીરને અવશ્ય સજા થશે. જો સજા થાય તો તેને ખુબ પ્રસીદ્ધી આપવી. દાવો ચાલે તે દરમીયાન પણ અદાલતી વાંધા નહીં પડે તે રીતે ચાલતા દાવાની માહીતીની શક્ય એટલી વધારે પ્રસીદ્ધી આપવી કે જેથી સામાન્ય જનને ખાતરી થાય કે ભગત–પીરમાં કોઈ દૈવી શક્તી નથી. દાવાને અન્તે જો ભગત–

પીર દંડ–વળતરમાંથી માફી માગતી દયાની અરજી કરે તો તે સ્વીકારવી નહીં. મુર્ખ બનનારે નુકસાનીના વળતરની માંગણી અચુક કરવી. દાવો જીતનારા ત્યાર બાદ અન્ય ભગત–પીરને પડકારવામાં અને અદાલતો સમક્ષ રજુ કરવામાં અગ્રેસર થાય તે જોવું. આ કરવાથી જો લોકટેકો પ્રબળ થતો જાય તો તેવા વીસ્તારોમાં ‘અકથીત રોગ’ના ડૉક્ટર હોવાનો દાવો કરીને ધન્ધો કરતા ભગત–પીર, જોશી, બાવા, સાધુ–મૌલવી, પાદરી એવા લોકોની દુકાનો આગળ પીકેટીંગ કરવું. મુર્ખ બનવા જતાં લોકો દર્દીઓને ત્યાં નહીં જવા સમજાવવું. એમની સમસ્યા અને એષણાના સાચા ઉકેલો જ્યાં અને જેમની પાસે હોય ત્યાં અને તેમની પાસે મોકલવા. આ કામ તો આંદોલન સીવાય પણ સમજુ નાગરીકો પોતાના વર્તુળોમાં કરી શકે છે. ખાસ કરીને શારીરીક–માનસીક રોગોની બાબતોમાં ઝડપી પગલાં ભરવા.

વ્યવસ્થાતન્ત્ર તૈયાર કરો

સાધનો અને માણસો વધતાં જાય તેમ આ 'અકથીત રોગ'ને દુર કરવા માટે તન્ત્રો તૈયાર કરવા જોઈએ. આ રોગ ઘણો જુનો છે, વ્યાપક છે, એને દુર કરવા માટે ધીરજથી લાંબા સમય માટે વ્યવસ્થીત પ્રયત્ન કરવાની જરુર છે, સફળતા જેવી કોઈ સફળતા નથી; પરન્તુ સફળતાના નશાનો ઉન્માદ આવે છે. ઉન્માદને કારણે ઉમદા કાર્યો નીષ્ફળ નીવડે છે અને બદનામ થાય છે. પર્દાફાશ કરનારાઓએ ખાસ જોવું કે ભગત–પીરને સમાજવીરોધી પ્રવૃત્તીઓ કરતા અટકાવતા કે દર્દીઓને મુક્ત થવાનું સમજાવતા, પોતે જ સફળતાના ઉન્માદની અસર નીચે આવી નહીં જાય. ભગત–પીર સાથે અપશબ્દોવાળી ભાષાનો વ્યવહાર, મારામારી કે ઉશ્કેરાટ કરવાથી તદ્દન દુર રહેવું. સમગ્ર કાર્યક્રમમાં કાયદો હાથમાં લેવો નહીં. બને ત્યાં સુધી જે વીસ્તારમાં ભગત–પીર

સમાજવીરોધી પ્રવૃત્તીઓ ચલાવતા હોય ત્યાંના સ્થાનીક લોકોને વીશ્વાસમાં લેવા અને પર્દાફાશ માટે એમનો સાથ લેવો. સતત યાદ રાખવું કે ભગત–પીરની પેદાશ દર્દીઓની માંગમાંથી નીપજે છે. ભગત–પીરને સમાજવીરોધી પ્રવૃત્તી કરતાં રોકવાનું કોઈ પણ કાર્ય કાયદાની મર્યાદામાં અને સંયમીત રહેવું જોઈએ. દર્દીઓને સહાનુભુતીભર્યું શીક્ષણ આપવું જોઈએ. આ કરવા માટે કાર્યકરોને તાલીમ આપવાની જરુર લાગે તો આપવી. કાર્યકરો એકબીજાને પુરક બને તે જોવું. પર્દાફાશ દરમીયાન મળતી રોકડ, વસ્તુઓ વગેરેનો નીકાલ સ્થાનીક માણસો અને જરુર પડ્યે પોલીસની મદદથી કરવો. આ સન્દર્ભે કાયમી ધોરણે 'ચમત્કાર પર્દાફાશ ભંડોળ' ઉભું કરી તેમાં મળતી આ રોકડ–ચીજોના વેચાણમાંથી મળતી રોકડ જમા કરી પર્દાફાશના ખર્ચા તેમાંથી કરી શકાય. અલબત્ત, આ ભંડોળ અને તેની વ્યવસ્થા પારદર્શી અને પ્રમાણીક રીતે

થવાની હોય તો જ તેની રચના કરવી. શક્ય હોય તો ભગત–પીર પાસેથી માહીતી મેળવી એના દર્દીઓને તે પરત આપી શકાય. જો ભંડોળ ઉભું કરી શકાય તો એને કેન્દ્રીત કરવાની જરુર નથી. સ્થાનીક માણસોને તેનો વહીવટ સોંપીને એમને જ તન્ત્ર તૈયાર કરી પોતાના વીસ્તારમાં પેદા થયેલા વીષવર્તુળને તોડવા અને વૈજ્ઞાનીક અભીગમવાળા અમૃતચક્રને ગતીમાન કરવા તૈયાર કરવા જોઈએ. આમ, સમાજમાં પેઠેલા આ વ્યાપક રોગને નાબુદ કરવા સમાજને જ કામે લગાડવો જોઈએ. આ બાબતમાં અત્યારે અગ્રેસર થયેલા લોકોએ પર્દાફાશ કરવાનો ઈજારો પોતાનો જ છે, એવા અહમ્ ને ત્યાગી પોતાના અનુભવના આધારે વીકેન્દ્રીત ધોરણે પર્દાફાશ થાય તે માટે કાર્યરત થવું જોઈએ. એમણે પુરી નમ્રતા અને ધીરજ સાથે લોકો જ આ અભીગમને એક રોગ સમજે, એક વીકૃતી સમજે, એક બદી સમજે અને તેઓ પોતે જ તેમાં ફસાય

નહીં અને ફસાયા હોય તો મુક્ત થાય તેવી વ્યવસ્થા કરવાના કામે લાગવું જોઈએ. પર્દાફાશના અને લોકશીક્ષણના અગ્રેસરોએ જાતે પરીવર્તન કરવાથી સન્તોષ માનવાનો નથી; પરન્તુ અન્યો પણ પરીવર્તનમાં અગ્રેસર થાય તેના પથદર્શક બનવાનું છે. આ માટે પુષ્કળ સાહીત્ય–વીડીયો કેસેટ અને સીડી સહીત–તૈયાર કરવું જોઈએ. રેડીયો અને ટેલીવીઝન જેવા માધ્યમોનો પણ બહોળો ઉપયોગ કરવો જોઈએ. આ સન્દર્ભે સુરતના અખબારો જે ભુમીકા ભજવે છે તેની સકદર નોંધ લેવી જોઈએ. શક્ય બને તો ગ્રામ વીસ્તારોમા–ઝુપડપટ્ટીઓમાં અને આગળ વધીને આદીવાસી વીસ્તારોમાં પ્રદર્શનો, ફીલ્મ શો, ચમત્કારનાં ઝુઠાણાંને સમજાવતા કાર્યક્રમો યોજવા જોઈએ. આ કાર્યક્રમોમાં સ્થાનીક લોકોને શરુઆતથી જ ભાગીદાર બનાવવા જોઈએ. સ્થાનીક કક્ષાએ અનેક સ્થળોએ જો આ કાર્યક્રમો ઉપાડવામાં આવે તો

એમની વચ્ચે સંકલન કરવું. દરેકના અનુભવો અને તેના બોધપાઠની આપ–લે કરવા અને મુશ્કેલીના ટાંકણે એક બીજાને મદદ કરવાના હેતુસર એક મુખ્ય મથક હોવું જોઈએ. મુખ્ય મથક હુકમો કરવાનું કેન્દ્ર નહીં; પણ સંકલનકારની ભુમીકા ભજવતું હોવું જોઈએ. આ બધું રાતોરાત બનવાનું નથી. લાંબો સમય લાગશે, લાંબો સમય લાગવાનો છે, એટલે જ બને એટલી વહેલી એની શરુઆત કરવી જોઈએ.



મોટા ભાગના ધર્મો અપાર્થીવ તત્ત્વના અસ્તીત્વના ભ્રમમાં રાચે છે. એમનો એક બીજો પણ ભ્રમ છે કે આ અપાર્થીવ તત્ત્વ સમગ્ર સચરાચરનું કર્તા, હર્તા અને ભોક્તા છે. આ બધું કરવા માટે તે સર્વશક્તીમાન છે. મોટા ભાગનો માનવ સમુદાય આ બીલકુલ અવૈજ્ઞાનીક એવી ધાર્મીક માન્યતાને સાચી માનવાનો સંસ્કાર ગર્ભમાંથી જ લઈને ઉછરતો હોય છે, એકવાર અપાર્થીવ તત્ત્વ અને એની અનન્ત શક્તીને માણસે સ્વીકાર્યો એટલે તેને પગલે પગલે તાર્કીક પરીણામ સ્વરુપ અનેક અવૈજ્ઞાનીક બાબતો એણે સ્વીકારવી પડે છે અને સ્વીકારે છે.

10

મુળ પ્રશ્નોનું સાતત્ય અને તેની વ્યાપકતા

અનુક્રમણીકા

પરીસ્થીતીનું વીપરીત થવું, સમસ્યાનું સર્જન થવું અને એષણાઓ જાગવી આ બધું સતત પેદા થયાં કરે છે. આ ત્રણેમાંથી એક પણ પેદા નહીં જ થાય એવું બનવાનું નથી. આ ત્રણ પ્રસંગે માનવ–મગજ કેવી રીતે વર્તે છે અને તન્દુરસ્ત મગજે કેવી રીતે વર્તવું જોઈએ તે જ વીચારવું પડે. માણસો દરેક પરીસ્થીતીમાં અને દરેક સમસ્યાનાં સાચાં કારણો શોધીને તેના વાજબી–અસરકારક ઉકેલને અમલમાં મુકે તે દીશામાં માણસને લઈ જવાનો છે. માણસ એની એષણાની સન્તૃપ્તી માટે એની શારીરીક અને બૌદ્ધીક શક્તી તેમ જ એની હસ્તકનાં સાધનોની ખુબી અને ખામી વીચારીને તેમને જો તૃપ્તીને માટે કાર્યાન્વીત કરવામાં આવે તો

એને તેમાંથી મહત્તમ આનન્દ મળશે. દરેક માણસ માટે વીપરીત પરીસ્થીતી અને સમસ્યા પેદા થવાના જ છે. વારંવાર પેદા થવાના છે. દરેક માણસને પળે પળે કોઈને એષણા સન્તાપ આપવાની જ છે. આ બધાંનાં પરીણામે પ્રશ્નો સતત પેદા થવાના જ છે. તે પ્રત્યેક માણસ સુધી વ્યાપક રહેવાના છે. એના ખોટા ઉકેલ માટે કહેવાતી દીવ્ય શક્તીવાળા ખોટા માણસોનો સહારો લેવાનો ઘણા માણસોને જે 'અકથીત રોગ' લાગુ પડે છે તેના મુળમાં માણસોનો અવૈજ્ઞાનીક–ઈરૅશનલ અભીગમ છે. ધર્મ, સંસ્કાર અને રુઢીગતતાએ જન્મતાની સાથે એનો કાબુ મેળવી લીધો હોય છે. રુઢીગતતા એને સતત કુપમંડુકતાની દશામાં રાખે છે. આ સંસ્કાર એને સતત ગૃહીત રાખે છે. આ ત્રણેમાંથી અને તેમાંય ધર્મથી મુક્તી મેળવવાનું ઘણા માટે શક્ય નથી. પરીણામે, ગણ્યા ગાંઠ્યા માણસો સીવાયનો સમગ્ર સમાજ અવૈજ્ઞાનીકતાનો બન્ધાણી છે. ભગતના

ચારેય ચોપડાઓનો અભ્યાસ કરતાં માલુમ પડે છે કે કેટલાક ડૉક્ટરો, એન્જીનીયરો અને શીક્ષકો પણ એનો આશારો લેતા હતા. કેટલાક બીનનીવાસી ભારતીયો, કે જેમાંના મોટા ભાગના અમેરીકામાં છે તે પણ એનો આશારો લેતા હતા. અમેરીકા–ન્યુઝીલેન્ડ જવા માત્રથી માણસો પોતાના ધર્મ, સંસ્કાર અને રુઢીઓને નવેસરથી ટીકાત્મક રીતે તપાસવાની ઈચ્છા અને શક્તી પ્રાપ્ત કરી લેતા નથી. ખુદ અમેરીકા, યુરોપ કે ઓસ્ટ્રેલીયા અને તેવા બીજા વીકસીત કહેવાતા દેશોના માણસો પણ આ રોગથી મુક્ત નથી. ત્યાં પણ ભગત–પીર જેવા તાવીજ આપનારા અને ખોટા ઉકેલ આપનારા તેમ જ પોતાની પાસે દૈવી શક્તી હોવાનો દાવો કરનારા અસલ અમેરીકનો, યુરોપીયનો વગેરે છે. આ દેશોમાં વીજ્ઞાન અગ્રસ્થાને છે; છતાં અવૈજ્ઞાનીકતા તેમ જ ખોટા માણસ પાસેથી ખોટા ઉપાય મેળવવાની ઈચ્છા ધરાવતો **‘અકથીત રોગ’** આ

દેશોમાં પણ અસ્તીત્વ ધરાવે છે. આમ આ સમસ્યાના મુળ ઉંડા અને વ્યાપક છે.

ધર્મ અને અપાર્થીવ તત્ત્વ

મોટા ભાગના ધર્મો અપાર્થીવ તત્ત્વના અસ્તીત્વના ભ્રમમાં રાચે છે. એમનો એક બીજો પણ ભ્રમ છે કે આ અપાર્થીવ તત્ત્વ સમગ્ર સચરાચરનું કર્તા, હર્તા અને ભોક્તા છે, આ બધું કરવા માટે તે સર્વશક્તીમાન છે. મોટા ભાગનો માનવ સમુદાય આ બીલકુલ અવૈજ્ઞાનીક એવી ધાર્મીક માન્યતાને સાચી માનવાનો સંસ્કાર ગર્ભમાંથી જ લઈને ઉછરતો હોય છે. એકવાર અપાર્થીવ તત્ત્વ અને એની અનન્ત શક્તીને માણસે સ્વીકાર્યા એટલે તેને પગલે પગલે તાર્કીક પરીણામ સ્વરુપ અનેક અવૈજ્ઞાનીક બાબતો એણે સ્વીકારવી પડે છે અને સ્વીકારી છે.

અપાર્થીવ તત્ત્વ સાથે સંવાદ સ્થાપ્યા બાદ પૃથ્વી પરના માણસોમાં આત્માનું હોવું અને તેનું

અજર–અમર હોવાનું સ્વીકારવું પડે, આત્મા કોઈ ખોળીયામાં જાય અને તે ખોળીયાને થોડો સમય જીવાડી દઈ સુખ–દુ:ખની વેદનાને માણે છે, તે સ્વીકારવું પડે. આગળ વધીને–માત્ર તાર્કીક પરીણામ સ્વરુપ ખોળીયા વગર ભટકતા આત્માના ગપ્પાને પણ સ્વીકારવું પડે. આ ભટકતા આત્માઓ ભુત, ડાકણ, પીશાચ વગેરે તરીકે આપણા પ્રદેશોમાં ઓળખાય છે. આવા અન્ય માણસના શરીરમાં પ્રવેશી શકે તેવા ગપ્પાને પણ તે તર્કાધારીત હોવાથી સ્વીકારવું પડે. ભગત–પીર, ભુવા, સાધુ, બાવા, મૌલવી, પાદરીના જન્મ માટે આટલો મસાલો પુરતો છે. આટલા મસાલાની મદદથી કોઈ પણ ફાલતું માણસ અધીકારથી કહી શકે કે પોતે દૈવી શક્તી ધરાવે છે, અને પછી ઘાંટા પાડીને, ચીપીયો પછાડીને કે ચાદર ઓઢીને કહી શકે કે એના સકંજામાં આવેલા દર્દીમાં ડાકણ નાચે છે, તો કોઈ ગેબી શક્તીએ મુઠ મારી છે, આત્મા–પરમાત્માની

બીલકુલ અવાસ્તવીક ફીલસુફીમાં શ્રદ્ધા રાખનારાએ ભુત–ડાકણ, પીશાચ, ગેબી શક્તી અને મુઠ મારવી, નજર બાંધવી જેવા ગપ્પાંને સ્વીકારવા જ પડે. તેને માનવા જ પડે. આમ સમાજમાં જે ભગત–પીરની માંગ છે તેના મુળમાં ધર્મ પરની આસ્થા પડેલી છે. ધર્મની બજારકીયા (માર્કેટીંગ) ખુબ પ્રભાવક હોય છે. જન્મના અકસ્માતથી મા–બાપના ધર્મને પોતીકા ધર્મ બનાવવાનું જે ફરજીયાતપણું છે તે હીટલરની સરમુખત્યારશાહીને ભુલાવે તેવું છે. ધર્મની આ જોહુકમી અને અવૈજ્ઞાનીકતા માણસોને ખોટા ઉકેલ માટે ખોટા માણસોની દીશામાં ધકેલે છે. મોટા ભાગનો માનવ–સમુદાય ધર્મમાં માને છે તેથી ભગત–પીરની માંગ પેદા થાય છે. માનવસમાજમાંથી ધર્મને ગાંસડા–બન્ધાવીને નજીકના ભવીષ્યમાં વીદાય કરી શકાય તેવું દેખાતું નથી.

આ સન્દર્ભે બહારગામથી સુરતમાં આવીને રહેતા એક ભાઈની ફરીયાદ જાણવા જેવી છે. ‘પહેલા મારા ગામમાં હું રહેતો હતો; પરન્તુ કર્મ પ્રમાણે દેશમાંથી વહી જવું પડ્યું છે અને સુરતમાં રહું છું.’

જુદા જુદા ધર્મો ચોક્કસ પરીસ્થીતી માટે અપાર્થીવ શક્તીની કૃપા–અવકૃપા, કર્મના સીદ્ધાંત અને અપાર્થીવ શક્તીના આખરી ચુકાદા જેવી અવૈજ્ઞાનીક વાતો કરીને પ્રજાને ગેરમાર્ગે દોરે છે. આ ભાઈ કર્મના સીદ્ધાંતની અવૈજ્ઞાનીકતાના ભોગ બન્યા બાદ પોતે પોતાના ગામમાંથી સુરત શા માટે આવ્યો અને હજી પણ સુરતમાં એ શા માટે રહે છે, જેવા સવાલો એને થતાં જ નથી! કયાં સાચાં કારણો એને સુરત લઈ આવ્યા જેવો સવાલ તો એના વીચારવર્તુળની બહારનું બીન્દુ છે! એ તો આ અવૈજ્ઞાનીકતાને કારણે સીધો ભગત પાસે પહોંચી ગયો અને પોતાની સમસ્યાની રજુઆત કરવા બેસી

ગયો! મુળમાં સુરતમાં એના આવવાની અવૈજ્ઞાનીક માન્યતાને પરીણામે ઘણા દર્દો પેદા થાય છે. આવી ઉંડી અને વ્યાપક એવી આ સમસ્યા જોતાં રૅશનાલીઝમમાં માનનારાએ ખુબ ખામોશી રાખવી પડે તેમ છે. નર્મ–મર્મ રહીને તે ઉંડા મુળીયાવાળા અને વ્યાપક એવા ધર્મને અપ્રસ્તુત બનાવી દેવાનું લક્ષ્યાંક તો રાખવું જ પડે એમ છે. ટુંકા ગાળામાં ધર્મના પ્રભાવને કારણે પેદા થતા 'અકથીત રોગ'ના દર્દીઓનું શોષણ કરતા ભગત–પીરને અટકાવવાનું છે. સાથે સાથે લોકોને એ સમજાવવાનું છે કે સમસ્યા અને એષણાના સન્દર્ભે એ સાચા માણસ અને સાચા ઉકેલ તરફ વળે. ધર્મ અપ્રસ્તુત બની જાય ત્યાં સુધી ધર્મને વ્યક્તીનો અંગત મામલો બનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. આસ્થા બીલકુલ અંગત બાબત છે. ઘરની ચાર દીવાલો અને આસ્થાના સ્થાન પુરતી એની અભીવ્યક્તી કરવા માટે લોકોને સમજાવવા જોઈએ. જાહેરમાં જેમ

ધુમ્રપાન વર્જ્ય બન્યું છે તેમ જાહેરમાં ધર્મના કોઈ પણ પ્રકારના પ્રદર્શનને વર્જ્ય કરવા લોકો ખુદ આગળ વધે તેવા લોકશીક્ષણને મોટા પાયા પર ઉપાડવું જોઈએ.

સંસ્કારની બાબતમાં એવું દેખાયું છે કે વારસામાં મળતા સંસ્કારોને પ્રજા સટીક નજરે જોવા લાગી છે. સ્ત્રીઓનું શોષણ કરવાનો અને તે થવા દેવાનો સંસ્કાર ખુબ સટીક નજરે તપાસવામાં આવી રહ્યો છે. એ જ પ્રમાણે સંસ્કારના નામે અન્ય બાબતો પણ તપાસાય છે. રુઢીઓને પણ સમાજ સટીક નજરે તપાસતો થયો છે. ખાણી, પીણી, પહેરવેશ, ચોક્કસ રીવાજો વગેરેમાં સમાજે પ્રગતીશીલતાની ઘણી નીશાનીઓ દર્શાવી છે. જે ભગતના ચોપડા હાથ લાગ્યા છે તે તપાસતા અને તેને આધારે ગણતરી માંડતા સુરત જેવા શહેરી વીસ્તારના અડધા લોકો ભલે આ 'અકથીત રોગ'થી પીડાતા હોય છતાં વૈજ્ઞાનીક અભીગમ દાખવવાની

– રૅશનાલીઝમ સ્વીકારવાની બાબતમાં સફળતાપુર્વક આગળ વધી શકાશે એવું વાતાવરણ છે. ધર્મ, સંસ્કાર અને રુઢીઓ દ્વારા જે અવૈજ્ઞાનીકતાને–ઈરૅશનાલીઝમને આગળ ધરવામાં આવે છે તે અંગે માણસો પ્રશ્ન પુછતા થઈ ગયા છે. આ બધાના પરીણામ સ્વરુપ ભગત–પીરના પર્દાફાશ પ્રસંગે લોકો ઉલટભેર સહકાર આપતા દેખાયા. સમસ્યાના મુળ જો ઉંડા અને વ્યાપક હોય તો તેની નાબુદી માટેના પ્રયત્નો પણ ઉંડા અને વ્યાપક બનાવવા જ પડે.

સંસ્કારના જ મુદ્દાને તાસીએ તો સમજાશે કે ભારતીય સમાજમાં એ સંસ્કાર ઉંડો અને વ્યાપક છે કે મહીલાઓએ ઘરમાં રહેવું અને પુરુષે બહાર કમાવા જવું. વાસ્તવીકતા એ છે કે પુરુષની કમાણી સ્ત્રી અને બાળકોના જીવન પર સીધી અસર કરે છે. આથી પુરષની એટલે કે કુટુમ્બની કમાણી સ્ત્રી અને બાળકોના જીવન પર સીધી અસર કરે છે. આથી

પુરષની એટલે કે કુટુમ્બની કમાણી અંગે સ્ત્રી ચીંતીત રહે છે. ઘરકુકડી રહેવાનો સંસ્કાર હવે ઘણી મહીલાઓને અકળાવે છે. આથી ભગત–પીર પાસે આર્થીક સમસ્યા લઈને આવતા દર્દીઓના લગભગ ચાલીસ ટકા લોકો મહીલાઓ છે.

આ સન્દર્ભમાં ભગતને એક મહીલાની મળેલી દાસ્તાન સમજવા જેવી છે :

‘(પતીની) જુગાર–દારુની લત છુટી જાય, સારી રીતે રહેતો થાય, ધન્ધો–પાણી કરીને ઘરમાં પૈસા–ટકા આપતો થાય, પોતાની બહેનના લગ્નમાં સારી રીતે વહેવાર કરે તેવું સર્વ કરી આપવાનું છે.’

સંસ્કારને કારણે આ મહીલા તેના પતીની કુટેવોને જાહેરમાં પડકારી શકતી નથી. એના પતીને એ સીધેસીધું કહી શકતી નથી કે તે કુટેવો છોડે અને કુટુમ્બ–નીર્વાહ માટે પૈસા આપે. પરીણામે, તેને આ ‘અકથીત રોગ’ લાગુ પડ્યો અને ભગત પાસે આવી. પતી પરત્વે ભયની લાગણી અને

ભગતમાં દૈવી શક્તી હોવાની શ્રદ્ધા આવી મહીલાઓના બધાં પ્રકારના શોષણ માટેના દરવાજા ખોલે તે સમજી શકાય તેવું છે. આમ છતાં આવી સ્ત્રી ઉમ્બરા બહાર પગ મુકે અને જાતે કમાણી કરવાની દ્રઢતા બતાવશે તો આજનો સમાજ એના આ સાહસને નીભાવી લેશે. સંસ્કાર સન્દર્ભે સમાજમાં આ પરીવર્તન આવ્યું છે.

રુઢીઓના સન્દર્ભે પણ સમાજે સટીક જોવા માંડ્યું છે, ભગતના ચોપડામાંની આ સન્દર્ભે આ એક વીગતને તપાસીએ તો :

‘મારી દીકરીના સારા ઘરમાં વીવાહ થાય. લગ્ન બાદ તે બાળબચ્ચાવાળી થઈ જાય, હમારી એક જગ્યાએ વાત ચાલે છે, તે છોકરો રેલવેમાં નોકરી કરે છે, તે જગ્યાએ અમારી દીકરીનું કામ થવું જોઈએ.’

આ આખી ફરીયાદમાં રુઢીઓનું જ પ્રભુત્વ દેખાય છે. સમાજમાં પુરુષો કરતાં સ્ત્રીઓની સંખ્યા

ઓછી છે; છતાં દીકરીના મા–બાપ જ લગ્નની બાબતમાં ગરજીલા રહે એવી જે રુઢી છે. તે આ ફરીયાદમાં દેખાય છે. હજી છોકરીના લગ્ન ગોઠવાયા નથી, તે પહેલાં તો એને બાળબચ્ચા થાય તેની માગણી મુકવામાં આવી છે! ‘સ્ત્રી એટલે બાળકો પેદા કરવાનું કારખાનું’ એવી રુઢીગત માન્યતા છે તે પણ આ માંગણી પરથી દેખાય છે. સ્ત્રીએ અને પુરુષે જાતીય આનન્દ મેળવવાનો છે અને સમ્ભોગથી સમાધી માણવાની છે, એ બાબતનું તો અહીં અસ્તીત્વ જ નથી! બાળકો મોડાં થાય અને પતી–પત્ની ‘મજા’ કરે એવી માગણી થતી નથી. આમ તો જાહેર સાહસ અને તેના કર્મચારીઓને સામાન્યતઃ તીરસ્કારામાં આવે છે; પરન્તુ એમની નોકરીની સલામતી, નીયમીત પગાર અને નીવૃત્તીના લાભોને જાહેર સાહસ બરાબર સમ્ભાળે છે. તેથી એને ત્યાં દીકરી આપવાથી તે સુખી રહેશે એવી રુઢીગત આશા પણ આ

ફરીયાદમાં સ્પષ્ટ થાય છે. આટલું હોવા છતાં આ છોકરી કદાચ પ્રેમલગ્ન કરે, કદાચ બાળકો મોડા આવે અને એક–બેથી વધારે નહીં આવે એવી રીતે દામ્પત્ય જીવન જીવે તો હવે સમાજ વાંધો લેતો નથી. જે સમાજમાં રુઢીગત કહેવત હતી કે, ‘કુંવારો ડોસો મરે; પણ કુંવારી ડોસી નહીં મરે’ તે જ સમાજમાં આ છોકરી જો કુંવારી રહેવાનો નીર્ણય લે તો તેને પણ ચલાવી લે એટલો તો સમાજ જરુર સુધર્યો છે. આમ સંસ્કાર અને રુઢીના મુદ્દાઓ પર રૅશનાલીઝમ માટે માર્ગ થોડો મોકળો બન્યો છે એમ કહી શકાય.

ટુંકમાં, આ ‘અકથીત રોગો’ની નાબુદી વચલું સ્ટેશન છે. છેવટનું સ્ટેશન રૅશનાલીઝમની સમ્પુર્ણ સ્થાપના છે.



આ ભગતનો દાવો છે કે પોતે તાન્ત્રીક ભુવો છે અને અઘોરી જાણકાર છે. આ બધુ સાંભળીને એ ભાઈ એની બહેનની સારવાર માટે લઈ ગયા. એ બહેન કુંવારા હતા. આ ભગતે એકાદ બે બેઠકો બાદ એ બહેન સાથે એકાંતમાં સાધના કરવાનું ગોઠવ્યું. પરીણામે એ બહેન સગર્ભા થઈ ગયા. આથી એમને સમજાયું કે આ ભગત કોઈ બીમારી દુર કરતા નથી; પરન્તુ પોતાનો હવસ સન્તોષે છે.

11

એક મુલાકાત

અનુક્રમણીકા

(‘ચમત્કારનો પર્દાફાશ’ કરનારાઓના આગેવાન અને ‘સત્યશોધક સભા’, સુરતના સહમન્ત્રી શ્રી. મધુભાઈ કાકડીયા, 136–અમ્બીકા નગર–2, કતારગામ, સુરત સેલફોન નમ્બર : 98255 32234 સાથેની વાતચીતનો સાર અત્રે આપ્યો છે. –સુ.શાહ)

(1) ‘સત્યશોધક સભા’ના અનેક કાર્યકરો છે. સભા અનેક કાર્યક્રમો કરે છે. તમે મોટેભાગે આ ભગતો જેવાઓના પર્દાફાશમાં વધારે રસ લેતા દેખાઓ છો. આવી તમારી પસન્દગીનાં કારણો જણાવવા વીનન્તી.

મધુભાઈ : ગાંધીજીએ જેમ પરદેશીઓ તરફથી થતાં શોષણને દુર કર્યા તેમ લોકોની શ્રદ્ધાનું શોષણ કરનારાઓને અને તે શોષણને પણ દુર

કરવા જોઈએ તેમ હું માનું છું. એકવાર આપણે જાણીએ કે શ્રદ્ધાળુઓનું શોષણ થાય છે; પછી આપણે કશું કરીએ નહીં તો તે આપણી મુર્ખાઈ છે. આ કામ નીઃસ્વાર્થ ભાવે કરતાં મને શોષણ દુર કર્યાનો ઘણો આનન્દ મળે છે.

(2) આ ભગતના પર્દાફાશ માટે તમને કોણે જણાવ્યુ? એણે ફરીયાદમાં તમને શું કહ્યું? ભગતે એ માણસને જે ખાતરી આપેલી તે શું સાચી પડી હતી?

મધુભાઈ : કોટસફીલ રોડ, સુરતના શ્રી. અરવીન્દસીંહ રાણાએ મને ફરીયાદ કરી હતી. 'સત્યશોધક સભા'ના ઉપક્રમે અમે જ્યારે પર્દાફાશ કરીએ છીએ ત્યારે સમાચાર તરીકે એને અખબારોમાં પ્રસીદ્ધી માટે મોકલીએ છીએ. અખબારો પણ અમારા આ કાર્યને સમાજસુધારણાના કાર્ય તરીકે સ્વીકારીને પ્રસીદ્ધી આપે છે. અમારા આવા અન્ય સમાચાર વાંચી

શ્રી. રાણાએ મારા સેલફોન નમ્બર : 98255 32234 પર મારો સમ્પર્ક કર્યો અને ફરીયાદ કરી. ફરીયાદમાં એણે ગમ્ભીર હકીકત જણાવી કે, ‘મારી ઓળખાણમાં એક બહેનને સામાન્ય બીમારી લાંબા સમય માટે રહેતા આ ભગત પાસે લઈ ગયા હતા. આ ભગત ઘરની બહારની જમીનમાંથી સાત ફુટ ઉંડેથી ત્રીશુલ કાઢવા જેવો ચમત્કાર કરી બતાવે છે. એ પોતાની પાસે તલવાર રાખે છે અને બે હાથના ઉપરના ભાગ પર એકન્દરે ચાર પોટલીઓ બાંધે છે. એ જ પ્રમાણે ગળા અને કમર પર પણ પોટલીઓ બાંધી એવું દર્શાવવા માંગે છે કે તે પોતે રક્ષીત છે. આ ભગતનો દાવો છે કે પોતે તાન્ત્રીક ભુવો છે અને અઘોરી જાણકાર છે. અમે આ બધું સાંભળીને પેલા બહેનની સારવાર માટે લઈ ગયા. એ બહેન કુંવારા હતા. આ ભગતે એકાદ બે બેઠકો બાદ એ બહેન સાથે એકાંતમાં સાધના કરવાનું ગોઠવ્યું. પરીણામે એ બહેન સગર્ભા થઈ ગયા.

આથી અમને સમજાયું કે આ ભગત કોઈ બીમારી દુર કરતા નથી; પરન્તુ પોતાનો હવસ સન્તોષે છે. આથી અમે તેમને ફોન પર વીનન્તી કરીએ છીએ કે આ ભગતને ખોટાં કામ કરતાં અટકાવો. હું મારા તરફથી બધી મદદ કરીશ.' આમ ભગતે એ બહેનની બીમારી તો દુર કરવાને બદલે એને ગર્ભવતી બનાવી. એ બાઈને તો આપઘાત કરવાનો વીચાર આવેલો; પરન્તુ શ્રી. રાણાએ અને અન્યોએ એને આપઘાત કરતા અટકાવી. બાઈનો ગર્ભ પડાવી નાંખ્યો અને એ બાઈ બચી ગઈ; પણ બીજી બહેનોને આવી દુઃખદ પરીસ્થીતીમાં મુકાવું નહીં પડે તે માટે શ્રી. રાણાએ અમારો સમ્પર્ક કર્યો. શ્રી. રાણાએ કહી તેવી જ પરીસ્થીતી ભગતને ત્યાં હોય તો તેનો પર્દાફાશ કરવાની અમે તૈયારી કરી.

'સત્યશોધક સભા', સુરતના મન્ત્રીશ્રી સીદ્ધાર્થ દેગામી, એડવોકેટ જગદીશ વક્તાણા, સભાના કારોબારી સભ્યો શ્રી. ગુણવંત ચૌધરી,

સુશ્રી. બેરોઝબહેન દારુવાલા, શ્રી. પરેશ લાઠીયા તેમ જ શ્રી. મહેશભાઈ જોગાણી સાથે ‘ઈન–ચેનલ’ અને ‘આઈ–વીટનેસ ચેનલ’ના વીડીયોગ્રાફરની સાથે અમે ભગતને ત્યાં ગયા હતા.

અમે ભગતના ઓરડામાં ગયા ત્યારે ઘણા માણસો હતા. આ ભગત એક રુપાળી બાઈ સાથે વીગતવાર વાતો કરતો હતો. અમે જે ચોપડા મેળવ્યા તેને જોતાં કહી શકાય કે તે એના વક્ષસ્થળનું ચીત્ર દોરતો હતો. એ પેલા બહેનની જાતીય બાબતો અંગે સવાલો કરતો હતો. અમારો નમ્બર આવતા અમારા પૈકી સુશ્રી બેરોઝબહેન એની પાસે જઈને બેઠા એટલે એણે બેરોઝબહેનમાં રસ લેવાનો ઓછો કર્યો. એણે ઉડાઉ જવાબ આપવા માંડ્યા. બેરોઝબહેને પોતાનો પતી ખુબ દારુ પીએ છે તે અટકાવવા ‘કંઈક’ કરવાને વીનન્તી કરી. ભગતે એમની વાત સાંભળીને બીજી તારીખ આપી. ત્યાર બાદ અમે મરદો ઉઠ્યા. આ તબક્કે

અમે અમારું અસલ સ્વરુપ જાહેર કર્યું. આ દરમીયાન વીડીયોગ્રાફરો ઓરડામાં બનતી ઘટનાઓની ફીલ્મ ઉતારતા હતા. મેં ઓળખાણ આપી કે અમે ‘સત્યશોધક સભા’માંથી આવીએ છીએ, પરીણામે એનો ચહેરો બદલાઈ ગયો.

(3) ત્યાર પછી શું થયું?

મધુભાઈ : અમે અમારી ઓળખાણ આપી એટલે શરુઆતમાં તો એના હાજર ભક્તોની હાજરીમાં અમારી સાથે દલીલો કરી કે એ ખરેખર ચમત્કારી પુરુષ છે. એણે અનેકને સારા કર્યા છે; પરન્તુ અમે એના ચમત્કારોના અને સારા કર્યા હોય તેમનાં નામ, પુરાવા માંગતા એણે કબુલ્યું કે એ છેતરપીંડી કરે છે. એની પાસે એક કબાટ હતો એમાં એણે અમ્બા માતા અને અન્ય દેવ–દેવીઓના ફોટા રાખેલા. એ બધાંને પ્રકાશના શણગાર કરેલા. કબાટની ઉપર ચાર–પાંચ શીવલીંગ હતા. વીંટીઓ હતી. રોગ સારા કરવા માટે ભક્તો પાસેથી મોટી

રકમ પડાવીને એ વીંટી આપતો હતો. આ નફાખોરીવાળો ધન્ધો એ કરતો હતો તે એણે સ્વીકાર્યું. અમારા સવાલોના એ પ્રતીતીકારક જવાબ આપી શકતો નહોતો તેથી તે મનોમન તુટી પડ્યો હતો. એણે પોતાના ગોરખધન્ધાનો સ્વીકાર કર્યો અને એના ધન્ધાના રહસ્યને સમાવતા ચોપડા પણ અમને આપી દીધા. મને આનન્દ છે કે એ ચોપડાઓનો અભ્યાસ કરી તમે તેમાંથી આ પુસ્તક લખીને વાંચકો સમક્ષ મુકવાના છો. વાચકો આ પુસ્તકનો સન્દેશો સમજે અને પોતપોતાનાં વર્તુળોમાં આવા ભગત–પીરને ત્યાં લોકો જાય નહીં અને વાચક પણ નહીં જાય તો જ આપણા સમાજમાં મોટું કામ થયેલું ગણાશે. ભગતની બાબતમાં મને આગળ કહેવા દો કે મને એવી શંકા છે કે એણે અનેક સ્ત્રીઓ સાથે સંસર્ગ કરવાનો રહેતો હતો તેથી એ પોતાની ઉપરાંત અન્ય પુરુષો પાસેથી પૈસા લઈને તે એમને ‘પુરુષ વેશ્યા’ તરીકે રાખતો હોવો

જોઈએ. જે દીવસે ભગતે શરણાગતી સ્વીકારી તેના બીજા દીવસે એક પુરુષ મારે ત્યાં આવ્યો અને જે હકીકત દર્શાવી અને જે ધમકીભરી ભાષામાં વાતો કરી તેણે મને આ શંકા સેવવાનું કારણ આપ્યું છે. એણે ખાસ તો આ ચોપડા પરત મેળવવા આગ્રહ કર્યો. એને એવી શંકા હતી કે ચોપડામાં કોઈ કોઈ સ્ત્રીનાં નામ–સરનામાની સામે એનું નામ લખેલું હશે. એ દીવસે તો મેં એ ચોપડા જોયા નહોતા તેથી મારે એની સાથે કાયદાની ભાષામાં વાત કરવી પડી. મેં જણાવ્યું કે, 'હવે જો એ આ પ્રકારની ધમકીની ભાષામાં વાત કરશે તો એ બન્નેના ગુનાની ગમ્ભીરતા જોતાં કાયદેસરના ફોજદારી રાહે મારે આગળ વધવાની ફરજ પડશે.' આ ધમકીથી એ ગભરાયો અને વધારે મગજમારી કર્યા વીના ચાલ્યો ગયો. ફરીવાર એ આવ્યો નહીં. તમે જાણો છો કે આપણું કામ સમાજસુધારાનું છે. રૅશનાલીઝમને લોકો અપનાવતા થાય તે જોવાનું છે. આથી,

કાયદેસરની કાર્યવાહી કરવાનો પ્રશ્ન ઉભો થતો નહોતો. આમ, આ કીસ્સામાં લોકોમાં પ્રવર્તતી અવૈજ્ઞાનીક શ્રદ્ધાને પરીણામે જે શોષણ થઈ રહ્યું છે તેમાંના એક ભગત તરફથી થતાં શોષણને અમે સૌ અટકાવી શક્યા તેનો મને આનન્દ છે.



પરીશીષ્ટ : 1

હવનનો સામાન

શ્રીફળ નંગ–11	સીન્દુર રુ. 5/-નું
કંકુ રુ. 5/-નું	અગરબત્તી પેકેટ–1
અબીલ રુ. 2/-નું	ખારેક 250 ગ્રામ
કાળી દરાખ 50 ગ્રામ	એલચી રુ. 5/-
લવીંગ રુ. 5/-	બદામ રુ. 10/-
પીસ્તા રુ. 10/-	ચારોળી રુ. 5/-
લાલ દરાખ રુ. 5/-	કમળકાંકડી 250 ગ્રામ
અખરોટ 100 ગ્રામ	સફેદ તલ 2.5 કીલો
કાળા તલ 250 ગ્રામ	જવ સવા શેર
કાચો ભાત 250 ગ્રામ	કોપરાની વાટી નંગ–3
હવન પીઠી રુ. 10/-	સરસવ રુ. 5/-
કેસુડાના ફુલ 500 ગ્રામ	સાકર રુ. 10/-
ગોળ સવા શેર	સુકી હળદર સવા શેર
સોપારી આખા 1 શેર	ચુંદડી નંગ–02
ખાંડ 1 શેર	મધની બાટલી નંગ–01

કપુરની ગોટી નંગ–02	આગંધ રુ. 10/-
અત્તરની શીશી નંગ–01	દશાવંશ ધુપ રુ. 5/-
સુખડના છોડા 200 ગ્રામ	કોપડુ લોસન રુ. 5/-
જનોઈ બંડલ નંગ–06	ગુગળ રુ. 5/-
કાજુ 1 શેર	ઘઉં 5 શેર
ચોખા 3 શેર	મગની દાળ સવા શેર
ચણાની દાળ સવા શેર	અડદની દાળ સવા શેર
મરી લાલ સવા શેર	ચણા સવા શેર
સાતધાન ખીચડો 1 કીલો	લાપસી 1 કીલો
તુવેરની દાળ 1 કીલો	હવનનું ઘી 2 કીલો
દીવાનું ઘી અડધો શેર	દહીં સવા કીલો
ખાંડ 1 કીલો	શેરડી નંગ–05
કેળા 1 ડઝન	જમરુખ નંગ–03
દાડમ નંગ–03	નારંગી નંગ–03
મોસંબી નંગ–03	સફરજન નંગ–03
ચીકુ નંગ–03	ભુરુ કોળું નંગ–01
બીજોરુ નંગ–01	સફેદ કાપડ સવા મીટર
લાલ કકડો સવા મીટર	કોડીયા માટીના નંગ–06

તાપીનું પાણી	ગાયનું છાણ
લાકડા સવા મણ	છાણા–12
કપુરી પાન નંગ–12	ચેવલી પાન નંગ–15
પકવાન 500 ગ્રામ	પાંચ મીઠાઈ 500 ગ્રામ
બરફી 500 ગ્રામ	વરીયાળી દાણા 1 કીલો
સીંગદાણા 1 કીલો	રવો દોઢ કીલો
ઘી 1 કીલો	ઈંટ–75 નંગ
શાકભાજી	જટા મોટી–02
રેતી બે તગારા	હારના દડા નંગ–02
હાર નંગ–07	તાવાનો છડો–01
દડીયા નંગ–06	કાંસાની થાળી નંગ–01
તરભાણું નંગ–01	વાડકી નંગ–06
ચમચી 4+6=10 નંગ	બદામ/ કાજુ/ ચારોળી ત્રણેય રુપીયા 15નું
લોટા નંગ–06	
છુટા ફુલ, તુલસી, દરોઈ, બીલીપત્ર, પંચપલ્લવ, સમીધ	

અનુક્રમણીકા

કુટુમ્બ પ્રથામાં સુધારો એ જ ઉપાય

અનુક્રમણીકા

શ્રી. સુર્યકાન્ત શાહના ‘આપણો માંદો સમાજ’ પુસ્તકની ત્રીજી આવૃત્તી, ‘સત્યશોધક સભા’ પ્રગટ કરી રહી છે એ દર્શાવે છે કે સમાજ જાગૃતીનું કાર્ય સંસ્થા અસરકારક રીતે કરી રહી છે.

આપણી કુટુમ્બ વ્યવસ્થા એવી કે ઘરનો બધો બોજ વેઠવાનું કામ સ્ત્રીને માથે જ આવે. બાળકોને પેદા કરવાના, પુરુષને સાચવવાનો, એનાં મા–બાપ અને ભાઈ–બહેનોને સાચવવાના એટલે કે પરણવાનું એકને પરન્તુ સાચવવાના અનેકને! તે બધાં એવાં કે જેમનું માનસ સ્ત્રી વીરોધી, ઉપરથી એમની ઉપકારની ભાવના. છોકરાં મોટા થાય એટલે પરણાવવાની જવાબદારી પણ સ્ત્રીની વધારે. ટુંકમાં ભારતીય કુટુમ્બ વ્યવસ્થામાં સ્ત્રી ચારે બાજુથી ઘેરાએલી છે. ગામડામાં તો સવારથી સાંજ ઢસરડા

જ કરતી હોય. શહેરમાં એ ફેશનેબલ દેખાય; પણ નોકરી કરવા જાય ત્યાં પણ વેઠવાનું ઘણું. પુરુષ ઘરે આવીને આરામ શોધે; પણ સ્ત્રીએ ઘરે આવીને રાંધવાનું અને વાસણકુસણ કરવાનાં.

આ સન્દર્ભમાં સ્ત્રીઓ સતત માનસીક તાણ, તનાવ અને તકલીફ અનુભવે. એમાંથી કંઈ રસ્તો શોધવા, રાહત અનુભવવા એ ધાર્મીક આખ્યાનો અને મહારાજ–મહંતો પાસે જાય; પરન્તુ ત્યાં પણ શોષણ કરવામાં એને કોઈ છોડતું નથી, જેના પર આ પુસ્તીકા પ્રકાશ પાડે છે. ભોગ બનેલ સ્ત્રીઓએ પોતાની કથની એમાં ઠાલવી છે. એ પ્રગટ એટલા માટે થાય છે કે આ કોઈ એકલ દોકલ કેસ નથી પણ સમાજમાં ચારેકોર પ્રતીદીન આ બની રહ્યું છે. જે આપણી શરમ છે.

સમગ્ર સામાજીક માળખું સ્ત્રી વીરોધી વીચારોને આધારે ચાલે છે, જેને તોડીફોડી નાંખી સમાનતાને આધારે એક નવો ઢાંચો બનાવવો પડશે,

જેમાં કોઈ કોઈનાથી ચઢીયાતું ન હોય, કોઈનું શોષણ કરતું નહીં હોય, સુખ કે દુઃખ સમાનતાને ધોરણે વહેંચાતા હોય. સ્ત્રી શોષણનાં કીસ્સાઓ ભારતના માંદલા સમાજનું પ્રતીબીમ્બ છે.

'સત્યશોધક સભા' ઈચ્છે છે કે ભારતીય કુટુમ્બ વ્યવસ્થાને જડમુળથી બદલીએ, કુટુમ્બમાં લોકશાહી ભાવના લાવવાની છે. કુટુમ્બમાં પુખ્તવયના સૌને સ્વતન્ત્રતા, મુક્તી અને પોતાની ઈચ્છા પ્રમાણે જીવવાની છુટ મળવી જોઈએ.

'આપણો માંદો સમાજ' પુસ્તક એ તરફ વધુ ડગ માંડે એ માટેનું વાતાવરણ પેદા કરે, સ્ત્રીઓ સશક્ત થાય અને કોઈના પણ શોષણનો ભોગ ન બને એ માટે જાગૃત થાય એ જ 'સત્યશોધક સભા'નો મુખ્ય હેતુ છે. ચાલો એ દીશા તરફ ડગ માંડીએ

–બાબુભાઈ દેસાઈ



અમારાં પ્રકાશનો

અનુક્રમણીકા

નવી દૃષ્ટી, નવા વીચાર, નવું ચીન્તન માણવા ઈચ્છતા વાચક બીરાદરો માટે 'મણી મારુ પ્રકાશને' ઈ.બુક્સનું પ્રકાશન કરવાનું કાર્ય ઉપાડી લીધું છે. અમારું પ્રત્યેક પ્રકાશન માત્ર સદ્વીચારોના પ્રસાર માટે વાચકમીત્રોને ની:શુલ્ક મળે છે. અમે 12 માર્ચ, 2020 સુધીમાં નીચે મુજબની 35 ઈ.બુક્સનું પ્રકાશન કર્યું છે.

1.	પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ના 25 લેખોની 'અભીવ્યક્તી' 'ઈ.બુક' – 01 (પાનાં : 113; મુલ્ય : મફત)
2.	શ્રી. દીનેશ પાંચાલના 25 લેખોની 'અભીવ્યક્તી' 'ઈ.બુક' – 02 (પાનાં : 108; મુલ્ય : મફત)
3.	શ્રી. મુરજી ગડાના 25 લેખોની 'અભીવ્યક્તી' 'ઈ.બુક' – 03 (પાનાં : 127; મુલ્ય : મફત)
4.	પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ના ચીન્તનાત્મક 37 લેખોની 'ઈ.બુક' – 'વીવેક–વલ્લભ' (પાનાં : 190;

	મુલ્ય : મફ્ત)
5.	પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ના ચીન્તનાત્મક લેખોમાંથી 206 રૅશનલમુદ્દાઓ તારવી કાઢીને તૈયાર કરેલ ‘વીવેકવીજય’ ગ્રંથની ‘ઈ.બુક’ (પાનાં : 131; મુલ્ય : મફ્ત)
6.	શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ‘ઈ.બુક’ ‘આનન્દની ખોજ’ (પાનાં : 53; મુલ્ય : મફ્ત)
7.	શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ‘ઈ.બુક’ ‘ટીન–એજ’માં બોયફ્રેન્ડથી સાવધાન’ (પાનાં : 51; મુલ્ય : મફ્ત)
8.	શ્રી. રોહીત શાહના 25 લેખોની ‘અભીવ્યક્તી’ ઈ.બુક – 04 ‘અધ્યાત્મના આટાપાટા’ (પાનાં: 111; મુલ્ય : મફ્ત)
9.	શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ‘ઈ.બુક’ ‘આનન્દનું આકાશ’ (પાનાં : 116; મુલ્ય : મફ્ત)
10.	પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ની આત્મકથાની ‘ઈ.બુક’ ‘આત્મઝરમર’ (પાનાં : 257; મુલ્ય : મફ્ત)
11.	આર્યસમાજી અને લેખક શ્રી. નાથુભાઈ ડોડીયાની ‘ઈ.બુક’ ‘દુઃખનીવારણના ભ્રામક ઉપાયો’ (પાનાં : 26; મુલ્ય : મફ્ત)

12.	શ્રી. એન. વી. ચાવડાના 14 લેખોની ‘અભીવ્યક્તી’ ‘ઈ.બુક’ – 05 ‘ચાર્વાક દર્શન’ (પાનાં : 96; મુલ્ય : મફ્ત)
13.	શ્રી. દીનેશ પાંચાલના 20 લેખોની ‘અભીવ્યક્તી’ – ‘ઈ.બુક’ – 06 ‘સત્યસન્દુક’ (પાનાં : 110)
14.	શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ‘ઈ.બુક’ ‘સમ્બન્ધમીમાંસા’ (પાનાં : 83; મુલ્ય : મફ્ત)
15.	શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ‘ઈ.બુક’ ‘જીન્દગી કઈ રીતે જીવશો?’ (પાનાં : 75; મુલ્ય : મફ્ત)
16	શ્રી. વલ્લભ ઈટાલીયાના 10 લેખોની ‘અભીવ્યક્તી’ – ‘ઈ.બુક’ – 07 ‘વીચારયાત્રા’ (પાનાં : 84; મુલ્ય : મફ્ત)
17	નીવૃત્ત પ્રશાસક અને લેખક શ્રી. બી. એમ. દવેના લેખોની ‘અભીવ્યક્તી’ – ‘ઈ.બુક’ – 08 ‘ભ્રમ ભાંગ્યા પછી...’ (પાનાં : 90; મુલ્ય : મફ્ત)
18	સુશ્રી. કામીની સંઘવીના 11 લેખોની ‘અભીવ્યક્તી’ ‘ઈ.બુક’ – 09 ‘કીતની હકીકત, કીતના ફસાના?’ (પાનાં : 72; મુલ્ય : મફ્ત)
19	શ્રી. દીનેશ પાંચાલના 12 લેખોની ‘અભીવ્યક્તી’ ઈ.બુક – 10 ‘રૅશનાલીઝમનો ઘંટનાદ’ (પાનાં : 93;

	મુલ્ય : મફત)
20	શ્રી. દીનેશ પાંચાલના 12 લેખોની ‘અભીવ્યક્તી’ ‘ઈ.બુક’ – 11 ‘રૅશનાલીઝમનો ઘંટનાદ–2’ (પાનાં : 110; મુલ્ય : મફત)
21	શ્રી. દીનેશ પાંચાલના 12 લેખોની ‘અભીવ્યક્તી’ ‘ઈ.બુક’ – 12 ‘રૅશનાલીઝમનો ઘંટનાદ–3’ (પાનાં : 122; મુલ્ય : મફત)
22	શ્રી. રમેશ સવાણીના 14 લેખોની ‘અભીવ્યક્તી’ ‘ઈ.બુક’ – 13 ‘દેતે હૈં ભગવાન કો ધોખા’ (પાનાં : 136; મુલ્ય : મફત)
23	શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ‘ઈ.બુક’ ‘સંતાનોમાં સંસ્કારસીંચન’ (પાનાં : 95; મુલ્ય : મફત)
24	શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ‘ઈ.બુક’ ‘મૃત્યુમીમાંસા’ (પાનાં : 34; મુલ્ય : મફત)
25	શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ‘ઈ.બુક’ ‘જીપ્સીની ડાયરી’–‘એક સૈનીકની નોંધપોથી’ (પાનાં : 112; મુલ્ય : મફત)
26	ડૉ. બી. એ. પરીખના 12 લેખોની ‘અભીવ્યક્તી’ ‘ઈ.બુક’ – 14 ‘મન્ત્ર–યન્ત્ર–તન્ત્રનું અવીજ્ઞાન’ (પાનાં : 101; મુલ્ય : મફત)

27	'અંગદાન' અંગેના 11 લેખોની 'અભીવ્યક્તી' 'ઈ.બુક' – 15 'અંગદાનથી નવજીવન' (પાનાં : 102; મુલ્ય : મફત)
28	શ્રી વીક્રમ દલાલના 10 લેખોની 'અભીવ્યક્તી' 'ઈ.બુક' – 16 'રૅશનાલીસ્ટની દૃષ્ટીએ ગીતાનો સંદેશ' (પાનાં : 81; મુ: મફત)
29	શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ડાયરી–સંગ્રહનાં 'વીચારમોતી'ની 'ઈ.બુક' 'શાણપણનાં મોતી' (પાનાં : 104; મુલ્ય : મફત)
30	સુશ્રી. રચના નાગરીક સમ્પાદીત અને પ્રા. રમણ પાઠકના 19 'વીચારલેખોની 'અભીવ્યક્તી' 'ઈ.બુક' – 17 'આચારી સબ જગ મીલા' (પાનાં : 165; મુલ્ય : મફત)
31	સુશ્રી. રચના નાગરીકના 07 કંઠીમુક્ત વીચારલેખોની 'અભીવ્યક્તી' 'ઈ.બુક' – 18 'બૈઠ પથ્થર કી નાવ' (પાનાં : 167; મુલ્ય : મફત)
32	પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ના 12 લેખોની 'અભીવ્યક્તી' 'ઈ.બુક' – 19 'સ્વર્ગ ધરતી પર છે' (પાનાં : 170; મુલ્ય : મફત)

33	લેખક શ્રી. દીનેશ પાંચાલે સુપ્રસીદ્ધ અભીનેતા અને રેશનાલીસ્ટ નરેન્દ્ર મસરાણીનો લીધેલ ઈન્ટરવ્યુની ‘ઈ.બુક’ ‘અભીનેતા નરેન્દ્ર મસરાણી’ (પાનાં : 89; મુલ્ય : મફત)
34	પ્રા. સુર્યકાન્ત શાહના 11 લેખોની ‘અભીવ્યક્તી’ ‘ઈ.બુક’ – 20 ‘આપણો માંદો સમાજ’ (પાનાં : 210; મુલ્ય : મફત)
35	‘વાસ્તુશાસ્ત્ર અને ફેંગશુઈ’ અંગેના 13 લેખોની ‘અભીવ્યક્તી’ ‘ઈ.બુક’ – 21 ‘વાસ્તુશાસ્ત્ર : વીજ્ઞાન કે અવીજ્ઞાન’ (પાનાં : 110; મુલ્ય : મફત)

મણી મારુ

●‘ઈ.બુક’ પ્રકાશક●

405, સરગમ એપાર્ટમેન્ટ, નવસારી કૃષી યુનીવર્સીટી સામે,

વીજલપોર. નવસારી. પોસ્ટ : એરુ એ. સી. – 396 450

સેલફોન : 9537 88 00 66

ઈ.મેઈલ : govindmaru@gmail.com



અનુક્રમણીકા

લેખક પરિચય
શ્રી સૂર્યકાન્ત શાહ



ઈ.સ. ૨૦૦૧માં ૬૨ વર્ષની વયે સુરતની સર કે. પી. કોલેજ ઑફ કોમર્સમાં ૩૯ વર્ષની અધ્યાપક તરીકેની સેવા આપ્યા બાદ નિવૃત્ત થયેલ શ્રી સૂર્યકાન્ત શાહ આજે પણ અનેકવિધ પ્રવૃત્તિઓમાં સક્રીય રહી વૃદ્ધાવસ્થાના આગમનને અટકાવી રહયા છે. સમગ્ર જીવનકાળ એમણે સુરતમાં વીતાવ્યો છે છતાં સાઉથ ગુજરાત કૉલેજ એન્ડ યુનિવર્સિટી ટીચર્સ એસોસીએશનના ત્રીસ વર્ષ પ્રમુખ રહેવાને કારણે રાષ્ટ્રીય અધ્યાપક મહામંડળની કારોબારીના સભ્ય અને પદાધિકારી રહી ચૂકયા હતા. પરિણામે તેઓ દેશના ખૂણે ખૂણા ફરી વળ્યા છે. જૂનું રશિયા, પૂર્વ જર્મની, ઝેકોસ્લોવેકિયા, ઈંગ્લેન્ડ, અમેરિકા, ફ્રાંસ, ઈટાલી, સ્વિટ્ઝરલેંન્ડ અને નેધરલેન્ડની મુસાફરી કરી છે. સત્તાવીશ વર્ષ સુધી દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સેનેટ, સિન્ડિકેટ, એકેડેમિક કાઉન્સિલ અને અનેક અધિકાર–મંડળોમાં સેવા આપી છે. દાયકાઓથી ઘોડદોડ રોડ, સુરત મુકામે આવેલી શ્રેયસ હાઈસ્કુલનું તેમ જ શ્રી શંભુદયાળ ફત્તેચંદ અગ્રવાલ ટ્રસ્ટનું સંચાલન કરે છે. વાણિજય સંચાલન વિષયના યુનિવર્સિટી તેમજ ધો. ૧૦–૧૧ અને ૧૨ ના અભ્યાસક્રમોના પુસ્તકો લખ્યાં છે. અધ્યાપકોની પ્રકાશન સહકારી મંડળી, ગુજરાત રાજય પાઠય પુસ્તક મંડળ અને યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડના ઉપક્રમે અનેક પુસ્તકોના લેખક, સહલેખક અને સંપાદક તરીકે લેખનકાર્ય કર્યું છે. અર્થશાસ્ત્ર અને સમાજને સ્પર્શતા મુદ્દાઓ પર અખબારો, સામાયિકો અને અન્ય પ્રકાશનોમાં સંખ્યાબંધ લેખો અને ચર્ચાપત્રો લખતા રહયા છે. ઉપરાંત, 'સ્વાસ્થ્ય અને શિક્ષણ' 'સમાજની સંકુલતા અને શિક્ષણ' પર એમની પુસ્તિકાઓ પણ પ્રકાશિત થઈ છે. સત્યશોધક સભા, સુરતના ઉપપ્રમુખ છે. સુરતના સાહિત્ય સંકુલ તરફથી એમના 'વાત બધી આમ બની...!' પુસ્તકનું પ્રકાશન થયું છે જે વાસ્તવમાં સુરત અને દક્ષિણ ગુજરાતના શિક્ષણ જગતનું એકસ–રે બન્યું છે. 'ચેનલ સુરત' પર છેલ્લા વીસ વર્ષથી 'શિક્ષણના પ્રવાહો' પર મીમાંસા કરે છે. એમણે 'શેકલાં બીજના વાવેતર' નવલકથા લખી છે. એમના એમ. ડી. થયેલા બન્ને પુત્રો પૈકી પરિંદ અમેરિકામાં વ્યવસાય કરે છે અને દિગંતની સુરતમાં બાળકોની 'વાત્સલ્ય' નામની હોસ્પિટલ છે. એમની પત્ની દીપિકા માધ્યમિક શાળાના આચાર્ય પદેથી દીર્ઘસેવા આપી નિવૃત્ત થયા છે.

અનુક્રમણીકા